

ખૈબર પખ્તુનખ્વા-બલુચિસ્તાન પ્રાંતમાં ઓપરેશન : 18 આતંકવાદી ઠાર મરાયા

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 09 OCTOBER 2026 Vol. 24, No. 39 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### પોતાના દેશના નાગરિકો માટે નોકરીઓ સુરક્ષિત કરવા અમેરિકા દ્વારા H-1B વિઝા-રોજગાર નિયમો અંગે કડક કાર્યવાહી

# ગ્રીન કાર્ડ પોગ્રામમાંથી ભારતીય કંપનીઓ સસ્પેન્ડ

## TCS, ઇન્ફોસિસ, વિપ્રો, HCL, કોગ્નિઝન્ટ, માઇક્રોસોફ્ટ, એડોબ, કેપજેમિની સહિતની કંપનીઓ પર પ્રતિબંધ લગાવી દેવાયો

**વોશિંગ્ટન**

અમેરિકન સરકારે પોતાના દેશના નાગરિકો માટે નોકરીઓ સુરક્ષિત કરવાના હેતુથી H-1B વિઝા અને રોજગાર નિયમો પર અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી હાથ ધરી છે. અમેરિકાએ ભારતની અગ્રણી આઈટી કંપનીઓ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS), ઈન્ફોસિસ, વિપ્રો, HCL, કોગ્નિઝન્ટ તેમજ ગ્લોબલ દિગ્ગજ માઇક્રોસોફ્ટ, એડોબ અને કેપજેમિની માટે ગ્રીન કાર્ડ સ્પોન્સર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દીધો છે. આ કંપનીઓને હવે 'પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામ' (PERM) હેઠળ નવી અરજીઓ કરવા કે પેન્ડિંગ અરજીઓ આગળ વધારવા પર રોક લગાવી દેવામાં આવી છે, જે કુશળ વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ અપાવવાનું મુખ્ય માધ્યમ માનવામાં આવે છે.

## ભારતીય ટેક પ્રોફેશનલ્સ અને કંપનીઓ પર ગંભીર અસર

આ પ્રતિબંધથી ભારતીય આઈટી સેક્ટર અને ત્યાં કામ કરતા હજારો પ્રોફેશનલ્સ માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. જોકે આ નિર્ણયથી વર્તમાન H-1B વિઝા સીધા રદ નથી થતા, પરંતુ કામચલાઉ વિઝા પરથી કાયમી રહેઠાણ (ગ્રીન કાર્ડ) મેળવવાનો રસ્તો બંધ થઈ ગયો છે. ખાસ કરીને જે કર્મચારીઓની 6 વર્ષની H-1B વિઝા મર્યાદા પૂરી થવા આવી છે, તેમના માટે અમેરિકામાં વધુ સમય રોકાવું હવે પડકારજનક બનશે. આ કડક આદેશના અહેવાલો બહાર આવતા જ ભારતીય આઈટી કંપનીઓના શેરોમાં શરૂઆતના કારોબારમાં જ મોટો કડાકો જોવા મળ્યો હતો.

### અમેરિકન નાગરિકોને પ્રાથમિકતા

અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે જણાવ્યું હતું કે, અમારો સ્પષ્ટ મેસેજ છે કે, કંપનીઓએ હવે અમેરિકન વર્કર્સને નોકરી આપવી પડશે. વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદ દરમિયાન તેમણે પુષ્ટિ કરી હતી કે પ્રશાસન H-1B અને J-1 વિઝાના માળખામાં મોટા પાયે ફેરફાર કરી રહ્યું છે. વિદેશી કર્મચારીઓ પર વધુ પડતી નિર્ભરતા ઘટાડીને સ્થાનિક રોજગારને વેગ આપવો એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.



### અરજીઓ રદ- ફેડરલ તપાસ શરૂ

શ્રમ સચિવ કીથ સોન્ડરલિંગે જણાવ્યું હતું કે શ્રમ વિભાગ હવે બ્લેકલિસ્ટેડ કંપનીઓ પાસેથી ન તો નવી અરજીઓ સ્વીકારશે કે ન તો અગાઉની પેન્ડિંગ અરજીઓ પ્રોસેસ કરશે. મુખ્ય આઉટસોર્સિંગ કંપનીઓ સામે નિયમોના ઉલ્લંઘન અને ખામીઓનો લાભ લેવાના કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જ્યારે માઇક્રોસોફ્ટ અને એડોબ સામે હાલ ચાલી રહેલી ફેડરલ તપાસના કારણે આ રોક લગાવી છે. ન્યાય વિભાગે અમેરિકન ઉમેદવારોને નજરઅંદાજ કરી વિદેશી કર્મચારીઓની ભરતી કરવાના મામલે ઊંડી તપાસ આદરી છે, જ્યારે હાર્વર્ડ, યેલ, સ્ટેનફોર્ડ અને MIT જેવી 9 પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓને J-1 વિઝાના દુરુપયોગ મુદ્દે સમન્સ પાઠવવામાં આવ્યા છે.

# સાઉદી અરેબિયાના રિયાધ, અભા એરપોર્ટ ઉપર હુતી બળવાખોરોનો હુમલો, 3ના મોત

## ડ્રોન એટેકમાં 36 લોકો ઘાયલ, એરપોર્ટ બંધ કરાતા ફ્લાઇટોને અસર

**રિયાધ**

સાઉદી અરેબિયામાં ફરી એક વાર હુતી બળવાખોરોએ હુમલા તેજ કર્યા છે. જેમાં હુતી બળવાખોરોએ રિયાધ અને અભા એરપોર્ટ પર બેલિસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ હુમલામાં 3 લોકોના મોત જ્યારે 36 લોકો ઘાયલ થયા હતા. હુમલા બાદ વિસ્ફોટનો અવાજ પણ સંભળાયો હતો અને વિમાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. હાલમાં રિયાધ એરપોર્ટને બંધ કરવામાં આવ્યું છે. જેના લીધે એર ઈન્ડિયા સહિત ભારતની અનેક ફ્લાઈટોને અસર થઈ છે.

હુતી બળવાખોરોએ દાવો કર્યો છે કે તેમણે રિયાધ એરપોર્ટ પર બેલિસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો છે. જેની બાદ એરપોર્ટ પર પાર્ક કરેલા એક વિમાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. આ અહેવાલ મુજબ તે વિમાન ખાલી હતું. આ ઘટના બાદ રિયાધના કિંગ ખાલિદ



ઈન્ટરનેશનલ એરપોર્ટને ફરીથી બંધ કરી દેવામાં આવ્યું હતું. ફ્લાઈટ ટ્રેકિંગ સેવાઓ અનુસાર છેલ્લું વિમાન 80 મિનિટથી વધુ સમય પહેલાં ઉતર્યું હતું, જ્યારે છેલ્લી ફ્લાઈટ 90 મિનિટથી વધુ સમય પહેલાં રવાના થઈ હતી. એરપોર્ટ પર આવતી અને જતી અનેક ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો.

સાઉદી સરકારે આ હુમલા કે એરપોર્ટ પર થયેલી અવ્યવસ્થા અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી.

### 'ઘરમાં રહો, વીડિયો શેર ન કરો', સાઉદીમાં ભારતીયો માટે એડવાઈઝરી

યમનથી સતત હુમલાઓને પગલે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે સાઉદી અરેબિયામાં વસતા ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. તેમને સતર્ક રહેવા, શક્ય હોય તેટલો સમય ઘરમાં રહેવા અને સ્થાનિક અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવા જણાવાયું છે. હાલની ઘટનાઓના વીડિયો કે સમાચાર શેર ન કરવાની પણ સલાહ અપાઈ છે. હુતી વિદ્રોહીઓએ રિયાધ અને દમ્મામ સહિત અનેક સ્થળોને નિશાન બનાવ્યા હતા.

# રશિયાનો યુક્રેનમાં મિસાઈલ અને ડ્રોનથી હુમલો, 25 લોકોના મૃત્યુ

**કિવ**

રશિયા-યુક્રેન યુદ્ધ એક નિર્ણાયક અને ખતરનાક તબક્કે પહોંચી ગયું છે. બંને રાષ્ટ્રો એકબીજા સામે વિનાશક હુમલાઓ કરી રહ્યા છે, જેના કારણે રહેણાંક વિસ્તારો અને ઔદ્યોગિક માળખાગત સુવિધાઓને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ વિનાશક સંઘર્ષ વચ્ચે રશિયાએ ફરી યુક્રેન પર ભારે હુમલો શરૂ કર્યો છે. રશિયન મિસાઈલો અને ડ્રોને કિવ અને લગભગ એક ડઝન અન્ય યુક્રેનિયન સ્થળોને નિશાન બનાવ્યા હતા, જેમાં ચાર બાળકો સહિત ઓછામાં ઓછા 25 નાગરિકો માર્યા ગયા હતા અને લગભગ 60 લોકો ઘાયલ થયા હતા. રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા 4 વર્ષ અને સાત મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. અત્યારે સ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. રશિયાએ યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. રશિયન ફાઈટર જેટે યુક્રેનના અનેક શહેરો પર ભારે તબાહી મચાવી છે. જોકે, એક દિવસ પહેલા યુક્રેને મોસ્કો અને તેની આસપાસના વિસ્તારો પર 650 વિસ્ફોટક ડ્રોન છોડ્યા હતા. આ હુમલાને કારણે સમગ્ર વિસ્તારમાં વ્યાપક નુકસાન થયું હતું. આ હુમલામાં મોસ્કોથી લગભગ 40 કિલોમીટર દૂર આવેલા મોસ્કો ઓબ્લાસ્ટમાં એક મુખ્ય ઓઈલ ડેપો નાશ પામ્યો હતો. યુક્રેન દ્વારા કરવામાં આવેલા હુમલાના વિરુદ્ધમાં જવાબ આપતા રશિયાએ યુક્રેન પર મિસાઈલો અને ડ્રોનનો મારો ચલાવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# બ્રહ્માકુમારીઝ દ્વારા મારખમ ખાતે 'પોતાને જાણો અને સશક્ત બનો' કાર્યક્રમ યોજાયો

## 'ડ્રો સિસ્ટમ' દ્વારા સાત જૂથો બનાવી પાંચ શક્તિઓ વિશે ચર્ચા કરાઈ







**મારખમ**

બ્રહ્માકુમારીઝ દ્વારા ૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મારખમના 'આનીન રિક્રિએશન સેન્ટર' ખાતે "પોતાને જાણો અને સશક્ત બનો" વિષય ઉપર બે કલાકનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ૭૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સ્વાગત અને બ્રહ્માકુમારીઝ સંસ્થાના પરિચય સાથે કરવામાં આવી હતી. દરેક આત્મામાં જ્ઞાન, શક્તિ, પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ અને પ્રેમ જેવા સાત મૂળભૂત ગુણો તેમજ સાત શક્તિઓ હોય છે. આ મૂળભૂત ગુણો આત્માના તમામ સદ્ગુણો અને શક્તિઓનો સ્ત્રોત છે.

સહયોગ કરવાની શક્તિ, સહન કરવાની શક્તિ, સમાવી લેવાની શક્તિ, સમેટી લેવાની શક્તિ અને નિર્ણય કરવાની શક્તિ - આ પાંચ શક્તિઓ પર ચર્ચા કરવા માટે 'ડ્રો સિસ્ટમ' દ્વારા સાત જૂથો બનાવવામાં આવ્યા હતા. આ જૂથોએ ૨૦ મિનિટ સુધી ચર્ચા કરી અને વક્તાઓ સમક્ષ એક-એક પ્રશ્ન રજૂ કર્યો હતો.

મુખ્ય વક્તા તરીકે ટોરોન્ટો બીકે (BK) સેન્ટરના ડાયરેક્ટર સિસ્ટર સાવી ઉપસ્થિત હતા, જેઓ છેલ્લા ૫૦ વર્ષથી પરિવાર અને નોકરીની જવાબદારીઓ નિભાવવા સાથે રાજયોગ ધ્યાનનો અભ્યાસ કરી રહ્યા છે. ત્યારબાદ, જૂથો તરફથી પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ મુખ્ય વક્તા અને ટોરોન્ટો તથા સ્કારબરો સેન્ટરના અન્ય બીકે શિક્ષકો દ્વારા આપવામાં આવ્યા હતા. અંતે, વીડિયોના માધ્યમથી ૨૦ મિનિટ માટે રાજયોગ ધ્યાનનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમના સમાપન સમયે, દરેકને આશીર્વાદ કાર્ડ અને પ્રસાદ આપવામાં આવ્યા હતા. જેમને સાત દિવસીય રાજયોગ કોર્સ કરવો હતો તેમણે પોતાના નામ નોંધાવ્યા હતા. કાર્યક્રમનું સમાપન સૌનો આભાર માનીને કરવામાં આવ્યું હતું, જેમાં ખાસ કરીને કાર્યક્રમના વક્તાઓ અને સહાયક ટીમનો આભાર માનવામાં આવ્યો હતો.

# કેનેડિયન અભિનેતા સિમુ લિયુએ ફ્રાન્સમાં એલિસન હસુ સાથે કર્યા લગ્ન

## 'પીપલ' મેગેઝિનનો ખુલાસો, લિયુએ 2022ના અંતમાં હસુને ડેટ કરવાનું શરૂ કર્યું હતું

**ઓન્ટેરિયો**

અમેરિકાના વિવિધ અહેવાલો મુજબ કેનેડિયન અભિનેતા સિમુ લિયુએ સપ્તાહના અંતે તેમની લાંબા સમયની ગર્લફ્રેન્ડ એલિસન હસુ સાથે લગ્ન કર્યા છે. 'શાંગ-ચી એન્ડ ધ લિજેન્ડ ઓફ ધ ટેન રિંગ્સ'ના સ્ટાર અને તેમની મંગેતર હસુએ ફ્રાન્સમાં લગ્ન કર્યા હોવાનું 'પીપલ' મેગેઝિને જણાવ્યું છે. લગ્નના સમાચાર સૌપ્રથમ TMZ દ્વારા આપવામાં આવ્યા હતા.

લિયુએ ૨૦૨૨ના અંતમાં હસુને ડેટ કરવાનું શરૂ કર્યું હતું અને લોસ એન્જલસમાં 'વાયોલન્ટ નાઈટ'ના પ્રીમિયર વખતે હોલિડે સ્વેટર પહેરીને



તેઓએ રેડ કાર્પેટ પર સાથે પ્રવેશ કર્યો હતો. ઓગસ્ટ ૨૦૨૩માં લિયુએ ઈન્સ્ટાગ્રામ પર હસુને જન્મદિવસની શુભેચ્છા આપતા લખ્યું હતું, "તે યુવતીને જન્મદિવસની શુભેચ્છા, જે ખરેખર બધું જ કરી જાણે છે. સંગીત પ્રત્યેનો તેનો જુસ્સો મને પ્રેરણા આપે છે, તે મને વ્યસ્ત અને અસ્તવ્યસ્ત સમયપત્રકને સહજતાથી સંભાળતા શીખવે છે અને તેના જીવનમાં દરેક વ્યક્તિની તે જે રીતે સંભાળ રાખે છે તે મને સ્પર્શી જાય છે.

સૌથી મહત્વની વાત એ છે કે, તે મને બતાવે છે કે આપણે જેને પ્રેમ કરીએ છીએ તેમના માટે હંમેશા લડવું યોગ્ય છે. "














# ગુજરાતી સિનિયર સમાજ મિસીસાગાની બેઠક : રાસ -ગરબાની ધૂમ

## મોવડી મંડળની ચૂંટણી અંગે સમજ અપાઈ, સભ્યોના જન્મદિનની ઉત્સાહભેર ઉજવણી, આરતી બાદ માતાજી સમક્ષ સર્વના મંગલ માટે પ્રાર્થના

**મિસીસાગા**

ગુજરાતી સિનિયર સમાજ મિસીસાગાની ઑક્ટોબર માસની બેઠક સ્ટીફન લેવિસ સેકન્ડરી સ્કૂલના હોલમાં મળી હતી. જેમાં ૩૨૫ જેટલા સભ્યોએ હાજરી આપી હતી. બેઠકને સફળ બનાવવા સમાજના મોવડી મંડળના સભ્યો બે-ત્રણ દિવસ અગાઉથી જ આયોજન અને ગોઠવણ એકબીજાના સંકલન અને સંપર્ક દ્વારા કરી દેતા હોય છે. બેઠક માટે હાજર રહેનાર અને ભોજન કરનારના પ્રત્યુત્તરની નોંધ રમણીક શાહ અને ટીમ દ્વારા કાળજીપૂર્વક કરવામાં આવી હતી.

બપોરના બે વાગ્યે ઈલાબેન શાહ દ્વારા પ્રાર્થના ગાઈને બેઠકની શરૂઆત થઈ હતી. જે બાદ સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોધિયાએ સમગ્ર કાર્યક્રમ અંગે હાજર સભ્યોને જાણકારી આપી સૌને આવકાર્યા હતા. ત્યારબાદ તેમણે સમાજના મોવડી મંડળની આગામી ચૂંટણી અંગેની જવાબદારી સંભાળતી સમિતિને સ્ટેજ પર ઉપસ્થિત રહી કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.




ચૂંટણી સમિતિના સભ્યો દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ચૂંટણીમાં પોતાની ઉમેદવારી કરનાર તમામને વારાફરતી પોતાની અપીલ રજૂ કરવા તક આપવામાં આવી હતી. ૧૨ ઉમેદવારોની રજૂઆત બાદ ચૂંટણી સમિતિ દ્વારા તારીખવાર મત આપવા અંગેની સૂચના આપવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થયા બાદ ઑક્ટોબર માસમાં જન્મેલા તમામ સભ્યોને સ્ટેજ પર આમંત્રિત કરી અભિનંદન આપી શુભેચ્છા ગીત રજૂ કરવામાં આવ્યું હતુ.અને સમાજ દ્વારા તૈયાર કરાયેલુ ખાસ શુભેચ્છા કાર્ડ સમાજના ભૂતપૂર્વ પ્રમુખ કલાબેન પટેલના શુભ હસ્તે તમામને સુપ્રત કરવામાં આવ્યા હતા.

બાદમાં ચા-કોફી અને બિસ્કિટનો વિરામ જાહેર કરાયો હતો. મિત્રમંડળ સાથે ગોષ્ઠિ કરતા કરતા સૌએ ચા-કોફી અને બિસ્કિટની મજા પણ માણી હતી.

કેટલાકે આ સમયમાં પણ ચૂંટણીના ઉમેદવારો સાથે ચર્ચા કરી પોતાના પ્રશ્નોના જવાબ મેળવ્યા હતા.

ચા-કોફી વિરામનો સમય પૂરો થતાં અગાઉથી નક્કી થયા મુજબ નવરાત્રી ઉત્સવ નજીક હોય, રાસ-ગરબા કરી માતાજીની આરાધના કરી સર્વમંગલ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના સભ્ય અનસુયાબેન મહેતા અને તેમના સહયોગી નરેશભાઈએ પરંપરાગત ગુજરાતી રાસ-ગરબાના ગીતો ગાયા હતા. સૌએ ખૂબ ઉત્સાહથી રાસ-ગરબાની તથા અંતે માતાજીની આરતી કરી મજા માણી હતી. અંતે પ્રાર્થના થયા પછી સ્વયંસેવકોએ સૌને આમંત્રણ આપી પ્રીતિ ભોજનના કાર્યક્રમને પાર પાડ્યો હતો. બેઠકની તમામ કામગીરી પૂર્ણ થતાં બધા જ ઉત્સાહી સ્વયંસેવકો સહિત સૌનો આભાર માની સૌ ફરી દિવાળીના સમાજના કાર્યક્રમમાં મળવાના કોલ સાથે છૂટા પડ્યા હતા.

# કેનેડિયન લેખિકા એન કાર્સનને 2026નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો

**ટોરોન્ટો**

કેનેડિયન કવયિત્રી અને લેખિકા એન કાર્સનને 2026નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે. સ્વીડિશ એકેડેમીએ 8 ઑક્ટોબરે આ જાહેરાત કરી હતી. તેમના સાહસિક અને સંશોધનાત્મક કાર્ય, જે શાસ્ત્રીય પરંપરાઓ સાથે રમતિયાળ સંવાદ સાધીને સમકાલીન સાહિત્યને નવું સ્વરૂપ આપે છે, તે બદલ તેમને આ સન્માન મળ્યું છે. કાર્સનનો જન્મ 1950માં ટોરોન્ટોમાં થયો હતો અને તેમણે પ્રાચીન ગ્રીક સાહિત્યમાં પીએચડી કર્યું છે.

8 ઑક્ટોબરના રોજ સ્વીડિશ એકેડેમીએ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે એન કાર્સન(Anne Carson)ના નામની જાહેરાત કરી હતી. સમિતિના જણાવ્યા અનુસાર, કાર્સનને આ પુરસ્કાર તેમના સાહસિક અને સંશોધનાત્મક કાર્ય માટે આપવામાં આવ્યો છે, જેણે શાસ્ત્રીય પરંપરાઓ સાથે રમતિયાળ સંવાદ સાધીને સમકાલીન સાહિત્ય માટે એક નવું સ્વરૂપ અને પરિમાણ ઊભું કર્યું છે. એન કાર્સનનો જન્મ 1950માં કેનેડાના ટોરોન્ટો શહેરમાં થયો હતો. કાર્સનને ક્યારેય પરંપરાગત સાહિત્યિક સીમાઓમાં બાંધવામાં રસ ન હતો. તેમના મતે કવિતા એક નિબંધ બની શકે છે અને પ્રાચીન દંતકથા સમકાલીન પ્રેમકથા બની શકે છે.

નોબેલ સમિતિએ તેમના કાર્યની વિશેષ નોંધ લેતા કહ્યું છે કે, કાર્સનનું લગભગ તમામ સાહિત્યિક કાર્ય એક ભાષાશાસ્ત્રીના શબ્દો પ્રત્યેના જુસ્સા અને કવિના નવા અર્થો શોધવાના પ્રયાસના સંયોજન પર કેન્દ્રિત છે.






તંત્રી સ્થાનેથી

# ફ્રાન્સ બાદ ભારતમાં જેન ઝી ક્રાંતિના એંધાણ, વોટચોરી મુદ્દે CJP મેદાનમાં


તંત્રી - સ્વદેશ

ફ્રાન્સમાં મૈંકો સરકાર દેવું ઓછું કરવા માટે શિક્ષણ ખર્ચમાં કાપ મુકતા લગભગ 500થી વધુ શાળા-કોલેજો બંધ થવાની સ્થિતિ છે. જેને કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓએ આકરા પાણીએ થઈ હિંસક આંદોલનનો માર્ગ અપનાવતા સરકારની મુશ્કેલી વધી છે. મોટા મોટા શહેરોમાં વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ તથા સામાન્ય લોકો દ્વારા પણ વ્યાપક વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. શુક્રવારે અનેક સ્કુલોમાં અને કોલેજોમાં તોડફોડ કરવામાં આવી, આગચંપી કરવામાં આવી અને ફાયરબ્રિગેડના વાહનોને પણ આગને હવાલે કરી દેવાયા. જેને પગલે ૪૪૦થી વધુ લોકોની અટકાયત કરાઈ હતી. જેમાં મોટા ભાગના સગીરો હતા. બીજી તરફ ડઝનબંધ સુરક્ષાકર્મીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.

રાષ્ટ્રીય ખર્ચ અંગે સંસદમાં ચર્ચા શરૂ થાય તે પહેલાં જ મચેલા તોફાનમાં ફાયર બ્રિગેડના વાહનો સળગાવી દેવાતા, શાળાના વહીવટકર્તાઓને નિશાન બનાવવામાં આવ્યા અને પથ્થરમારાના કારણે કટોકટી સેવાઓને પીછેહઠ કરવી પડતા ફ્રાન્સનું રાજકીય નેતૃત્વ રસ્તાઓ પર ફરીથી નિયંત્રણ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. જાણકારોના મતે, આ આંદોલને શરૂઆતમાં પેરિસની આસપાસના શ્રમજીવી ઉપનગરો (બાનલિયુ)માં જોર પકડયું હતું, જે બાદમાં લીલ, લિયોન, નાંતેસ, માર્સેલી, બોર્ડેક્સ, રેન્સ, તુલોઝ અને સ્ટ્રાસબર્ગ સહિતના મોટા પ્રાદેશિક મેટ્રોપોલિટન કેન્દ્રોમાં ફેલાઈ ગયું હતું.

હવે ફ્રાન્સ જેવી સ્થિતિ ભારતમાં થવાના અણસારો છે. જો કે, અહીં વોટચોરીનો મુદ્દો સળગી રહ્યો છે. ખાસ કરીને રાહુલ ગાંધીના ગંભીર આરોપો બાદ હાલ ચૂંટણી પંચના જ મુખ્ય કમિશનરે તેના બે સાથીદારોના વાંધાઓની સતત અગણના કર્યાનો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ વિવાદ ભડક્યો છે. વિપક્ષના આંદોલન સાથે કોકરોચ જનતા પાર્ટીએ પણ 10મી ઓકટોબરથી દિલ્હીમાં વ્યાપક આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારતા મામલો ગરમાઈ ગયો છે. સીજેપીમાં ખાસ કરીને 18થી 32 વર્ષની વયના લાખો યુવાનો જોડાયા છે. બે મહિના પહેલાં આ જ જેનઝી સંગઠને 36 દિવસ આંદોલન ચલાવી મોદી સરકારને ઝુકાવી નીટ પેપર લીક મામલે ધર્મેન્દ્રપ્રધાન પાસે રાજીનામુ લખાવડાવ્યું હતુ. મોદી સરકારને આજે પણ આ બાબતે વસવસો છે. હવે, સીજેપીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના સામે મોરચો માંડી દેતાં સરકાર પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવે તેવી ગણતરી મંડાઈ રહી છે. સંગઠનનું માનવું છે કે, ચૂંટણી પંચ પારદર્શિતા સાથે અને નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું નથી. તેથી અમારે આંદોલનની ફરજ પડી છે.

સીજેપીના પ્રવકતા સૌરભ દાસે બુધવારે સ્પષ્ટ રીતે કહ્યું હતુ કે, આ આંદોલન એક બે દિવસ નહીં પણ લાંબુ ચાલશે. ઘણાં સમયથી ચૂંટણીપંચ કોઈ પક્ષને ફાયદો કરાવવા કામ કરી રહ્યું છે. આ સાથે જ તેમણે કહ્યું કે, માત્ર જ્ઞાનેશ કુમારના રાજીનામાથી કામ ચાલવાનું નથી. ચૂંટણી વ્યવસ્થા જ બદલાવવી છે. હાલની ભ્રષ્ટ વ્યવસ્થાને ચોખ્ખી કરવી પડશે. નહીંતર, ફરી પાછો કોઈ જ્ઞાનેશ કુમાર વોટ અને ચૂંટણી ચોરી કરી લેશે તથા યુવાનો સાથે ઠગાઈ કરશે. તેથી ભારતમાં હાલની ચૂંટણી વ્યવસ્થાને નષ્ટ કરીને નવી પ્રણાલીની સ્થાપના કરવી આવશ્યક છે. દાસે વધુમાં ઉમેર્યું કે, એસઆઈઆર દરમિયાન જે લોકોએ ખોટું કર્યું છે તેની તપાસ કરીને જવાબદારો સામે ક્રિમીનલ ચાર્જિસ લગાડી હેઠળ જોઈએ. સિવીલ સોસાયટીની મદદથી નવો કાયદો બને અને જ્ઞાનેશકુમાર જેવા લોકો ચૂંટણી પંચમાં નહીં ઘૂસે તેવી અમારી માંગ છે.

બીજી તરફ ગુરુવારે બેંગ્લોરમાં સીજેપીના કાર્યક્રમમાં હજારો યુવાનો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન અભિનેતા પ્રકાશ રાજે, અભિજિત દિપકે અને આસુતોષ રાંકાએ ફરી ચૂંટણી પંચ અને સરકાર સામે હુંકાર ભરતા યુવાનોને દિલ્હીના આંદોલનમાં જોડાવવા આહવાન કર્યુ હતુ. આ સમયે કાર્યક્રમમાં જોડાયેલા સોશિયલ મીડિયામાં લાખો દર્શકો ધરાવતા ધ્રુવ રાઠીએ કહ્યું કે, વિદેશ હું અહીં કોઈના પૈસે નહીં, પણ પોતાના પૈસાથી આવ્યો છું. હું માનું છુ કે, ભારતમાં સામાન્ય લોકોના મતાધિકારની ચોરી થઈ રહી છે. મારો આંદોલનમાં જોડાવવાનો ઉદ્દેશ્ય કોઈ રાજકીય પક્ષના ફાયદા કે ગેરફાયદા માટે નથી. પરંતુ ચૂંટણી પંચની સિસ્ટમ સુધારવાનો છે. રાઠીએ ઉમેર્યું કે ચૂંટણી પંચમાં પારદર્શિતા વધે અને જવાબદેહી નક્કી થાય તે અમારી મુખ્ય માંગ છે. એક તરફ યુવાનોના આકરા તેવર અને બીજી બાજુ દિલ્હીમાં રાહુલ ગાંધી અને કોંગી કાર્યકરો તથા વિપક્ષો દ્વારા છેલ્લાં 3 દિવસથી થઈ રહેલા વિરોધ પ્રદર્શનથી માહોલ ગરમાયો છે. છેલ્લાં 3 દિવસમાં રાહુલ અને પ્રિયંકાની અનેકવાર અટકાયત કરાઈ છે. પરંતુ તેઓ છુટીને ફરી તરત જ આંદોલન શરૂ કરી દે છે.

આમ, યુવાનો અને વિપક્ષે વોટચોરી મુદ્દે નિર્ણાયક લડત માટે નિર્ધાર કરી લીધો છે. ખાસ કરીને 10મીના યુવાનોના આંદોલનની જાહેરાતને પગલે સરકાર અને તંત્રમાં ખળભળાટ અને ફફડાટ મચી ગયો છે. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવવા માટે 23,000થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આમ, છતાં પોલીસે ફોડ પાડ્યો હતો કે, જંતર-મંતર પર કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન માટે મંજૂરી આપવામાં આવી નથી. સાથે જ પોલીસે જનતા અને વિરોધ પ્રદર્શન કરનારાઓને કોઈપણ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવાથી દૂર રહેવાની અપીલ કરી હતી. આ ઘટના પહેલીવાર બની છે. કારણ કે આઝાદ ભારતમાં કોઈપણ મુદ્દે શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન એ નાગરિકનો અધિકાર છે. પરંતુ ભારતમાં વર્તમાન સરકાર તેની સામે થતાં વિરોધ પ્રદર્શનોને ખાળવા કોઈ પણ રસ્તો અપનાવી રહી છે. જે બાબતની સાક્ષી છેલ્લો એક દાયકો છે.

પોલીસના આ પ્રકારના વલણથી સીજેપીએ પ્રહારો કરતા કહ્યું હતુ કે, અમારા શાંતિપૂર્ણ આંદોલનને બદનામ કરવા ભાજપ અને તેના સહયોગીઓ પેંતરા રચી રહ્યા છે. અમારા આંદોલનમાં તેમના માણસો મોકલી હુમલા કરાવી સરકાર સિવિલ વોર કરાવવા માંગે છે. અલબત્ત, વોટચોરીને મુદ્દે વિપક્ષ જ નહીં પણ કિસાન સંગઠન, એનજીઓ તથા સીજેપી સહિતના યુવા અને વિદ્યાર્થી સંગઠનોનોએ પણ મેદાનમાં ઉતરવાની તૈયારી કરી છે. એટલું જ નહીં ગુરુવારથી ગભરાયેલી સરકારે ભાજપ શાસિત રાજ્યોમાં પોલીસે સીજેપી કાર્યકરોની અટક શરૂ કરી હતી. હવે નીટ આંદોલન વખતે જે પ્રકારે યુવાનો, દિકરીઓ પર પોલીસ દ્વારા અત્યાચાર ગુજારાયો હતો તે જ રીતે સરકાર વર્તશે તો આંદોલન હિંસક સ્વરૂપ લઈ લે તેવી શક્યતા પણ છે.



manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# જિજ્ઞેશભાઈને ન્યાય આપો...'ના નારા સાથે ધોળકામાં 300થી વધુ લોકોનું શક્તિપ્રદર્શન

## પ્રદૂષણ રેલીના સોગંદથી અકળાઇને ભાજપે ષડયંત્ર રચ્યાનો આવેદનપત્રમાં આક્ષેપ

**વડગામ**

વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના સમર્થનમાં 5 ઓક્ટોબરે ધોળકામાં સર્વ સમાજના 300થી વધુ લોકોનું શક્તિપ્રદર્શન યોજાયું હતું. ભેટાવાડા, ત્રાસદ, પાલડી, અંબારેલી અને નેસડા સહિતના લોકોએ ધોળકા સેવાસદન પહોંચી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. લોકોનો આક્ષેપ છે કે 24 સપ્ટેમ્બરે પ્રદૂષણ મુદ્દે રેલીમાં ભાજપ વિરુદ્ધ સોગંદ લેવાયા



બાદ અકળાયેલા ભાજપે મેવાણીને બદનામ કરવાનું રાજકીય ષડયંત્ર રચ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે યાકુબ શેરસીયા અને અરુણા પરમાર દ્વારા કરાયેલા આક્ષેપો ખોટા છે. યાકુબે મેવાણી પર 4 લાખ લીધાનો નાણાકીય આક્ષેપ કર્યો હતો. જ્યારે અરુણા પરમાર નામની મહિલાએ મેવાણી તેમને હેરાન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો. પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે યાકુબ ખુદ લાંચ લેતા પકડાયેલો અને ગુનાહિત રેકોર્ડ ધરાવતો શખ્સ છે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લાના ભાજપ પ્રભારી ધવલ દવે દ્વારા મેવાણીના બહેન સામે કરાયેલી ટિપ્પણીથી ભારે રોષ વ્યાપી ગયો છે.

# રૂપિયા 635 કરોડના કૌભાંડી ધવલ પટેલ અને નિશીને વડોદરા લવાયા

## પૂછપરછમાં વધુ 27 ખાતાઓની ચોંકાવનારી વિગતો ખૂલી

**વડોદરા**

રાજ્યભરમાં ચકચાર મચાવનાર કરોડો રૂપિયાના એસડી પે અને અપના પે એપ્લિકેશન કૌભાંડમાં અમરેલી અને વડોદરા પોલીસની સંયુક્ત તપાસ ચાલુ છે. ઈન્વેસ્ટરોને લોભામણી ઓફરો આપીને કરોડો રૂપિયા ઠગી લેનારી ગેંગમાં એસડી પે એપ ઓપરેટ કરનાર મુખ્ય સૂત્રધાર નારાયણ કાંગનેને તાજેતરમાં જ અમરેલી અને વડોદરા પોલીસે ઓરંગાબાદથી ઝડપી પાડ્યો હતો. આ મામલે વડોદરામાં નોંધાયેલી ફરિયાદોમાં એપના માલિક ધવલ પટેલ અને તેના સાગરીત નિશીના નામો ખૂલતાં તેમને અમરેલીથી વડોદરા લાવવા માટે ટ્રાન્સફર વોરંટની ખાસ તજવીજ કરવામાં આવી હતી. આ પછી વડોદરા સાયબર સેલે 635 કરોડનું કૌભાંડ આચરનાર ટોળકીના ધવલ ગોવિંદ પટેલ (માણકેજ, ખેરાલુ ) તેમજ નિશી પ્રસાદ (મહેસાણા, મૂળ બિહાર) ને વડોદરા લાવીને સઘન પૂછપરછ કરી હતી. જેમાં 1500 કરોડથી પણ વધુ ટ્રાન્જેક્શનો કરનાર કૌભાંડીઓના વધુ 27 ખાતાઓની માહિતી ખૂલી હતી.

# વડોદરાની ભીમપુરા કેનાલમાં ન્હાવા પડેલા ઝેવિયર ઇન્સ્ટિટયૂટના બે વિદ્યાર્થી ડૂબ્યા

## મિત્રો લઘુશંકાએ ગયા ને ધસમસતા પ્રવાહમાં વહી ગયા

**વડોદરા**

વડોદરા આસપાસની જોખમી કેનાલોમાં ડૂબવાના અને મૃતદેહ મળવાના છાશવારે બનાવો બની રહ્યા છે. આ દરમિયાન આજે નમતી બપોરે ભીમપુરા કેનાલમાં બે વિદ્યાર્થી ડૂબી જતાં ભારે ગમગીની વ્યાપી છે. પ્રાથમિક વિગતો મુજબ, સેવાસી નજીકના ઝેવિયર ટેકનિકલ ઇન્સ્ટિટયૂટના ચાર વિદ્યાર્થીઓ બપોરે ભીમપુરા તરફ ગયા હતા. જેમાંથી 19 વર્ષીય કિશનસિંહ જાદવ (માંજલપુર, દરબાર ચોકડી પાસે, અભિષેક ફ્લેટ પાછળ) અને તેનો મિત્ર 17 વર્ષીય પ્રિતેશ ચૌહાણ (હટીપુરા ગામ, આંકલાવ પાસે) કેનાલમાં નાહવા પડ્યા હતા. તેમની સાથેના બે મિત્રો લઘુશંકા માટે ગયા તે દરમિયાન બંને યુવાનો ધસમસતા પ્રવાહમાં તણાયા હતા. જાણ થતાં અન્ય વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા. વડોદરા તાલુકા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચીને કેનાલમાં 3 કલાક શોધખોળ કરી બંને મૃતદેહ બહાર કાઢ્યા હતા. ત્યારબાદ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડા રેલવે સ્ટેશન પર 2.90 કિલો સોનાની લૂંટ ગણતરીના કલાકોમાં જ 4 લૂંટારુંને પકડી પાડ્યા

## 4 કરોડનું સોનું, 2 કાર જપ્ત, ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ટીમને અભિનંદન પાઠવ્યા

**ખેડા**

અમદાવાદ ગ્રામ્ય અને રેલવે પોલીસે ખેડા સ્ટેશને ૨.૯૦ કિલો સોનાની લૂંટ કલાકોમાં ઉકેલી ચાર આરોપી ઝડપ્યા હતા. ચાર કરોડનું સોનું અને ટાટા ટિયાગો-મારુતિ બલેનો જપ્ત કરી તપાસ શરૂ કરાઈ હતી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકારે જણાવ્યું હતું શનિવારે સાંજે પાંચ વાગ્યે ખેડા સ્ટેશને લૂંટ થઈ હતી, ભોગ બનનારે પીછો કરી વાહનનો ફોટો પાડ્યો હતો. જીઆરપી ખેડાએ સીસીટીવી ચકાસી કંટ્રોલ રૂમને એલર્ટ કર્યો હતો.

રજીસ્ટ્રેશન અને મોબાઈલ એસડીઆરથી બનાસકાંઠા કનેકશન ખૂલ્યું હતું. એલસીબી કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહે બાતમીદારથી લોકેશન શોધ્યું હતું, પાછળ નંબર પ્લેટ વગરની બીજી કાર હતી. રૂટ સાચાણા-વિરમગામ હોવાથી એલસીબી-વિરમગામ ટાઉને નાકાબંધી કરી હતી. પ્રવેશ પહેલાં હિમાંશુ અને સિદ્ધરાજે ટ્રક મૂકી એક આરોપી પકડ્યો હતો. પૂછપરછમાં ત્રણ આરોપી સોના સાથે નીકળ્યાનું ખૂલ્યું હતું, પોલીસે પકડાયેલા મારફતે લોકેશન મેળવી બોલાવ્યા હતા. પીઆઈ ગઢવી અને પરેશા જાનીએ ટિયાગોને કોર્ડન કરી હતી. ભાગવા જતાં આરોપીઓએ ગઢવીની ગાડીને ટક્કર મારી રિવર્સમાં ભગાવી હતી. ગઢવીએ જીવના જોખમે દરવાજો પકડતાં ૫૦૦ મીટર ઢસડાયા હતા. ગઢવીએ દરવાજો ખોલી સ્ટીયરીંગ સંભાળી હેન્ડબ્રેક ખેંચી કાર રોકી હતી. જવાનોએ કારમાં રહેલાને દબોચ્યા હતા, ખેતરમાં ભાગેલાને કોર્ડન કરી પકડ્યો હતો. સીટ કવરમાં છુપાયેલું ચાર કરોડનું ૨.૯૦ કિલો સોનું મળ્યું હતું.

## અંબાજીમાં નવરાત્રિની તૈયારીઓ, કોરિડોરનું કામ છતાં ગરબા થશે



અંબાજી શક્તિપીઠ ખાતે નવરાત્રિ મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. 11 ઓક્ટોબરથી મા અંબાનો ચાચરચોક ખૈલેયાઓથી ઉભરાશે. કોરિડોરનું કામ ચાલુ હોવા છતાં મંદિરમાં ગરબા કાર્યક્રમનું આયોજન કરાતાં ખેલૈયાઓમાં આનંદ છવાયો છે. નવરાત્રિના પ્રથમ દિવસે 11 ઓક્ટોબરે સવારે 9:00થી 10:30 કલાક દરમિયાન ઘટસ્થાપન થશે. દુર્ગાષ્ટમી અને આસો પૂનમના રોજ સવારની આરતી 6:00 કલાકે થશે. આઠમના દિવસે ઝવેરાનું ઉત્થાપન કરાશે.

# કડી તાલુકાના થોળ ગામની સીમમાં 4 વર્ષની બાળકીને અજગર ગળી ગયો

## સીસીટીવી ફૂટેજની તપાસ, ડ્રોન થકી સર્ચ ઓપરેશન

**મહેસાણા**

કડી તાલુકાના થોળ ગામની સીમમાં ફાર્મ હાઉસ પરથી ગત 26 સપ્ટેમ્બરે સવારે ગુમ થયેલી 4 વર્ષની બાળકીનું 2 ઓક્ટોબરે સાંજે નજીકના ખેતરના શેઢા પરથી કંકાલ મળી આવ્યું હતું. પોલીસે કરાવેલા ફોરેન્સિક પીએમના આધારે બાળકીને અજગર જેવા કોઈ પ્રાણીએ ગળી ગયા બાદ કંકાલ ઓકી કાઢ્યું હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

કડી તાલુકાના થોળની સીમમાં ઓએનજીસી રોડ પર પાયલ સિંઘાડા 26 સપ્ટેમ્બરની સવારે એક ફાર્મહાઉસમાંથી ગુમ થઈ ગઈ હતી. રાજસ્થાનની વતની અને મજૂરીકામ કરતી તેની વિધવા માતા પોતાની ત્રણ પુત્રીઓ સાથે રહેતી હતી.

શોધખોળ કરવા છતાં બાળકીનો કોઈ પત્તો ન લાગતાં પરિવારે પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે ટીમોએ વિવિધ રસ્તાઓના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને ખેતરોમાં પગપાળા તેમજ ડ્રોન મારફતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# મહેસાણામાં મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી FD-PPF તોડાવ્યા, સોનાની લગડી વેચાવી, ₹57.56 લાખની ઠગાઈ

## વધારાની રકમ ટ્રાન્સફર કરવા દબાણ કરવામાં આવ્યું, ત્યારે મહિલાને શંકા જતાં ઠગાઈ થયાની ખબર પડી

**મહેસાણા**

મહેસાણામાં ડિજિટલ અરેસ્ટના નામે સાયબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં 64 વર્ષીય સવિતાબેન પટેલને નિશાન બનાવવામાં આવ્યા. ઠગોએ વોટ્સએપ કોલ કરી પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી ગણાવ્યા હતા. તેમણે સવિતાબેનને ડરાવ્યા કે તેમના નામે મની લોન્ડરિંગ કેસમાં FIR નોંધાઈ છે અને તેમના ખાતામાંથી 2 કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા છે. જો તેઓ તપાસમાં સહકાર નહીં આપે તો તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી થશે તેવો ભય બતાવ્યો હતો.

પોલીસ ધરપકડના ભયથી સતત માનસિક દબાણમાં આવી ગયેલા સવિતાબેને ઠગોની વાત પર વિશ્વાસ કરી લીધો અને આરોપીઓના જણાવ્યા મુજબ તેમણે બેંકમાં રહેલી રકમ ટ્રાન્સફર કરી. માત્ર એટલું જ નહીં, ઠગોએ મહિલા પાસે દબાણપૂર્વક તેમની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) તોડાવી અને PPF માંથી પણ બચતની રકમ કઢાવી. વધુમાં, ભયભીત સવિતાબેને પોતાની પાસે રહેલી સોનાની લગડી વેચીને તેમાંથી મળેલા નાણાં પણ આરોપીઓના અલગ-અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

આ રીતે તબક્કાવાર ઠગોએ વૃદ્ધા પાસેથી કુલ 57.56 લાખ પડાવી લીધા હતા. આટલી મોટી રકમ લૂંટી લીધા પછી પણ આરોપીઓને સંતોષ ન થયો અને તેમણે વધુ 21.50 લાખની માંગણી કરી હતી. જ્યારે આ વધારાની રકમ ટ્રાન્સફર કરવા દબાણ કરવામાં આવ્યું ત્યારે મહિલાને શંકા ગઈ અને સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

# ગાંધીનગર મનપા ચૂંટણી: વોર્ડ નંબર-7ના આપ ઉમેદવારે ભાજપને ખુલ્લો ટેકો આપ્યો

**વડોદરા**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. વોર્ડ નંબર-7ના આપના ઉમેદવાર રાહુલ વાઘેલાએ પક્ષની અપરિપક્વ વિચારધારાને ફંગોળીને કોલવડા ખાતેના કાર્યક્રમમાં કેસરિયો ખેસ પહેરીને ભાજપને ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે. અગાઉ ઉમેદવારી ફોર્મ ચકાસણીમાં આપના ત્રણ મહત્ત્વના ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા, જ્યારે બે ઉમેદવારો કોંગ્રેસના મેન્ડેટ પર લડી રહ્યા હોવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. આ પક્ષપલટા બાદ હવે વોર્ડ નંબર-7માં આપના ત્રણને બદલે માત્ર બે જ ઉમેદવાર બચ્યા છે અને સામે ભાજપનું પલડું ભારે થયું છે. રસપ્રદ બનેલી મનપા ચૂંટણીનું 11 ઓક્ટોબરે મતદાન યોજાશે અને 13 ઓક્ટોબરે પરિણામ આવશે.

# બાર કાઉન્સિલના સમાધાનથી નારાજ વકીલોએ અમદાવાદ-સ્મોલ કોઝ બારના પ્રમુખોને હટાવ્યા

## ભાડા વિધેયકના વિરોધમાં વકીલોએ હડતાળ યથાવત્ રાખી, પ્રમુખ માઈક તોડીને જતાં રહ્યા

**ગાંધીનગર**

ગુજરાત ભાડા વિધેયક-2026 હેઠળ સત્તા જ્યુડિશયરી પાસેથી છીનવી વહીવટી અધિકારીઓને સોંપાતા રાજ્યભરના વકીલો 6 દિવસથી અચોક્કસ મુદતની હડતાળ પર હતા. કાયદો બનાવતા પહેલા સરકાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત કે 280 બાર એસોસિયેશનના વકીલોના કોઈ સલાહ-સૂચનો લેવાયા નહોતા. હડતાળ સામે ફફડેલી સરકારે મંગળવારે ગાંધીનગરમાં કાઉન્સિલના સભ્યો, અમદાવાદ અને સ્મોલ કોઝ બારના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સરકારે 15 દિવસમાં સુધારો કરી સત્તા પરત આપવાની માત્ર મૌખિક ખાતરી આપી હતી, છતાં રાજ્ય ગૃહમંત્રી સાથે મળી કાઉન્સિલે કુલડીમાં ગોળ ભાંગી હડતાળ પાછી ખેંચવાની જાહેરાત કરી દીધી હતી.સરકારની લેખિત જાહેરાત વિનાના આ નિર્ણયથી સિટી સિવિલ એન્ડ સેશન્સ અને સ્મોલ કોઝ કોર્ટના વકીલોમાં ભારે રોષ ફેલાયો હતો. નારાજ વકીલોએ હડતાળ યથાવત્ રાખી બુધવારે 7 ઑક્ટોબરે તાત્કાલિક જનરલ બેઠક બોલાવી હતી. ઉગ્ર બનેલા વાતાવરણ વચ્ચે પ્રમુખ માઈક તોડીને જતાં રહ્યા હતા. ત્યારબાદ વકીલોએ અમદાવાદ બારના પ્રમુખ જગત ચોકસી અને સ્મોલ કોઝના પ્રમુખ જયશંકર પ્રજાપતિને બરતરફ કર્યા હતા. સાથે જ અમદાવાદ બારના કાર્યકારી પ્રમુખ તરીકે વરિષ્ઠ ધારાશાસ્ત્રી વિનોદ દીક્ષિત અને સ્મોલ કોઝ કોર્ટના પ્રમુખ તરીકે સી.એમ.વિરમગામીની નિમણૂક કરાઈ હતી.

# ગુજરાતમાં હાઇકોર્ટના ચુકાદાના અમલ માટે સરકારે SOP બનાવી

## કન્ટેમ્પ્ટ રોકવા બેદરકાર અધિકારીઓ સામે કાર્યવાહી થશે

**ગાંધીનગર**

ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાઓના સમયબદ્ધ પાલન માટે પગલું ભર્યું છે. રાજ્યના તમામ વહીવટી વિભાગો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર એટલે કે SOP નક્કી કરવામાં આવી છે, જે હેઠળ અદાલતનો નિર્ણય મળ્યા બાદ નિયત પ્રક્રિયા અને સમયમર્યાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. તેનો મુખ્ય હેતુ અમલમાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવાનો અને કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટ એટલે કે અદાલતી અવમાનનાની સ્થિતિ રોકવાનો છે. કાયદા વિભાગના પરિપત્ર મુજબ સમયસર કાર્યવાહી ન થવાથી અમલમાં વિલંબ થાય છે, જો વિભાગ ચુકાદો સ્વીકારે તો નાણાં વિભાગની પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરશે, અપીલ કરવી હોય તો વિભાગીય અભિપ્રાય સાથે કાયદા વિભાગની સલાહ લઈ નિયત સમયમાં લિટિગેશન શરૂ કરશે. ચુકાદાને પડતર રાખવાને બદલે સમયબદ્ધ નિર્ણય લેવો પડશે કે સ્વીકારવો કે કાનૂની પ્રક્રિયા હાથ ધરવી.

# ગાંધીજીના ફોટા સાથે વાંધાજનક રિલ બનાવનાર ઈન્ફ્લુઅન્સરની ધરપકડ

## ઈન્ફ્લુઅન્સરના ઈન્સ્ટાગ્રામ પર 1 મિલિયન ફોલોઅર્સ

**સુરત**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસે તેમના ફોટાવાળી ચલણી નોટ સાથે સિમરન પટેલ નામની સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સરે વાંધાજનક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ બાબતે એક જાગૃત નાગરિકે ફરિયાદ કરતા સુરત પોલીસે સિમરનની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. સિમરન પટેલે 1 ઑક્ટોબરના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વાંધાજનક રીલ પોસ્ટ કરી હતી. ભારતીય ચલણની રૂ. 500ની નોટમાં રહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ફોટોને દર્શાવી, તેને જાતીય સંદર્ભ ધરાવતા અપમાનજનક નિવેદનો અને શારીરિક હાવભાવ દ્વારા વીડિયો બનાવ્યો હતો. મળતી માહિતી અનુસાર સિમરન ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર 1 મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવે છે. વળી તેણે પોતાના ઈન્સ્ટા બાયોમાં જ લખ્યું છે કે, બાળકો અને સંસ્કારીઓ દૂર રહે. જોકે તેનાં આ વીડિયોએ લોકોની લાગણી દુભાવી હતી. આ કેસમાં પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

# ગુજરાતમાં 15 મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને મંજૂરી, રૂપિયા 1567 કરોડનું રોકાણ આવશે

## ઔદ્યોગિક નીતિ હેઠળ પ્રોજેક્ટ્સ મંજૂર કરાયા, 1238 રોજગારીની તકો ઊભી થશે

**ગાંધીનગર**

ગુજરાતને વૈશ્વિક સ્તરે અગ્રણી રોકાણ સ્થળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે તાજેતરમાં અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિ-2015 હેઠળ આવતી 'ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ' અંતર્ગત રાજ્યમાં કુલ રૂ. 1,567.18 કરોડના માતબર રોકાણ ધરાવતા 15 જેટલા મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન સહાય મંજૂર કરી હતી. ઉદ્યોગ પ્રધાન હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને એક



ઉચ્ચ સ્તરીય સમિતિની વિશેષ બેઠક યોજવામાં આવી હતી. આ અગત્યની બેઠકમાં ઉપરોક્ત તમામ ઔદ્યોગિક એકમોને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવાનો અંતિમ નિર્ણય લેવાયો હતો. વધુમાં, આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ખાસ કરીને ભરૂચ જિલ્લામાં કેમિકલ્સ ક્ષેત્રના રૂ. 999.82 કરોડના સૌથી મોટા ઔદ્યોગિક રોકાણને સીધી લીલી ઝંડી આપવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાના રૂ. 75.72 કરોડ અને સુરેન્દ્રનગર જિલ્લાના રૂ. 44.56 કરોડના મહત્વના પ્રોજેક્ટ્સનો પણ સત્તાવાર સમાવેશ કરાયો હતો. આ સાથે જ ગાંધીનગર જિલ્લામાં ટેક્સટાઈલ ક્ષેત્રના રૂ. 13 કરોડના એક નવા પ્રોજેક્ટને પણ આવરી લેવાયો હતો.

# અમદાવાદમાં નિવૃત્ત બેંક કર્મચારીને હનીટ્રેપમાં ફસાવી પાયલ ગેંગે રૂપિયા 24 લાખ પડાવ્યા

## કર્ણાવતી બ્રિજ નીચેથી એક લાખ સાથે એક ઝડપાયો, બોટાદ-કડીના બે ફરાર

**અમદાવાદ**

અમદાવાદમાં નિવૃત્ત બેંક કર્મચારી હનીટ્રેપનો ભોગ બન્યા હતા. ફેસબુક પર પાયલ નામની યુવતીના એકાઉન્ટથી રિક્વેસ્ટ મોકલી ગેંગે નાર્કોટિક્સ પોલીસની ખોટી ઓળખ આપી 24 લાખ પડાવ્યા હતા. ઓક્ટોબર 2025માં વૃદ્ધ દહેગામ મળવા ગયા ત્યારે બાઈક પર આવેલા બે શખસોએ પોલીસ તરીકે ઓળખ આપી ગુનામાં ફસાવવાનો અને આજીવન કેદનો ડર બતાવી ડિસેમ્બર 2025 અને એપ્રિલ 2026માં 24 લાખની ખંડણી વસૂલી હતી. 5 ઓક્ટોબરે આરોપીઓએ ફરી ઘરે જઈ 7 લાખની માંગણી કરી, 1 લાખ આપ્યા બાદ શંકા જતાં વૃદ્ધે આનંદનગર પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી કે એક વર્ષથી ટોળકી ગેરવસૂલી કરે છે. ઓક્ટોબર 2025માં પાયલની રિક્વેસ્ટ સ્વીકારી દહેગામ મળવા ગયા હતા, ગાડીમાં બેઠા બાદ બે શખસોએ નાર્કોટિક્સ પોલીસ બતાવી યુવતી ફસાયેલી હોવાનો ડર બતાવી પડાવવાનું શરૂ કર્યું હતું. ડીસીપી ઝોન-7 અને એલસીબી ઝોન-7એ પ્લાન બનાવી પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. પકવાન ચાર રસ્તા પાસેથી કાળા થેલામાં 1 લાખ લઈ ભાગેલા શખસને પકડવા વોચ ગોઠવી કર્ણાવતી બ્રિજ નીચે છુપાયેલા અલ્પેશ કેશવભાઈ સોલંકી ઉ.વ.39 રહે બોટાદને 1 લાખ રોકડા, મોબાઈલ અને બેગ મળી 1,05,000ના મુદ્દામાલ સાથે ઝડપ્યો હતો. તે ગેંગમાં ડ્રાઈવર હતો. અન્ય બે બોટાદના કિશન ઉર્ફે કાનો અને કડીના લાલા ફરાર છે, પોલીસે 24 લાખની રિકવરી માટે તપાસ હાથ ધરી છે.

**કચ્છના અંજાર તાલુકાના ગામની ધૃણાસ્પદ ઘટના**

# વરસામેડીમાં પિતાએ પુત્રીને ગોંધી રાખી દુષ્કર્મ કર્યું, સાથ આપનારી માતા સહિત બંનેની ધરપકડ કરાઈ

**ભુજ**

પુત્ર કપાતર થાય પણ માવતર કમાવતર ન થાય તેવી લોકોક્તિને લાંછન લગાવતી અત્યંત ધૃણાસ્પદ ઘટના પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી સીમ વિસ્તારમાં સામે આવી છે. જેમાં કથિત રીતે નરાધમ પિતાએ પોતાની જ 14 વર્ષીય સગીર પુત્રીને ત્રણ દિવસ સુધી ગોંધી રાખી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ શરમજનક કૃત્યમાં પુત્રીને બચાવવાને બદલે સાથ આપનારી સગી માતાએ પીડિતાની નગ્ન તસવીરો પણ ખેંચી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને ફિટકારની લાગણી વ્યાપી ગઈ છે.

અંજાર પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વરસામેડી સીમમાં ગત તારીખ 14 સપ્ટેમ્બરથી તારીખ 02 ઓક્ટોબર દરમિયાન આ અમાનવીય અત્યાચાર આચરવામાં આવ્યો હતો. ભોગ બનનાર 14 વર્ષીય કિશોરી પોતાના એક મિત્ર સાથે વાતચીત કરતી હોવાની બાબતનું મનદુઃખ રાખી આરોપી પિતાએ તેની સાથે તકરાર કરી હતી. ત્યારબાદ પિતાએ સગીરાને ઘરમાં ત્રણ દિવસ સુધી ગોંધી રાખી હતી.

આ સમયગાળા દરમિયાન આરોપી પિતાએ કિશોરીના વસ્ત્રો ઉતારી તેની



મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ કમકમાટીભર્યા બનાવ વખતે કિશોરીની સગી માતા પણ ત્યાં જ હાજર હતી અને તેણે દીકરીને બચાવવાને બદલે પીડિતાની નગ્ન તસવીરો પાડીને ગુનાહિત કૃત્યમાં પૂરો સાથ આપ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ આઘાતજનક ઘટના સંદર્ભે અંજાર પોલીસે પોક્સો એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ આકરી કલમો હેઠળ વિધિવત્ ગુનો દાખલ કર્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને પુત્રી પર અત્યાચાર ગુજારનાર નરાધમ પિતા તેમજ તેમાં સાથ આપનારી માતા બંનેની ધરપકડ કરી આગળની સઘન કાનૂની તપાસ હાથ ધરી છે.અમદાવાદ: 'તારો પતિ અપંગ છે, હું તને શારીરિક સુખ આપીશ' જેઠની અશ્લીલ માંગણી, પતિના નિધન બાદ મહિલાએ નોંધાવી ફરિયાદ નોંધાવી હતી.

# વાંસદામાં આંગણામાં રમતાં બાળકને દીપડો ઉઠાવી ગયો, 500 મીટર દૂરથી લાશ મળ્યો

**નવસારી**

દક્ષિણ ગુજરાતમાં દીપડાનો આતંક જોવા મળ્યો હતો. નવસારીના વાંસદા તાલુકાના ભીનાર ગામે આંગણામાં રમી રહેલા અઢી વર્ષના આરવ પટેલને દીપડો જંગલમાં ખેંચી ગયો હતો. ત્રણ દિવસ પહેલા ગીર ગઢડામાં ત્રણ વર્ષના બાળકને ઉઠાવી ગયો હતો. અરૂણ પટેલનો પુત્ર આરવ ઘરના આંગણે રમતો હતો ત્યારે જંગલ નજીકથી આવેલા દીપડાએ શિકાર સમજી હુમલો કરી અંધારામાં જંગલ તરફ ભાગી છૂટ્યો હતો. પરિવારે તાત્કાલિક શોધખોળ કરી હતી. વાંસદા પૂર્વ-પશ્ચિમ વન વિભાગ અને ગ્રામજનોએ મશાલ, ટોર્ચ અને લાકડા સાથે ગાઢ જંગલમાં રેસ્ક્યુ હાથ ધર્યું હતું. વહેલી સવારે ઘરથી 500 મીટર દૂર ક્ષત-વિક્ષત મૃતદેહ મળ્યો હતો, પંથકમાં શોક અને ભય છવાયો હતો.

# એર ઈન્ડિયાની 25 ઓક્ટો.થી ભૂજ-દિલ્હી ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત, અવરજવર સરળ બનશે

**નવસારી**

ભુજના હવાઈ નેટવર્કમાં મહત્વપૂર્ણ કડી ઉમેરાશે. એર ઈન્ડિયાએ 25 ઓક્ટોબરથી ભુજ-દિલ્હી વચ્ચે વધુ એક દૈનિક ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરી છે, જેનાથી અવરજવર સરળ બનશે. 2023માં ભુજ એરપોર્ટ પરથી મર્યાદિત ફ્લાઈટ હતી, માંગ વધતા સેવા વધારાઈ હતી. હાલ ભુજથી મુંબઈની બે અને દિલ્હીની એક સેવા કાર્યરત છે, નવી ફ્લાઈટ ઉમેરાતા સંખ્યા ચાર થશે. સૂત્રો મુજબ ફ્લાઈટ દિલ્હીથી સવારે રવાના થઈ બપોરે ભુજ પહોંચશે અને બપોરે ભુજથી ઊડી સાંજે દિલ્હી પહોંચશે. અનુકૂળ સમયપત્રકથી કનેક્ટિંગ ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પકડવામાં સરળતા રહેશે અને કચ્છના પ્રવાસન-ઔદ્યોગિક વિકાસને વેગ મળશે.

### ભરૂચમાં જીવતા વ્યક્તિને મૃત બતાવાયાની ફરિયાદ

# ‘સાહેબ હું હજી તો પણ જીવિત છું’ સુરત કચેરીમાં હાજર થયા ટ્રસ્ટી

## ટ્રસ્ટના પ્રમુખ બનવા ખોટા દસ્તાવેજ રજૂ કરી ખેલ કરાયો

**ભરૂચ**

ભરૂચના દશાશ્વમેઘ ઘાટ પર આવેલા પ્રાચીન બળિયાદેવ મંદિર ટ્રસ્ટમાં પ્રમુખ બનવા માટે જીવિત ટ્રસ્ટીને કાગળ પર મૃત જાહેર કરીને ટ્રસ્ટમાંથી તેનું નામ કમી કરાવ્યાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ભરૂચ ચેરિટી કમિશનર સમક્ષ ખોટા દસ્તાવેજો રજૂ કરીને આ કાર્યવાહી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. સમગ્ર મામલો બહાર આવ્યા બાદ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, બળિયાદેવ મંદિર ટ્રસ્ટના પ્રમુખ બનવા માટે નવીનચંદ્ર ડાહ્યાભાઈ રાણાએ પોતાના માણસોને ટ્રસ્ટી બનાવવા માટે જીવિત ટ્રસ્ટી અશ્વિનભાઈ રમણભાઈ માસ્તરને નોટરી કરેલા સોગંદનામામાં મૃત જાહેર કર્યા હોવાનો આક્ષેપ છે. આ આધારે ભરૂચ ચેરિટી કમિશનર સમક્ષ દસ્તાવેજો રજૂ કરીને અશ્વિનભાઈનું નામ ટ્રસ્ટમાંથી કમી કરાવવામાં આવ્યું હતું. આ દસ્તાવેજોના આધારે નવા ટ્રસ્ટીઓની નિમણૂકનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. જોકે, દસ્તાવેજોની યોગ્ય તપાસ કરવામાં આવી ન હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ આ હુકમ સામે સુરત ચેરિટી કમિશનર સમક્ષ અપીલ કરવામાં આવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. સુરતથી નોટિસ મળ્યા બાદ અશ્વિનભાઈ રૂબરૂ કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં તેમણે અધિકારીઓને કહ્યું હતું કે, “સાહેબ, હું હજી જીવિત છું!” તેમણે પોતાના જીવિત હોવાના પુરાવા પણ રજૂ કર્યા હતા. આ પછી સુરત ચેરિટી કમિશનરે ભરૂચ ચેરિટી કમિશનરના હુકમ પર સ્ટે આપ્યો હતો. જીવિત હોવાના પુરાવા સાથે અશ્વિનભાઈએ ભરૂચના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# માંડવીમાં પાલિકાની પાણીની ટાંકીમાં ક્લોરિન ગેસ લીકેજ : 150 ઘરો ખાલી કરાયા

**માંડવી**

માંડવી નગરમાં બિલેશ્વર મંદિર પાસે આવેલી નગરપાલિકાની પાણીની ટાંકી ખાતે મોડી રાત્રે 80 કિલોના સિલિન્ડરમાંથી ક્લોરિન ગેસ લીકેજ થવાની ગંભીર ઘટના બની હતી. રાત્રીના 1:30 વાગ્યાની આસપાસ ટાંકી પાસેના રૂમમાંથી ગેસ લીકેજનો અવાજ આવતાં ત્યાં સૂતેલા કામદારો જાગી ગયા હતા અને તંત્રને જાણ કરી હતી. બારડોલી ફાયર કંટ્રોલ રૂમમાં રાત્રે 2:45 કલાકે ક્લોરિન બોટલ જોઈન્ટ કરતી વખતે વાલ્વ ડેમેજ થતાં ગેસ લીકેજ થયો હતો. સાવચેતીના ભાગરૂપે માંડવીના ધોબણી નાકાથી તરસાડા બાર સુધીનો રસ્તો બંધ કરાવવામાં આવ્યો હતો અને ઘટના સ્થળની આજુબાજુના 150થી વધુ ઘરો ખાલી કરાવીને આશરે 125 જેટલા લોકોને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં ગેસની વધુ અસર થતાં રવિભાઈ પિનાકીન પટેલને માંડવીની પુષ્પક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### 3 ઓક્ટોબરના રોજ લાઈવ કોન્સર્ટ યોજાયો હતો

# સુરતમાં સુનિધિ ચૌહાણના કોન્સર્ટમાં વસ્ત્રોને લઈને બજરંગ દળનો વિરોધ

## પાસ નહીં મળતા વિવાદ ઉભો કરાયાનો આક્ષેપ

**સુરત**



સુરતના પાલ સ્થિત ગ્રાન્ડ ફેરોહાર ખાતે 3 ઓક્ટોબરથી બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણે પોતાની ‘આઈ એમ હોમ કમિંગ’ ઈન્ડિયા ટૂરની શરૂઆત કરી હતી. આ કોન્સર્ટની શરૂઆતમાં સુનિધિએ હિટ ગીતો પર પર્ફોર્મન્સ આપ્યું હતું. તેમજ બે વખત આઉટફીટ પણ બદલ્યા હતા. જોકે, કોન્સર્ટના વાઈરલ વીડિયો બાદ બજરંગ દળના સંયોજક અભિષેક રાજપૂતે આક્ષેપ કર્યો હતો કે સુનિધિ ચૌહાણના લાઈવ કોન્સર્ટ દરમિયાન કપડાં પહેરવાની મર્યાદા જાળવવામાં આવી ન હોવાની બાબત અમારા ધ્યાને આવી છે. તેમજ ભારતીય સંસ્કૃતિ અનુસાર યોગ્ય પહેરવેશ હોવો જોઈએ અને કાર્યક્રમોમાં પારિવારિક માહોલ જળવાવો જોઈએ.જ્યારે બીજી તરફ આ કાર્યક્રમના આયોજકોએ અજેશ કુમારે આક્ષેપ કર્યો હતો કે ઈવેન્ટના પાસ નહિ મળતા વિવાદ ઉભો કરાયો છે. તેમજ દેશમાં કાયદા મુજબ દરેકને કપડાં પહેરવાની સ્વતંત્રતા છે. તેમજ સુનિધિ ચૌહાણ અગાઉ પણ આવા જ આઉટફિટમાં સુરત અને અમદાવાદ સહિત દેશભરમાં પર્ફોર્મન્સ આપી ચૂક્યા છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MONDAY WEEKLY OFF
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સુરેન્દ્રનગરમાં શુદ્ધિકરણ માટે મહિલા પર અમાનુષી અત્યાચાર

## પરિણીતા પ્રેમી સાથે ભાગી જતાં વિવાદ, પ્રેમીને મૂત્ર પીવડાવ્યું, વાઇરલ વીડિયોના આધારે પતિ સહિત કુલ 9 આરોપીને ઝડપી પાડ્યા

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના દુધરેજ વહાણવટી નગરમાં માનવતાને શરમાવે તેવી અત્યંત આઘાતજનક ઘટના સામે આવી હતી, જેણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો હતો. એક પરિણીતા પોતાના પ્રેમી સાથે ઘર છોડીને ભાગી ગઈ હતી. પરિવારજનો અને પતિ દ્વારા બંનેને શોધીને દુધરેજ પરત લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ શરૂ થયેલા અત્યાચારના સિલસિલાએ સમગ્ર રાજ્યમાં સનસનાટી મચાવી દીધી હતી.



પરત લાવ્યા બાદ પતિ અને સગા-સંબંધીઓ દ્વારા પરિણીતાને ઘરમાં ગોંધી રાખવામાં આવી હતી. સમાજમાં શુદ્ધિકરણ કરવાના અંધવિશ્વાસી બહાના હેઠળ મહિલા પર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, આ દરમિયાન મહિલા પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો અત્યંત ગંભીર આક્ષેપ પણ મૂકવામાં આવ્યો હતો. માત્ર મહિલા જ નહીં, સાથે આવેલા યુવકને પણ ક્રૂરતાથી નિશાન બનાવવામાં આવ્યો હતો. યુવકને ઝાડ અને ખાટલા સાથે દોરડાથી બાંધીને બેરહેમીથી ઢોર માર મારવામાં આવ્યો હતો. અત્યાચારના ભાગરૂપે તેને અમાનુષી રીતે પેશાબ પીવડાવવામાં આવ્યો હોવાની શરમજનક વિગતો પણ બહાર આવી હતી.

આરોપીઓ દ્વારા અત્યાચારનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાઈરલ કરવામાં આવ્યો હતો. વીડિયો વાઈરલ થતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. વીડિયો મહિલા એ.એસ. પી. સુધી પહોંચ્યો હતો. ભયાનક વીડિયો જોઈને અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને ત્વરિત કાયદેસરના પગલાં માટે સખત આદેશ કર્યા હતા. પોલીસે તરત જ ગુનો નોંધીને આ મામલે સઘન તપાસ શરૂ કરી હતી.

પોલીસે આ ગંભીર પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર પતિ રમેશ સરવૈયા, જયંતી સરવૈયા, ભરત સરવૈયા, જીતુ સરવૈયા, પપ્પુ પરમાર, કલા સરવૈયા, ગીતાબેન સરવૈયા અને લીલાબેન સરવૈયા સહિત કુલ 2 મહિલા અને 7 પુરુષ મળીને કુલ 9 આરોપીઓની ધરપકડ કરી હતી. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે શુદ્ધિકરણ અને કુરિવાજોની આડમાં આવા અમાનુષી ગુના આચરનાર કોઈ પણ શખ્સને બક્ષવામાં આવશે નહીં અને અન્ય સંડોવાયેલા આરોપીઓની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# ફાયરિંગ કેસમાં ભૂતપૂર્વ MLAના પૌત્રને પકડવા માટે રીબડામાં કોમ્બિંગ કરાયું

**ગોંડલ**

ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામની સીમમાં રહેતા એક પરિવારના સભ્યો પર ખેતરમાં બકરા ચરાવવાનો ખાર રાખી ગોંડલના પૂર્વ ધારાસભ્ય મહિપતસિંહ જાડેજાના પૌત્ર તથા અનિરૂધ્ધસિંહ જાડેજાના ભત્રીજા ધુરવરાજસિંહ જાડેજા તથા તેના માણસો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ધુરવરાજસિંહ દ્વારા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપ્યો હતો. રૂરલ પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને રાખી તાત્કાલિક સગીર સહીત પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી, જયારે મુખ્ય આરોપી ધુરવરાજસિંહ ફરાર થઇ ગયો હતો. ફરાર આરોપીને સત્વરે પકડી પાડવા ગોંડલ ડિવિઝનના ઈન્ચાર્જ ડીવાયએસપી શ્રીજીતા પટેલના નેતૃત્વ હેઠળ ગત રાત્રિના સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં એલસીબી, એસઓજી ગોંડલ ડિવિઝનના પોલીસની અલગ-અલગ સ્પેશિયલ ટીમો મળી ૭૦થી વધુ પોલીસ જવાનોને સાથે રાખી રીબડા અને સડક પીપળીયા વિસ્તારમાં આવેલા અનેક ઘરો, ખેતરો અને વાડી વિસ્તારોમાં સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે.

# ભાવનગરના ત્રાપજ નજીક ટ્રેલર પાછળ કાર ઘૂસી જતાં 6 લોકોનાં ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત

## કારનો કચ્ચરઘાણ, અંદર ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી

**ભાવનગર**

જિલ્લાના ત્રાપજ નજીક આજે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રેલર વચ્ચે ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને વાહનનો આગળનો ભાગ ટ્રેલર નીચે ખરાબ રીતે ફસાઈ ગયો હતો. અકસ્તમાતમાં વિજયભાઈ વોરા, પિયુષભાઈ શાહ, પ્રિતેશભાઈ ભાયાણી, ભાર્ગવભાઈ ગોસાઈ, હિરેનભાઈ મહેતા, જયેશભાઈ વાસાણી અને યોગેશભાઈ શાહના મોત



થયા હતા અકસ્માતનો પ્રચંડ અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો તથા હાઈવે પરથી પસાર થતાં વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. જોતજોતામાં સ્થળ પર લોકોના મોટા ટોળાં એકઠા થઈ ગયાં હતાં અને સ્થાનિકોએ પોલીસ તેમજ 108 એમ્બ્યુલન્સને જાણ કરી બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કાર એટલી હદે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી કે અંદર ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. પોલીસે સ્થાનિકોની મદદથી તમામ ૬ મૃતદેહોને બહાર કાઢી પંચનામું કરાયું હતું.

# ચુડામાં પ્રેમસંબંધ તેમજ જમીન બાબતે વિવાદ થતાં પરિવારે યુવકનું ગળું દબાવી લટકાવી દીધો

## પોલીસે મહેશ ઉર્ફે ડફલી રોજાસરાની હત્યાનો ભેદ ઉકેલી છની ધરપકડ કરી

**સુરેન્દ્રનગર**

ચુડા તાલુકાના કોરડા ગામે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળેલી મહેશભાઈ ઉર્ફે ડફલી લાખાભાઈ રોજાસરાની લાશના શંકાસ્પદ મોતનો ભેદ એલસીબી અને ચુડા પોલીસે ઉકેલ્યો હતો. શરૂઆતમાં આત્મહત્યા દર્શાવાઈ હતી, પરંતુ તપાસમાં હત્યા હોવાનું ખૂલ્યું હતું. ગળું દબાવી હત્યા બાદ પરિવારે આત્મહત્યાનો સ્વાંગ રચી લાશ લટકાવી હતી. આ પ્રકરણમાં પરિવારના છ સભ્યોની ધરપકડ થઈ હતી.

તપાસમાં મહેશભાઈને દારૂની ટેવ હતી અને નશામાં પરિવાર સાથે બોલાચાલી-ગાળાગાળી કરતો હોવાનું સામે આવ્યું હતું. રાજકોટની અન્ય જ્ઞાતિની મહિલા સાથે પ્રેમસંબંધ હતો, જે પરિવારને પસંદ નહોતો. પોતાના ભાગની ખેતીની જમીન પ્રેમિકાને આપી દેશે તેવી શંકાથી રોષ હતો. રોષમાં આરોપીઓએ મહેશભાઈને પકડી ઢીકાપાટુનો માર મારી રૂમમાં લઈ જઈ ગળું દબાવી મોત નિપજાવ્યું હતું.

હત્યા બાદ ગળે દોરડું બાંધી છતના નાકુચા સાથે લટકાવી આત્મહત્યાનું સ્વરૂપ આપ્યું હતું. લોકોને જાતે ગળેફાંસો ખાધો હોવાનું કહી લાશ નીચે ઉતારી તે જ દિવસે અંતિમવિધિ કરી પોલીસને જાણ કરી નહોતી. શંકાસ્પદ મામલે એલસીબી-ચુડા પોલીસે તપાસ હાથ ધરી હતી. કોન્સ્ટેબલ કૃણાલસિંહ ઝાલા અને ભરતભાઈ સભાડને બાતમી મળતાં શંકાસ્પદોને હસ્તક લેવાયા હતા, પૂછપરછમાં ભાંગી પડી કબૂલાત કરી હતી.

# અમરેલીમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મરનું કેન્સરથી નિધન, શોક છવાયો

## 2004માં દિલીપ સંઘાણીને હરાવ્યા, 2017માં લાઠીથી જીત્યા

**અમરેલી**

અમરેલીના રાજકીય ક્ષેત્રેથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મરનું લાંબી બીમારી કેન્સર બાદ વતનમાં અવસાન થયું હતું. સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા, જેનાથી અમરેલી જિલ્લા સહિત ગુજરાતના રાજકીય બેડામાં શોક છવાયો હતો. વીરજી ઠુમ્મરનું નામ દાયકાઓથી અમરેલીની રાજનીતિ સાથે જોડાયેલું રહ્યું હતું. પ્રભાવશાળી નેતા તરીકે તેમણે સ્થાનિક રાજકારણથી સંસદ અને વિધાનસભા સુધી સફર ખેડી હતી. વર્ષ 2004 તેમની કારકિર્દીનો મોટો પડાવ હતો, અમરેલી લોકસભા બેઠક પરથી ભાજપના દિગ્ગજ દિલીપ સંઘાણીને હરાવી દિલ્હી દરબારમાં પ્રવેશ કર્યો હતો અને 2004થી 2009 સુધી લોકસભા સભ્ય રહ્યા હતા. 2017માં લાઠી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજયી બન્યા હતા. પીઆરએસના રેકોર્ડ મુજબ વિધાનસભામાં તેમની હાજરી શાનદાર 91.5 ટકા રહી હતી અને 120 મહત્વપૂર્ણ ચર્ચાઓમાં સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

# અમરેલીમાં 12 કલાક આતંક મચાવનારી સિંહણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું

## વનકર્મી સહિત 5ને ઇજા પહોંચાડનાર સિંહણને ટ્રાન્ક્વિલાઇઝ કરાઈ હતી

**અમરેલી**

અમરેલી જિલ્લાના વડિયા તાલુકામાં અરજણસુખ અને તોરી ગામ વચ્ચે 12 કલાક સુધી આતંક મચાવી વનકર્મી સહિત 5 લોકોને ઈજાગ્રસ્ત કરનાર આક્રમક સિંહણનું ગત 4 ઓક્ટોબર રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વનવિભાગે મેગા ઓપરેશન હાથ ધરી સિંહણને ટ્રાન્ક્વિલાઈઝરથી બેભાન કરી પાંજરે પૂર્યા બાદ ક્રાકચ એનિમલ કેર સેન્ટર ખસેડી હતી, જ્યાં તેણે દમ તોડ્યો હતો.

1 ઓક્ટોબરની રાત્રે અરજણસુખ પાટિયા નજીકથી બાઈક પર પરત ફરતા તોરીના મેહુલ વાજા અને ભગીરથ બસિયા પર સિંહણે હુમલો કર્યો હતો. ત્યારબાદ 4 અલગ સ્થળોએ હુમલા કર્યા હતા. બનાવમાં અરજણસુખના અતુલ પોકળ, તોરીના છોટુ રાવત, ભગીરથ, મેહુલ અને ફરજ પરના વનકર્મી અનુરુદ્ધસિંહ વાળા ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના અંગે એસીએફ સહિત ઉચ્ચ અધિકારીઓ અને 6 ટીમોએ રાતભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખરે 2 ઓક્ટોબરે બપોરે સિંહણને સફળતાપૂર્વક ટ્રાન્ક્વિલાઈઝ કરી પાંજરે પૂરવામાં આવી હતી અને ઓબ્ઝર્વેશન માટે ક્રાકચ સેન્ટર ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન કમનસીબ મોત થયું હતું.

# રાજકોટ કોંગ્રેસના સસ્પેન્ડેડ નેતા વિજયસિંહનો શહેર પ્રમુખ પર ભાજપ સાથે મેળાપીપણાનો આક્ષેપ

## લો કોલેજની માન્યતા મુદ્દે કુલપતિને મળી RTI હેઠળ તપાસની માંગ

**રાજકોટ**

રાજકોટ કોંગ્રેસમાં શિક્ષણ સમિતિના ફોર્મના વિવાદ બાદ સસ્પેન્ડ થયેલા નેતા વિજયસિંહ જાડેજાએ શહેર પ્રમુખ પર ભ્રષ્ટાચાર અને ગેરરીતિના ગંભીર આક્ષેપો કરતાં ખળભળાટ મચી ગયો છે. જાડેજાએ દાવો કર્યો છે કે સ્થાનિક સ્તરે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ‘ઈલુ-ઈલુ’ એટલે કે સાંઠગાંઠ ચાલી રહી છે. આ વિખવાદ વચ્ચે તેમણે ગુરુ વંદના લો કોલેજના સંચાલન અને માન્યતા સામે સવાલો ઉઠાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને રૂબરૂ મળી આરટીઆઈ હેઠળ માહિતી માંગી છે. કોલેજને મંજૂરી મળી ત્યારે કાગળ પર 5 એકર જમીન દર્શાવાઈ હતી, પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે. તેથી કોલેજમાં પ્રોફેસરોની હાજરી, વાસ્તવિક જમીન ક્ષેત્રફળ તેમજ શૈક્ષણિક નિયમોના પાલન અંગે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ. વધુમાં રાજદીપસિંહ જાડેજા સાથે સંકળાયેલી કોલેજ સામે પણ તપાસની માંગ દોહરાવાઈ છે. જો ગેરરીતિ કે છેતરપિંડી સાબિત થાય તો જવાબદારો સામે તટસ્થ તપાસ કરી કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ છે. શિક્ષણ સમિતિની ચૂંટણીથી શરૂ થયેલી રાજકીય ખેંચતાણથી કોંગ્રેસમાં કકળાટ ચરમસીમાએ પહોંચ્યો છે.



## વિદ્યુત જામવાલે ૧૫ મિનિટ સુધી શ્વાસ રોકી રાખ્યો

મુંબઇ । વિદ્યુત જામવાલની ફિટનેસ વિશે તો બધા જાણે જ છે. વિદ્યુત સોશિયલ મીડિયા પર પોતાના ઘણા અદભૂત અને યોગ અને ફિઝિકલ એક્સરસાઇઝ બતાવતો રહે છે. સ્ટ્રીટ ફાઇટરમાં વિદ્યુતે એક ગેમિંગ પાત્ર ભજવ્યું છે જે યોગમા પરફેક્ટ છે. વિદ્યુતે સ્ટેજ પર ૧૫ મિનિટ સુધી પોતાનો શ્વાસ રોકી રાખ્યો અને ઊભો રહ્યો. વિદ્યુત આવું કરીને પોતાની યોગા પ્રેક્ટિસને લઈને પોતાની શિસ્તની ઝલક દેખાડી રહ્યો હતો. આ દરમિયાન વિદ્યુતની આંખોમાં પાણી આવી ગયુ હતું અને તે ધ્રુજવા લાગ્યો હતો.


# સ્વદેશ

09

FRIDAY, 09 OCTOBER 2026


## પહેલી દીકરી 15 માસની થઈ ત્યાં કિયારા ફરી પ્રેગનન્ટ





મુંબઈ : કિઆરા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ બુધવારે ઈન્સ્ટા પર પોસ્ટ મુકી જણાવ્યું હતું કે તેમના પરિવારમાં બીજા સંતાનનું આગમન થવાનું છે. પોસ્ટમાં કિઆરા, સિદ્ધાર્થ અને સરાયાહના હાથમાં નાનકડુ સફેદ મોજું દર્શાવવામાં આવ્યું છે. કિઆરા અને સિદ્ધાર્થે આ જાહેરાત કરતાં જ કરણ જોહર, ભૂમિ પેડણેકર, આથિયા શેટ્ટી અને ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા સહિત બોલિવૂડના ઘણાં કળાકારોએ તેમને અભિનંદન આપ્યા હતા. કિઆરા અને સિદ્ધાર્થના ફેબ્રુઆરી ૨૦૨૩માં રાજસ્થાનમાં નજીકના પરિચિતોની હાજરીમાં લગ્ન થયા હતા. ૨૦૨૫ના જુલાઈમાં તેઓ પહેલી પુત્રી સરાયાહના માતાપિતા બન્યા હતા. પહેલીવાર ગર્ભાવસ્થાની જાહેરાત કરતી વખતે જે નાનકડું સફેદ મોજું વાપરવામાં આવ્યું હતું તે જ મોજું બીજીવારની ગર્ભાવસ્થાની જાહેરાત કરવામાં વાપરવામાં આવ્યું છે. પોસ્ટમાં તેમની પહેલી પુત્રી સરાયાહનો નાનકડો હાથ પણ દેખાય છે.

## સની લિઓનીની ચુડૈલ ફિલ્મ હવે રાઈટ્સના મુદ્દે અટવાઈ



મુંબઈ : સની લિયોની અને રાહુલ દેવની 'ચુડૈલ' ફિલ્મ રાઈટ્સના મામલે અટવાઈ છે.નિર્માતા ગણેશ જૈને એક જાહેર નોટીસ આપી ફિલ્મના તમામ રાઈટ્સ પોતાની પાસે હોવાનો દાવો કર્યો છે. ફિલ્મ 'ચુડૈલ' બે વર્ષથી તૈયાર પડી છે પણ મધ્ય પ્રદેશની હાઈકોર્ટમાં આ ફિલ્મના નિર્માણ માટે મેળવવામાં આવેલાં નાણાં ન ચૂકવાયા હોવાથી મામલો ઘોંચમાં પડેલો હતો. બાદમાં કંપનીએ નાણાં ચૂકવી ફિલ્મ રજૂ કરવાની તૈયારી કરી તો હવે આ નવી નોટીસ આવી પડી છે. દરમ્યાન ફિલ્મનું નામ પણ ત્રણવાર બદલાઈ ચૂક્યુ છે. નોટીસમાં એમ પણ જણાવાયું છે કે 'કોકાકોલા' ફિલ્મનું નામ હવે 'ચુડૈલ' રાખવામાં આવ્યું છે. જાહેર નોટીસ અનુસાર ગણેશ જૈને ફિલ્મના પ્રોડકશન હાઉસ તથા પાર્ટનર્સ પાસેથી તમામ રાઈટ્સ ૩ જુન ૨૦૧૯ના રોજ કરાર કરી મળવ્યા છે. આ કરારને ૩ નવેમ્બર ૨૦૨૦માં અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું.

# મેં ક્યારેય મારી કરીઅરનું વ્યવસ્થિત પ્લાનિંગ નથી કર્યું



મુંબઈ : 'મારી પ્રત્યેક ફિલ્મે મને અનુભવસમૃધ્ધ બનાવી છે. હું દરરોજ મારી આસપાસ રહેલા લોકો અને વાતાવરણનું ધ્યાનપૂર્વક નીરિક્ષણ કરતી રહી છું અને તેમાંથી કંઈકને કંઈક આત્મસાત્ કરું છું. આ પ્રક્રિયા આજે પણ ચાલુ છે.' સીડીનું એક એક પગથિયું ચડીને ઘરના છાપરા સુધી ચડવાની મઝા તો જેણે માણી હોય તે જાણે. તેમાંય પ્રત્યેક પગથિયે કાંઈક જોતા જવાનું, શીખતા જવાનું ધૈર્ય ખરેખર છાપરે ચડીને પોકારે. આવું જ કાંઈક કર્યું છે અભિનેત્રી કરિશ્મા કપૂરે. તેની ફિલ્મ 'પ્રેમ કૈદી' તેના ૧૭મા જન્મ દિનના ચાર દિવસ પહેલા જ રજૂ થઈ હતી. આનો અર્થ એ થયો કે તે સોળ વર્ષની સુંદરી હતી ત્યારે તેણે આ સિનેમાનું શૂટિંગ કર્યું હતું. કરિશ્મા કહે છે કે મેં તરૂણાવસ્થામાં જ કામ કરવાનું શરૂ કરી દીધું હતું. તેથી એમ કહેવું વધારે પડતું નહીં ગણાય કે હું રીતસર સેટ્સ પર જ મોટી થઈ છું. ત્રણ દશકથી ફિલ્મોદ્યોગ સાથે સંકળાયેલી આ અદાકારા માટે ફિલ્મોના સેટ જ તેની અભિનયશાળા બની રહી. અભિનેત્રી કહે છે કે એક કલાકાર આજીવન વિદ્યાર્થી હોય છે. તે દરરોજ કાંઈક નવું શીખે છે. હું પણ તેમાંથી બાકાત નથી. મારી પ્રત્યેક ફિલ્મે મને અનુભવસમૃધ્ધ બનાવી છે. હું દરરોજ મારી આસપાસ રહેલા લોકો અને વાતાવરણનું ધ્યાનપૂર્વક નીરિક્ષણ કરતી રહી છું અને તેમાંથી કંઈકને કંઈક આત્મસાત્ કરવાની પ્રક્રિયા જારી રાખી છે. કલાકાર તરીકેના મારા વિકાસમાં મારી ચારેકોર રહેલા લોકો અને વાતાવરણે મહત્વની ભૂમિકા ભજવી છે. આજે હું પાછળ ફરીને જોઉં છું તો મને લાગે છે કે જ્યારે તમે ચીલો ચાતરીને ચાલો ત્યારે કલાકાર તરીકે તમારો વિકાસ થાય. મહત્વની વાત એ છે કે કરિશ્માએ હવે ઓટીટીને વહાલું કર્યું છે. તેણે છેલ્લા કેટલાક વખતમાં 'મેન્ટલહૂડ' અને 'બ્રાઉન' જેવી સીરિઝો કરી છે. તેને ઓવર ધ ટોપ પ્લેટફોર્મ પર કામ કરવાની તક મળતાં તે બહુ ખુશ છે. આમ છતાં તે કબૂલે છે કે પ્રારંભિક તબક્કે આ ક્ષેત્રે કામ કરવાનું તેને મુશ્કેલ લાગ્યું હતું. વેબ સીરિઝો અને ફિલ્મોના સર્જનની પ્રક્રિયા તદ્દન વેગળી છે. ખરેખર તો સીરિઝોમાં કામ કરવાનું વધારે અઘરું છે. જ્યારે તમે સંખ્યાબંધ એપિસોડમાં રજૂ થનારા શો માટે કામ કરતા હો ત્યારે તમને સતત સાવધાન રહેવું પડે. એવું પણ બને કે તમે એક જ દિવસમાં એક તબક્કે પહેલા એપિસોડ માટે દ્રશ્યો આપતાં હો અને બીજા તબક્કે સાતમા એપિસોડ માટે. અહીં તમને ઘડીના વિલંબ વિના પહેલા એપિસોડમાંથી સાતમાં એપિસોડમાં ઝંપલાવી દેતાં આવડવું જોઈએ. જેમ ટ્રાફિકમાં ગાડી ચલાવતી વખતે તમને વારંવાર ગિયર બદલવાની જરૂર પડે તેમ અહીં પણ તમને ગિયર બદલવું પડે. કરિશ્મા વધુમાં કહે છે કે ટેલિવિઝન પણ ફિલ્મો અને ઓટીટી કરતાં સાવ જુદું માધ્યમ છે.

## 15 વર્ષ બાદ ફરી સ્ક્રીન પર સાથે દેખાશે શાહરૂખ-કરીના

મુંબઈ : સૌરભ શુક્લાએ એક મુલાકાતમાં મજાકમાં કહ્યું હતું કે શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'માં 70 ટકા બોલિવૂડ કામ કરી રહ્યું છે. જોકે, ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદ આ વાતને સાચી સાબિત કરવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. હવે આ મલ્ટી-સ્ટારર ફિલ્મમાં કરીના કપૂર ખાનની પણ એન્ટ્રી થઈ ગઈ છે. અહેવાલો મુજબ, કરીના 'કિંગ' ફિલ્મમાં 'Daddy Cool' નામના એક ખાસ ડાન્સ નંબરમાં જોવા મળશે. કરીના લગભગ 15 વર્ષ બાદ શાહરૂખ ખાન સાથે સ્ક્રીન શેર કરશે. આ જોડી છેલ્લે



વર્ષ 2011માં રિલીઝ થયેલી ફિલ્મ 'રા-વન'માં સાથે જોવા મળી હતી. કરીના કપૂર આ ફિલ્મમાં સ્પેશિયલ કેમિયો કરશે. સિદ્ધાર્થ આનંદ, શાહરૂખ ખાન અને કરીના સાથે આ ગીતનું શૂટિંગ કરવા જઈ રહ્યા છે, જે ફિલ્મના મુખ્ય આકર્ષણો પૈકીનું એક ગણાઈ રહ્યું છે. શાહરૂખ અને કરીના અગાઉ 'રા-વન'ના સુપરહિટ ગીત 'છમ્મક છલ્લો' અને 'ડોન'ના 'યે મેરા દિલ' જેવા ડાન્સ નંબર્સમાં ધમાલ મચાવી ચૂક્યા છે. જોકે, 'કિંગ'નું 'ડેડી કૂલ' ગીત તેના કરતાં પણ વધુ ભવ્ય સ્કેલ પર શૂટ કરવામાં આવશે.

# ઝેન્ડાયા : અમેરિકન નહીં, ગ્લોબલ સેલિબ્રિટી



ન્યૂયોર્ક : બહુ ઓછા યુવા સ્ટાર્સે ઝેન્ડાયાની જેમ હોલિવુડ દિગ્ગજ ઉપરાંત ફેશન આઈકન બંને બનવાની કલા હસ્તગત કરી છે. ડિઝની ચેનલથી શરૂઆત કરીને પોતાની પેઢીની સૌથી પ્રભાવશાળી અભિનેત્રી બનેલી ઝેન્ડાયા હવે કારકિર્દીના સુવર્ણ તબક્કામાં પ્રવેશી છે. એચબીઓની પ્રસિદ્ધ સિરીઝ 'યુફોરિયા'માં તેની વાપસી આતુરતાપૂર્વક રાહ જોવાતી ઘટના છે. આ ભૂમિકા માટે બે એમી એવોર્ડ્સ જીતી ચૂકેલી ઝેન્ડાયા ફરી મનોરંજન જગતના કેન્દ્રમાં છે. આ સાથે તે રોબર્ટ પેટિનસન સાથે રોમેન્ટિક ડ્રામા 'ધી ડ્રામા'માં એક તદ્દન અલગ અંદાજમાં જોવા મળશે, જે દર્શાવે છે કે તે કોઈ એક ચોક્કસ છબીમાં બંધાવા માંગતી નથી.

તેની બ્લોકબસ્ટર સફર પણ એટલી જ દમદાર રહી છે. 'સ્પાઈડર-મેન: બ્રેન્ડ ન્યુ ડે'માં ટોમ હોલેન્ડ સામે એમજે તરીકે તેની કેમિસ્ટ્રી ફરી જોવા મળી, જે માર્વેલ યુનિવર્સની સૌથી લોકપ્રિય જોડી પૈકી એક છે. આ ઉપરાંત, તે ક્રિસ્ટોફર નોલનની ભવ્ય ફિલ્મ 'ધી ઓડીસી' પણ તે દેખાઈ. ડેનિસ વિલેનુવની સાયન્સ-ફિક્શન એપિક 'ડયુન: પાર્ટ થ્રી'માં એ વાપસી કરી રહી છે. એનિમેશન ફિલ્મ 'શ્રેક ફાઈવ'માં ફેલિશિયાના પાત્રનો અવાજ એનો છે. બાયોપિક 'બી માઈ બેબી'માં દિગ્ગજ ગાયિકા રોની સ્પેક્ટરનું પાત્ર ભજવવાની તૈયારી એ કરી રહી છે. સ્ટાર ગ્લેમર સાથે ગંભીર કલાત્મક મહત્વાકાંક્ષાનું સંતુલન જાળવીને ઝેન્ડાયા હવે સાધારણ સામાન્ય હોલિવુડ સેલિબ્રિટી નથી રહી. એનું નામ હવે ગ્લોબલ બની ચૂક્યું છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### ક્રાંતિવીરના વીરની અલવિદાથી બોલીવુડ જગત અને કરોડો ચાહકો શોકમગ્ન

# નાના પાટેકર : દમદાર અવાજ અને અનોખા અભિનયના પ્રતીક

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

ભારતમાં સિનેમાના પડદા પર પોતાના દમદાર અવાજ, આંખોના હાવભાવ અને અભિનયથી કરોડો દર્શકોના દિલમાં સ્થાન બનાવનાર એક મહાન કલાકાર નાના પાટેકર ગુરુવારે વહેલી સવારે હંમેશા માટે મૌન થઈ ગયા. પીઢ અભિનેતા નાના પાટેકરને ગોવા સ્થિત તેમના નિવાસસ્થાને સવારે ૫:૨૦ વાગ્યે હૃદયરોગનો હુમલો આવ્યા બાદ તેમને હોસ્પિટલમાં ખસેડી ૪૫ મિનિટ સુધી સતત CPR આપવામાં આવ્યું, કાર્ડિયાક મસાજ પણ કરવામાં આવ્યો, પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા. તેમના અચાનક નિધનના સમાચારથી સમગ્ર ફિલ્મ ઉદ્યોગ અને દર્શકો શોકમગ્ન થઈ ગયા છે.

નાના પાટેકર માત્ર એક અભિનેતા નહોતા, પરંતુ તેઓ ભારતીય સિનેમાના એવા કલાકાર હતા જેમણે પોતાના અભિનયથી પાત્રોને જીવંત કરી દીધાં હતાં. તેમનું સાચું નામ વિશ્વનાથ પાટેકર હતું. તેમનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના મુરુડ-જંજીરામાં થયો હતો. તેમણે અભિનેતા તરીકે જ નહીં, પરંતુ ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક અને લેખક તરીકે પણ પોતાની ઓળખ બનાવી હતી. હિન્દી અને મરાઠી સિનેમામાં તેમના યોગદાનને કારણે તેમને ભારતીય સિનેમાના શ્રેષ્ઠ અને સૌથી પ્રભાવશાળી કલાકારોમાં સ્થાન મળ્યું હતું.

નાના પાટેકરે ૧૯૭૮માં આવેલી ફિલ્મ 'ગમન'થી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો હતો. શરૂઆતના સમયમાં તેમણે મરાઠી અને હિન્દી બંને ફિલ્મોમાં કામ કર્યું. ૧૯૮૮માં મીરા નાયરની ફિલ્મ 'સલામ બોમ્બે!'માં તેમના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. જોકે, ૧૯૮૯માં આવેલી 'પરિંદા' તેમની કારકિર્દી માટે મોટો વળાંક સાબિત થઈ. આ ફિલ્મમાં ગેંગસ્ટરની ભૂમિકા ભજવીને નાના પાટેકરે પોતાની અભિનય ક્ષમતાનો પરિચય આપ્યો હતો. આ ભૂમિકા માટે તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને ફિલ્મફેર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમની ખાસિયત એ હતી કે તેઓ કોઈ એક પ્રકારની ભૂમિકા સુધી સીમિત રહ્યા નહોતા. તેમણે ગંભીર અને સશક્ત પાત્રો ભજવ્યા તો બીજી તરફ કોમેડી અને કોમર્શિયલ ફિલ્મોમાં પણ




પોતાની અલગ છાપ છોડી. 'અંકુશ', 'પ્રતિઘાત', 'પ્રહાર', 'તિરંગા', 'ક્રાંતિવીર', 'અગ્નિસાક્ષી', 'ખામોશી: ધ મ્યુઝિકલ', 'અબ તક છપ્પન', 'અપરાન', 'રાજનીતિ', 'વેલકમ' અને 'બાધ ડબલ્યુકોમ' જેવી ફિલ્મોમાં તેમના અભિનયને દર્શકોએ યાદ રાખ્યો છે.

વર્ષ ૧૯૯૪માં આવેલી 'ક્રાંતિવીર' નાના પાટેકરની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ ફિલ્મોમાંની એક બની હતી. આ ફિલ્મમાં તેમના દમદાર અભિનય માટે તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અગાઉ 'પરિંદા' અને ત્યારબાદ 'અગ્નિસાક્ષી' માટે પણ તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યા હતા. તેમની સમગ્ર કારકિર્દીમાં તેમને કુલ ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, ચાર ફિલ્મફેર પુરસ્કાર અને બે ફિલ્મફેર મરાઠી પુરસ્કાર મળ્યા હતા. વર્ષ ૨૦૧૩માં ભારત સરકારે તેમને પદ્મશ્રીથી પણ સન્માનિત કર્યા હતા.

નાના પાટેકરે માત્ર અભિનય સુધી પોતાને સીમિત રાખ્યા નહોતા. તેમણે દિગ્દર્શન ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા બતાવી હતી. 'પ્રહાર: ધ ફાઈનલ એટેક' તેમનું દિગ્દર્શન સાહસ હતું અને તેમની કારકિર્દીની મહત્વપૂર્ણ ફિલ્મોમાં તેનું નામ લેવામાં આવે છે. ત્યારબાદ મરાઠી ફિલ્મ 'નટસમ્રાટ'માં તેમણે બખૂબી અભિનય કર્યો. લાંબા સમય સુધી તેઓ હિન્દી અને મરાઠી બંને સિનેમામાં સક્રિય રહ્યા અને તેને કારણે જ અનેક પેઢીના દર્શકો સાથે તેમનું જોડાણ રહ્યું.

નાના પાટેકરનું અસલ નામ વિશ્વનાથ પાટેકર હતું. લગભગ પાંચ દાયકા લાંબી કારકિર્દીમાં તેમણે અનેક યાદગાર પાત્રો ભજવ્યા હતા અને તેમની ડાયલોગ ડિલિવરી સ્ટાઈલ તથા અભિનયની ખાસ શૈલીએ દર્શકોના મનમાં અલગ જ સ્થાન મેળવ્યું હતું. નાના પાટેકરે ૧૯૭૮માં ફિલ્મ 'ગમન'થી હિન્દી ફિલ્મોમાં કરિયરની શરૂઆત કરી હતી. પછી તેમણે 'સલામ બોમ્બે!', 'પરિંદા', 'ક્રાંતિવીર', 'અગ્નિસાક્ષી', 'ખામોશી: ધ મ્યુઝિકલ', 'અબ તક છપ્પન', 'વેલકમ' અને 'રાજનીતિ' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

'ક્રાંતિવીર' માટે નાના પાટેકરને નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર પણ મળ્યો હતો. આ ઉપરાંત 'પરિંદા' અને 'અગ્નિસાક્ષી' માટે તેમને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાયો હતો. ૨૦૧૩માં તેમને ભારતીય ફિલ્મ જગતમાં મહત્વપૂર્ણ ફાળા બદલ પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા.

તેમણે 4 ઓક્ટોબર 2026ના રોજ ડોના પૌલામાં આયોજિત સમ્રાટ ક્લબ ઈન્ટરનેશનલ ઈન્સ્ટોલેશન સમારોહમાં ભાગ લીધો હતો. આ તેમની છેલ્લી પબ્લિક એન્ટ્રી (સાર્વજનિક હાજરી) સાબિત થઈ હતી. તેમણે મંચ પરથી ગોવાના પૂર્વ મુખ્યમંત્રી અને પોતાના નજીકના મિત્ર મનોહર પર્રિકરને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, દરેક માણસે એક દિવસ જવાનું છે અને તેમને નથી ખબર કે તેઓ કાલે અહીં હશે કે નહીં. તેમણે પોતાની જાતને જ સવાલ કરવાની વાત કહી હતી કે, જ્યાં સુધી જિંદગી છે, શું તેઓ એ બધું કરી રહ્યા છે જે કરવા માંગે છે? નાનાનું કહેવું હતું કે, માત્ર પોતાના બાળકો, પત્ની અને ઘર સુધી જ દુનિયાને સીમિત રાખવી એ જિંદગીનો મકસદ ન હોવો જોઈએ. માણસે સમાજને પણ કંઈક પાછું આપવું જોઈએ. તે સમયે હાજર લોકો માટે આ એક અભિનેતાના જીવન અને સમાજને લઈને વિચારો હતા, પરંતુ તેમના નિધન પછી આ જ શબ્દો નાનાની છેલ્લી સાર્વજનિક વાતોમાં સામેલ થઈને અત્યંત માર્મિક બની ગયા છે.

નાના પાટેકર પોતાના બેબાક અંદાજ માટે જાણીતા હતા અને ગોવાના આ કાર્યક્રમમાં પણ તેમણે પોતાની વાત કોઈ પણ આડંબર વગર રાખી હતી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને કહ્યું હતું કે, તેમને તેમની કેટલીક વાતો પસંદ છે અને કેટલીક પસંદ નથી. અભિનયની અદભૂત ક્ષમતાના જોરે નાના પાટેકરે મરાઠી થિયેટરથી લઈને હિન્દી ફિલ્મ ઉદ્યોગ સુધી પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી. તેઓ તેમના સંવાદોની પ્રભાવશાળી રજૂઆત અને સંવેદનશીલ તથા વાસ્તવિક અભિનય શૈલી માટે ખૂબ જાણીતા હતા. શાનદાર અભિનય માટે તેમને નેશનલ એવોર્ડ તેમજ ૨૦૧૩માં પદ્મશ્રી સન્માન મળ્યું હતું. છેલ્લે નાના પાટેકર વિશાલ ભારદ્વાજની રોમાંટિક ઍક્શન થ્રિલર ફિલ્મ 'ઓ'રોમિયો'માં નજર આવ્યા હતા. જેમાં શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં હતાં. ફેબ્રુઆરી ૨૦૨૬માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં પાટેકરે મુંબઈ ઈન્ટેલિજન્સ બ્યૂરોના પ્રમુખ ઈસ્માઈલ ખાનની ભૂમિકા ભજવી હતી. તેમણે અનિલ કપૂરની 'સુબેદાર'માં પણ અભિનય કર્યો હતો, જેનો પ્રીમિયર માર્ચ ૨૦૨૬માં પ્રાઈમ વીડિયો પર થયો હતો. અભિનય ઉપરાંત, નાના પાટેકર તેમના સામાજિક કાર્યો માટે પણ જાણીતા હતા. તેમણે મકરંદ અનાસપુરે સાથે મળીને 'નામ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી હતી. આ સંસ્થા દ્વારા તેમણે દુષ્કાળગ્રસ્ત અને આત્મહત્યા કરનાર ખેડૂત પરિવારોને મદદ પૂરી પાડી હતી, તેમજ જળ સંરક્ષણ અને ગ્રામીણ સામાજિક કલ્યાણ માટેની પહેલનું નેતૃત્વ કર્યું હતું. નાના પાટેકરના નિધનથી માત્ર થિયેટર અને ફિલ્મ જગતે જ નહીં, પરંતુ સામાજિક સેવાના ક્ષેત્રે પણ એક સંવેદનશીલ વ્યક્તિને ગુમાવ્યા છે. અભિનય અને સામાજિક યોગદાન દ્વારા તેમણે જે વારસો આપ્યો છે, તે ખરેખર જાળવવા જેવો છે.

**મરાઠી અને હિન્દી ફિલ્મોમાં પાંચ દાયકા સુધી કાઠું કાઢનાર નાના પાટેકરને ફિલ્મ અને ફિલ્મફેર પુરસ્કાર મળ્યા હતા, એટલું જ નહીં 2013માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા. ખેડૂતોની મદદ માટે તેમણે ફાઉન્ડેશનની રચના પણ કરી હતી**

# આદ્યશક્તિની આરાધનાનું પાવનકારી પર્વ : નવરાત્રિ

દેવી શક્તિની ભક્તિ-પૂજા, ભજન-કીર્તન, ગરબાનું ગાન, સાધના-આરાધના એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. આ આપણી ભવ્ય વિરાસત, આગવું દર્શન અને દિવ્યતાની પૂજા છે. આપણા ધર્મશાસ્ત્રો, પૌરાણિક ગ્રંથો, વેદો, પુરાણો, ઉપનિષદો તથા મહાભારતમાં શક્તિપૂજાનો મહિમા તથા સાધના જોવા મળે છે.

આપણા ઋષિ-મુનિઓ અને સંત-મહાત્માઓએ શક્તિના સામર્થ્યને બિરદાવ્યું છે. આદિ શંકરાચાર્યે માતાજી (દેવી)ની અનેક દિવ્ય સ્તુતિઓ તથા સ્તોત્રોની રચના કરી છે. મહિષાસુરમર્દિની સ્તોત્રમ્, સૌંદર્યલહરી, ભવાની અષ્ટકમ્, આનંદ લહેરી, લલિતા પંચકમ્, કનકધારા સ્તોત્ર વગેરે દિવ્ય સ્તુતિ-સ્તોત્રોનું અંતઃકરણપૂર્વક ગાન કરવાથી અનેકગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.

આદ્યશક્તિની આરાધનાના સંબંધમાં એક બાબત નોંધનીય છે. કુરુક્ષેત્રના યુદ્ધના પ્રારંભ પૂર્વે, ભગવાન શ્રીકૃષ્ણની સલાહથી અર્જુને વિજય મેળવવા માટે ભગવતી દુર્ગાની આરાધના કરી હતી. આ સમયે અર્જુન દેવીને 'માંડૂક્ય', 'મહાકાળી', 'ભદ્રકાળી', 'કપિલા' જેવા નામોથી પ્રાર્થના કરે છે, અને દેવી વિજય માટે શુભ આશીર્વાદ આપે છે, તદુપરાંત પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન યુધિષ્ઠિરે દુર્ગા દેવીની સ્તુતિ કરી હતી. આમ, મહાભારતમાં પણ શક્તિની સાધનાના પ્રસંગો જોવા મળે છે. સમગ્ર વર્ષ દરમિયાન સામાન્ય રીતે ચાર નવરાત્રિ આવે છે; (૧) માઘી નવરાત્રી, (૨) ચૈત્ર કે વાસંતી નવરાત્રિ, (૩) અષાઢી નવરાત્રિ, (૪) આસો કે શારદીય નવરાત્રિ. જેમાં ચૈત્રી નવરાત્રિ અને આસો નવરાત્રિ વિશેષ પ્રચલિત છે. આસો નવરાત્રિએ આદ્યશક્તિની સાધના, આસાધના અને ઉપાસનાનું પાવનકારી પર્વ છે, દિવ્ય ભવ્ય



ઉત્સવ છે. આસો માસના શરદ ઋતુના અનેરા પ્રકાર તથા શ્વેત ઓજસની વચ્ચે આદ્યશક્તિના નવલાં નોરતાનું આગમન આસો સુદ એકમથી નોમ સુધી થાય છે. મા ભગવતીની આરાધનાનો આ અલૌકિક અવસર સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક રંગોથી તથા ગરબાઓની રમઝટના દિવ્ય ભાવોથી તરબતર કરી દે છે, ચારે તરફ આનંદનો માહોલ ફરી વળે છે.

આદ્યશક્તિની ભક્તિથી જ્યારે અંતરનો દીપ પ્રગટે છે, ત્યારે માનવ શરીરમાં નૂતન ઉર્જા, આધ્યાત્મિક ચેકના અને ભાવાત્મક પ્રેમનો સંચાર થાય છે. ઉમંગ તથા ઉત્સાહ ખીલી ઉઠે છે. ભક્તિની આ અદ્ભુત ક્ષણો માનવજીવનને અવનવા રંગોથી ભરી દે છે. માનવ સંસારના માયાના બંધનોમાંથી અલિપ્ત બની પરમાત્માના એટલે કે આદ્યશક્તિના અનોખા ઓજસમાં ગરકાવ થઈ જાય છે. માતાજીની દિવ્યજ્યોતિ નજીક પહોંચી જાય છે. આદ્યશક્તિની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરવાથી સંકટો દૂર થાય છે, કોઈપણ ક્ષેત્રમાં વિજય મળે છે, ક્ષણે ક્ષણે રક્ષણ થાય છે, ભય અને ભ્રમ ભાંગી જાય છે, ચિંતાઓમાંથી મુક્તિ મળે છે, મન હળવું તથા પ્રફુલ્લિત બને છે, શાશ્વત પ્રકાશનો અનુભવ થાય છે. આધ્યાત્મિક જાગૃતિ થતાં અજ્ઞાનનો અંધકાર દુર થાય છે, પ્રેમ અને પવિત્રતા જીવનને શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે. પાપ, તાપ તથા સંતાપને હરે છે અને પ્રજ્ઞા, પ્રભા તથા પ્રસન્નતાને પ્રગટાવે છે. આદ્યશક્તિ અવિનાશી છે. દૈવી શક્તિ સુખશાંતિ, ઐશ્વર્ય, આરોગ્ય, આયુષ્ય, આનંદ, પરમાનંદ તથા સિદ્ધિને પમાડે છે, વાણીને પવિત્ર તથા પ્રભાવક કરે છે, જ્ઞાનને સમૃદ્ધ કરે છે, પુરુષાર્થને પ્રબળ કરે છે, દૈવી શક્તિની ભક્તિ માનવને તારે છે, રક્ષે છે.

॥ૐ ઐ હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે ॥

## નવદુર્ગા ઉપાસના : સાધના અને શક્તિનો પાવન સંગમ

નવરાત્રીના નવ દિવસ નવ દુગાનાં નવ રૂપની પૂજા-અર્ચનાનું ઘણું મહત્ત્વ છે. તે શક્તિની આરાધનાનું પર્વ છે. ધર્મશાસ્ત્રો મુજબ અષ્ટસિદ્ધિ અને નવનિધિની પ્રાપ્તિ માટે નવરાત્રીથી બીજું કોઇ શ્રેષ્ઠ પર્વ નથી. નવ દિવસ નવ દેવીની આરાધના કરીને કુંડલીની પણ જાગૃત કરી શકાય છે. નવદુર્ગાનાં પૂજન-અર્ચન, જપ-તપ, વ્રત-અનુષ્ઠાન જ ઉત્તમ ઉપાય છે. આ નવ દેવીઓ આ મુજબ છે.

■ **શૈલપુત્રી :** આ મા દુર્ગાનું પ્રથમ સ્વરૂપ છે. પર્વતરાજ હિમાલયને ત્યાં જન્મ થયો હોવાને લીધે તેમને શૈલપુત્રી કહેવામાં આવે છે. તેમનું પૂજન કરવાથી ભક્ત ધનધાન્યના ભંડારો મેળવે છે.

■ **બ્રહ્મચારિણી :** શક્તિનું આ બીજું સ્વરૂપ ઉપાસકને અનંત કોટિ ફળ આપનારું છે.

■ **ચંદ્રઘંટા :** દેવીના આ ત્રીજા સ્વરૂપની પૂજા-ઉપાસના કરવાથી સમસ્ત પાપોમાંથી મુક્તિ મળે છે અને પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે તેમજ વીરતાના ગુણોમાં વૃદ્ધિ થાય છે.

■ **કુષ્માંડા :** નવરાત્રીના ચોથા દિવસે દેવી કુષ્માંડાની આરાધના કરવામાં આવે છે. તેમની આરાધનાથી સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે તથા યશ તથા આયુષ્યમાં વૃદ્ધિ થાય છે.

■ **સ્કંદમાતા :** શક્તિના આ પાંચમા સ્વરૂપની પૂજા કરવાથી સમસ્ત ઈચ્છાઓની પૂર્તિ કરે છે અને શત્રુઓનું શમન થાય છે.

■ **કાત્યાયની :** તેમની પૂજા છઠ્ઠા દિવસે કરવામાં આવે છે. તેમના પૂજનથી ભક્તમાં શક્તિનો સંચાર થાય છે અને દુશ્મનોનો સંહાર કરવા માટે તે સમર્થ બને છે.

■ **કાલરાત્રી :** કાલરાત્રીની પૂજા કરવાથી ભવોભવનાં દુઃખ દૂર થાય છે. તેમની પૂજા-અર્ચના કરવાથી પાપમાંથી મુક્તિ મળે છે. તેજમાં વૃદ્ધિ થાય છે અને દુશ્મનોનો નાશ થાય છે.

■ **મહાગૌરી :** નવરાત્રીમાં આઠમના દિવસે ગૌરી માતાની પૂજા કરવાનું વિધાન છે. ગૌરીની પૂજા સમસ્ત સંસાર કરે છે. તેમના પૂજનથી નિરંતર સુખમાં વૃદ્ધિ થાય છે.

■ **સિદ્ધિદાત્રી :** નવરાત્રીના છેલ્લા એટલે કે નવમા દિવસે માતા સિદ્ધિદાત્રીની આરાધના કરવામાં આવે છે. તેમની પૂજા-આરાધના કરવાથી મનુષ્ય જેની હંમેશાંથી કામના કરે છે તેવી સમસ્ત સિદ્ધિઓ અને નિધિઓની પ્રાપ્તિ થાય છે.

આદ્યશક્તિની પૂજા-આરાધના કરવા માટે જવારા વાવીને તેનું પૂજન કરવું જોઈએ. નવ દિવસ સુધી સાત ધાન્યના જવારા વાવી ષૌડશોપચારોથી તેનું પૂજન કરવું જોઈએ. શક્ય હોય તો જપ-તપ-ઉપવાસ કરવા જોઈએ.

## માતાજીની માનતા કે બાધાના ગરબા

ગરબો કે ગરબા શબ્દ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ કે ગરબદીપ પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે ગોળાકાર માટલું જેમાં છિદ્રો હોય છે. કોઈની માનતા કે બાધા પૂરી થાય ત્યારે ગરબો કાઢવામાં આવતો. સામાન્ય રીતે પહેલાં આવી માનતા દીકરાના જન્મની રહેતી, પરંતુ આજે ઈચ્છિત કાર્ય પાર પડે તેની પણ માનતા માનીને ગરબો કાઢવામાં આવે છે. ગરબા માટીના, તાંબાના કે ચાંદીના હોય છે. જેમાં દીવો મૂકવામાં આવે છે અને સ્ત્રીઓ દ્વારા માથે ઉપાડીને માતાજીને ગોળ ફરતાં ફરતાં ગરબા રમવામાં આવે છે. કેટલીક જગ્યાએ ફૂલના ગરબા પણ નીકળે છે. તે સ્ત્રી અને પુરુષ બંને માથે લઈને ફરતાં હોય છે. આજે ગરબામાં આધુનિકતાએ પ્રવેશ કર્યો છે અને મોટા પાયે ગરબાનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદ નજીકનાં કેટલાંક ગામ એવાં છે કે જ્યાં નવરાત્રીમાં નહીં, પરંતુ દિવાળીના દિવસથી લઈને લાભપાંચમ સુધી ગરબા થાય છે. તેને સામાન્ય રીતે માંડવી કહેવામાં આવે છે. માંડવી એટલે માતાજીનું એક પ્રકારનું મંદિર, જેની ગોળ ફરતે ગરબા રમવામાં આવે છે.



## રાશિ પ્રમાણે નૈવેધ ધરાવો

**મેષ અને વૃશ્ચિક**

મંગળની આ રાશિઓ છે, તેથી માતાજીને ગોળ કે ગોળમાંથી બનેલી મીઠાઈનો નૈવેધ ધરવું શુભ ગણાય છે.

**કર્ક**

ચંદ્રની આ રાશિના જાતકોએ માતાજીને મખાના કે સફેદ રંગની મીઠાઈનું નૈવેધ ધરવું જોઈએ.

**સિંહ**

સૂર્યની આ રાશિ માટે ઘી અથવા કેસરયુક્ત મીઠાઈનો ભોગ અર્પણ કરવો.

**ધન અને મીન**

ગુરુની આ રાશિઓ છે, તેથી માતાજીને ચણાની દાળ કે કેળાંનું નૈવેધ ધરાવવું શ્રેષ્ઠ છે.

**મકર અને કુંભ**

શનિની આ રાશિઓ હોવાથી માતાજીને તલ કે તલમાંથી બનેલી વાનગીઓ અર્પણ કરવી જોઈએ.

**વૃષભ અને તુલા**

શુક્રની આ રાશિઓ માટે માતાજીને દૂધની બનાવટો (જેમ કે, ખીર કે દૂધપાક) અર્પણ કરવાથી સુખ-શાંતિ મળે છે.

**મિથુન અને કન્યા**

બુધની આ રાશિઓ છે, માતાજીને લીલા મગ અથવા લીલા ફળોનો ભોગ ધરાવવો ઉત્તમ છે.

## સંકટ દૂર કરતા વિવિધ પાઠ

નવરાત્રીના પર્વમાં શક્તિસ્વરૂપા માતા અંબિકાના પૂજન અને અર્ચનનું વિશેષ મહત્ત્વ છે. આ નવ દિવસો દરમિયાન દુર્ગા સપ્તશતી, શ્રી સૂક્ત તથા ચંડીપાઠનું પઠન કરવામાં આવે છે. સાચા હૃદયથી કરાયેલા આ પાઠથી મા દુર્ગાની કૃપા અને આશીર્વાદ મળે છે. ચંડીપાઠમાં માર્કંડેય મુનિ માતાજીની સ્તુતિ કરતા કહે છે, 'હે મા દુર્ગા! દુર્ગાસિ દુર્ગ ભવસાગર નૌરસંગા' અર્થાત્ આપ તો ભવસાગર પાર કરાવનારી 'અસંગ'રૂપી નૌકા છો. જે ભક્ત તમારી ભક્તિરૂપી નાવમાં બેસી જાય છે, તેનો બેડો પાર થઈ જાય છે. તે જીવાત્મા જન્મમરણના ચક્કરમાંથી સદા માટે છૂટી જાય છે અને તેને પરમ શિવત્વની પ્રાપ્તિ થાય છે. માતાજીની વિશેષ ઉપાસના કરવા માટે ચંડીપાઠમાં અનેક પ્રકારના પ્રભાવશાળી મંત્રો આપેલા છે. તેમાંથી એક છે શ્રી સિદ્ધ કુંજિકા સ્તોત્ર, કે જે સ્વયં ભગવાન શિવજીએ માતા પાર્વતીજીને કહ્યું હતું. પુરાણો મુજબ, માત્ર શ્રી સિદ્ધ કુંજિકા સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાથી સંપૂર્ણ શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કર્યા જેટલું જ ફળ મળે છે.

# પ્રમુખસ્વામી અંગેના પુસ્તકને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા ‘એક જ લેખક દ્વારા લખાયેલા વિશ્વના સૌથી વિસ્તૃત જીવનચરિત્ર’ તરીકે માન્યતા

## 2026માં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાને બે સન્માન એનાયત

**અરીના**

પ્રમુખસ્વામી મહારાજના જીવન ઉપર 13 ગ્રંથોમાં વિસ્તરેલા 8,848 પાનાં અને 21,46,447 શબ્દો ધરાવતા બૃહદ્ જીવનચરિત્રને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા એક જ લેખક દ્વારા લખાયેલા વિશ્વના સૌથી વિસ્તૃત જીવનચરિત્ર તરીકે સત્તાવાર માન્યતા આપવામાં આવી છે. સંસ્કૃતના વિદ્વાન અને પીએચ.ડી. એવા આદર્શજીવનદાસ સ્વામી દ્વારા લખાયેલું ‘બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ: વિસ્તૃત જીવનચરિત્ર’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાંચમા આધ્યાત્મિક ગુરુ પ્રમુખસ્વામી મહારાજના (1921-2016) 94 વર્ષના અસાધારણ જીવન અને તેમના ચિરંજીવ પ્રદાનનું આલેખન કરે છે. આ જીવનચરિત્રમાં પ્રમુખસ્વામી મહારાજના 1921માં થયેલા જન્મથી લઈને 2016માં થયેલા અક્ષરધામગમન સુધીની જીવનયાત્રા આલેખવામાં આવી છે. તેમાં તેમનું આધ્યાત્મિક નેતૃત્વ, નમ્રતા, નિ:સ્વાર્થ સેવા અને ભક્તિ તથા વિશ્વભરમાં કરેલાં વ્યાપક સેવાકાર્યોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. જુલાઈ 2017થી ઑગસ્ટ 2020 સુધીના 38 મહિનાના ગહન સંશોધન અને લેખન દ્વારા આ ગ્રંથશ્રેણી તૈયાર કરવામાં આવી હતી.

રવિવાર, 4 ઑક્ટોબર 2026ના રોજ લંડનના OVO અરીના વેમ્બલી ખાતે મહંતસ્વામી મહારાજની 93મી જન્મજયંતીની ઉજવણી દરમિયાન તેમને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. અરીનામાં ઉપસ્થિત 11,000 લોકો તથા વિશ્વભરમાં લાઈવ વેબકાસ્ટ દ્વારા જોડાયેલા બીજા લાખો લોકો આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બન્યા હતા. પ્રમાણપત્ર અર્પણ કરનાર ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સના વરિષ્ઠ નિર્ણાયક કાર્લ સૅવિલે જણાવ્યું કે,“એક જ લેખક દ્વારા લખાયેલા સૌથી વિસ્તૃત જીવનચરિત્ર માટે આજે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ વતી આ પ્રમાણપત્ર અર્પણ કરવું, મારા માટે ખરેખર આનંદ, સૌભાગ્ય અને સન્માનની બાબત છે.”




ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં ભારતીય સનાતન સંસ્કૃતિનું ગૌરવગાન: મહંત સ્વામી મહારાજને તેઓની 93મી જન્મજયંતીના અવસરે લંડનના OVO અરીના વેમ્બલી ખાતે બહુમાનપત્ર અર્પણ

“ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સનો એક બ્રાન્ડ તરીકે મુખ્ય ઉદ્દેશ વિશ્વભરની અદ્ભુત સિદ્ધિઓનું દસ્તાવેજીકરણ કરવાનો અને એવી અનોખી તથા વિશિષ્ટ સિદ્ધિઓને લોકો સમક્ષ મૂકવાનો છે.

આ સિદ્ધિ અંગે લેખક આદર્શજીવનદાસ સ્વામીએ જણાવ્યું કે, “આ જીવનચરિત્રના લેખક કરતાં જેમનું જીવનચરિત્ર લખાયું છે, તેમનું મહત્ત્વ અનંતગણું વધારે છે. પ્રમુખસ્વામી મહારાજનું જીવન ગહન આધ્યાત્મિકતા, અપાર નમ્રતા અને વૈશ્વિક સંવાદિતા, કરુણા તથા સહાનુભૂતિ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાથી સભર હતું. તેમના દિવ્ય જીવન અને ચિરંજીવ પ્રદાનનું આલેખન કરવું મારા માટે સન્માન અને સૌભાગ્યની બાબત હતી.

આ જીવનચરિત્ર અસાધારણ સાહિત્યિક વ્યાપનો રેકોર્ડ હોવા ઉપરાંત આધ્યાત્મિકતા, સેવા અને અન્યના કલ્યાણ માટે સમર્પિત જીવનનો વિશાળ ઐતિહાસિક દસ્તાવેજસંગ્રહ છે. તે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યને સંરક્ષિત કરે છે. આ ગ્રંથશ્રેણીના વિવિધ ગ્રંથોની 3,10,000થી વધુ નકલોનું વેચાણ થઈ ચૂક્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ જ વર્ષે ફેબ્રુઆરી 2026માં ભારતના વડોદરા ખાતે 12,723 બાળકોએ એકસાથે મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત ‘સત્સંગદીક્ષા’ ગ્રંથના સંસ્કૃત શ્લોકોનું પઠન કરીને ‘વિશ્વના સૌથી મોટા સામૂહિક હિન્દુ ધર્મગ્રંથ પઠન’નો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો. આ વ્યાપક અભિયાનના ભાગરૂપે 15,000થી વધુ બાળકોએ આ ધર્મગ્રંથના તમામ 315 સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કર્યા હતા.




MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011

Visit my website for new and updated Exclusive and MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M
Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot

COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M
6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business
Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available

GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M
Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.

HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M
In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow

GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M
Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators

HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M
Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator

ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS
1-2 hours from Calgary and Edmonton
Price range: $800,000 to $3,500,000. Call for more info.

Motel Job: Front desk, housekeeping and general work in Ontario
Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People’s Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

# બોસ સ્કેમ : માલિકના નંબર પરથી મેસેજ કરી એકાઉન્ટન્ટ દ્વારા 95 લાખ ટ્રાન્સફર કરાવાયા

### મેસેજ માલિક તરફથી જ આવ્યો હોવાનું માનીને એકાઉન્ટન્ટે કોઈ શંકા કરી નહોતી.

**અમદાવાદ**

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને એલિસબ્રિજની ખાનગી ફાઈનાન્સ કંપનીમાં છેલ્લા છ મહિનાથી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા 51 વર્ષીય કર્મચારી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત 6 જુલાઈએ તેમના WhatsApp પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. ઠગોએ કંપનીના માલિકના નામે આ નંબર રાખ્યો હતો અને પ્રોફાઈલ પિક્ચરમાં પણ માલિકનો ફોટો રાખ્યો હતો. મેસેજમાં એક બેંક ખાતાની વિગતો મોકલી તેમાં 95.80 લાખ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. મેસેજ માલિક તરફથી જ આવ્યો હોવાનું માનીને એકાઉન્ટન્ટે કોઈ શંકા કરી નહોતી. કંપનીના નાણાકીય વ્યવહારો સંભાળતા હોવાથી તેમણે સૂચન મુજબ તરત જ ઓનલાઈન માધ્યમથી 95.80 લાખ રૂપિયા સંબંધિત ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. ઠગોએ એકાઉન્ટન્ટને બીજા દિવસે ફરી એ જ નંબર પરથી મેસેજ કર્યો હતો. આ વખતે અન્ય એક બેંક ખાતામાં 1.26 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે કહેવામાં આવ્યું હતું. અગાઉની રકમ કરતાં પણ મોટી રકમ હોવાથી એકાઉન્ટન્ટને શંકા ગઈ હતી. તેથી તેમણે સીધા ઓફિસમાં જઈને માલિક સાથે આ વ્યવહાર અંગે વાત કરી હતી. આ સમયે માલિકે સ્પષ્ટતા કરી હતી કે તેમણે એકાઉન્ટન્ટને અગાઉ કે તે દિવસે આવો કોઈ મેસેજ કર્યો જ નહોતો. આ સાંભળીને એકાઉન્ટન્ટને પોતાની સાથે સાયબર ઠગાઈ થઈ હોવાનું સમજાયું હતું.

# ખાખી શર્મસાર ! દારૂના નશામાં ધૂત PSIએ કાર ઠોકી, બાદમાં સસ્પેન્ડ

### લોકોએ ઘેરાવ કરી પીએસઆઈને પકડી લીધો

**અમદાવાદ**

અમદાવાદ શહેરના એમ ડિવિઝન ટ્રાફિક પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. (PSI) ભરત પંડ્યાનો નશાની હાલતમાં સાબરમતી વિસ્તારમાં કાર હંકારીને અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાબાદ પી.એસ.આઈ.ને સ્થાનિક લોકોએ ઘેરી લીધા હતા. આ સમગ્ર ઘટના બાદ, સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. 'એમ' ડિવિઝનના વિશાલા બીટ ઈન્ચાર્જ PSI ભરત વેણીશંકર પંડ્યા સામે ગંભીર નોંધ લઈને નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક પશ્ચિમ), અમદાવાદ શહેર દ્વારા તેમને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

PSI ભરત પંડ્યાની કારમાંથી દારૂની 9 જેટલી નાની-મોટી બોટલો મળી આવી હતી. આ ઘટનામાં તેમની સામે નશાની હાલતમાં હોવા બદલ તેમજ દારૂનો જથ્થો રાખવા બદલ બે અલગ-અલગ ફરિયાદો નોંધવામાં આવી છે.

# માસૂમ ભત્રીજી પર સગા મોટાબાપુએ અશ્લીલ વીડિયો બતાવી આચર્યું દુષ્કર્મ

**અમદાવાદ**

અમદાવાદના રામોલ વિસ્તારમાં પારિવારિક સંબંધોને શર્મસાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક 12 વર્ષીય સગીરા પર તેના જ સગા મોટાબાપુએ અશ્લીલ વીડિયો બતાવીને દુષ્કર્મ આચર્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપીનો 4 વર્ષ પહેલાં પોતાની પત્ની સાથે ઝઘડો થતાં તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. નિરાધાર બનેલો આ શખસ ગત સપ્ટેમ્બર મહિનાથી તેના નાના ભાઈના ઘરે આશરો લઈને રહેતો હતો. આ દરમિયાન 15 સપ્ટેમ્બરના રોજ ઘરમાં અન્ય કોઈ સભ્ય હાજર ન હોવાનો લાભ ઉઠાવીને આરોપીએ બેડરૂમમાં સૂતેલી પોતાની સગી ભત્રીજીને બીભત્સ વીડિયો બતાવીને દુષ્કર્મ કર્યું હતુ. આટલેથી ન અટકતા આરોપીએ સગીરાને કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ જઘન્ય અપરાધ બાદ પણ આરોપી અવારનવાર ભત્રીજીની છેડતી કરતો રહ્યો હતો. મોટાબાપુની આ હરકતોથી ત્રસ્ત થઈને અંતે સગીરાએ પોતાની માતાની બહેનપણીને સમગ્ર આપવીતી જણાવી દીધી હતી. માતાની મિત્રએ આ ગંભીર બાબતની જાણ સગીરાની માતાને કરતા અને ત્યારબાદ માતાએ પોતાની પુત્રીને પૂછપરછ કરતા આરોપીનો ભાંડો ફૂટી ગયો હતો.

# વૈભવ શિંદે નામના ઠગે વિદેશ મોકલવાના બહાને આચર્યું લાખો રૂપિયાનું કૌભાંડ

### વિઝા ફાઇલ રિજેક્ટ થતા પૈસા પરત આપવાનો સ્પષ્ટ ઇનકાર, યુવતી સાથે વિશ્વાસઘાત

**અમદાવાદ**

નવરંગપુરા ખાતે કાર્યરત 'ફોર્ચ્યુન ઈન્ટરનેશનલ વિઝા કન્સલ્ટન્સી'ના માલિક વૈભવ શિંદે વિરુદ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. આ કૌભાંડમાં લક્ઝમબર્ગ, નોર્વે અને આયર્લેન્ડ જેવા દેશોમાં વર્ક વિઝા અપાવવાની લાલચ આપીને ભોગ બનનાર નાગરિકો પાસેથી કુલ 12.25 લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે.

શાસ્ત્રીનગરમાં રહેતી અને એચઆર (HR) તરીકે નોકરી કરતી 28 વર્ષીય કૃપા જોશીએ વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં ઓનલાઈન જાહેરાત જોઈને આ કન્સલ્ટન્સી ઓફિસનો સંપર્ક કર્યો હતો. કંપનીના માલિક વૈભવ શિંદે અને કર્મચારી ગણેશ સોનવણેએ લક્ઝમબર્ગના વર્ક વિઝા અને ત્યાં રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરી આપવાનો વિશ્વાસ આપી 9 લાખ રૂપિયાનો કુલ ખર્ચ જણાવ્યો હતો. યુવતીએ ચેક, ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ મારફતે ટુકડે ટુકડે કુલ 5.10 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. ત્યારબાદ વૈભવે નોર્વે અને આયર્લેન્ડના લેટર આપીને ફાઇલો મૂકી હતી.

આ તમામ દેશોની વિઝા ફાઇલ રિજેક્ટ થવા છતાં આરોપીઓએ અલગ-અલગ બહાના બનાવીને પીડિતોને ગોથે ચડાવ્યા હતા અને પૈસા પરત આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. આ કૌભાંડમાં માત્ર કૃપા જોશી જ નહીં, પરંતુ અન્ય બે વ્યક્તિઓ પણ ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદના SP રિંગ રોડ પર આકાર લેશે ૧૩ માળનું હાઈ-રાઈઝ AUDA ભવન

### આધુનિક બોર્ડ રૂમ, કોન્ફરન્સ હોલ, કમાન્ડ સેન્ટર અને લાઈબ્રેરી હશે

**અમદાવાદ**

શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) દ્વારા નવી પેઢીના વહીવટી મુખ્યાલય તરીકે સરદાર પટેલ રિંગ રોડ પર ભાટ સર્કલ પાસે એક અત્યાધુનિક "AUDA ભવન" નિર્માણ કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આશરે રૂ.૧૭૫ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર થનારી આ ઈમારતને IGBC (ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ) પ્લેટિનમ રેટિંગના લક્ષ્યાંક સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે ગુજરાતમાં પર્યાવરણાનુકૂળ સરકારી ઈમારતો માટે નવો માપદંડ સ્થાપિત કરશે. પ્રસ્તાવિત AUDA ભવન ૧૧,૭૬૦ ચોરસ મીટર (આશરે ૧.૨૬ લાખ ચોરસ ફૂટ) ના વિશાળ પ્લોટ વિસ્તારમાં આકાર લેશે. આ ઈમારતમાં બે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ૧૧ માળ સહિત કુલ ૧૩ સ્તરની સુવિધા સાથે ૪૫ મીટરની ઊંચાઈ ધરાવતું હાઈ-રાઈઝ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. ભવનની ડિઝાઈનમાં ક્લાઈમેટ-રેસ્પોન્સિવ આર્કિટેક્ચર, ડબલ ગ્લાસ ગ્લેઝિંગ (DGU), ઈન્સ્યુલેટેડ રૂફિંગ અને વિશાળ ગ્રીન સ્પેસનો સમાવેશ કરાયો છે, ભવનમાં આધુનિક બોર્ડ રૂમ, કોન્ફરન્સ હોલ, કમાન્ડ સેન્ટર અને લાઈબ્રેરી હશે.

# શંકરસિંહ સામે વિરોધનો વંટોળ : સવર્ણ સમાજ લાલઘૂમ, રસ્તા પર ઊતરવાની ચીમકી અપાઈ

### મેલુ ઉપાડવા અંગે શંકરસિંહ વાઘેલાએ વિવાદીત નિવેદન આપ્યું હતું

**અમદાવાદ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સવર્ણ સમાજ મુદ્દે વિવાદાસ્પદ નિવેદન આપતાં રાજકીય માહોલ ગરમાયો છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના પૂર્વ નેતા વરુણ પટેલે આ મુદ્દે જણાવ્યું છે કે, 'શંકરસિંહ વાઘેલા (બાપુ)એ સવર્ણ સમાજનું ઘોર અને ઘરાર અપમાન કર્યું છે. આ અપમાનને ચલાવી લેવામાં નહીં આવે. આ મુદ્દાને આગામી દિવસોમાં આક્રમક રીતે ઉઠાવવામાં આવશે.' પાટીદાર યુવાનો અને સામાજિક સંગઠનોએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે જો જરૂર પડશે તો વર્ષ 2015ના અનામત આંદોલનની જેમ ફરી એકવાર રાજ્યભરમાં રસ્તા પર ઉતરી દેખાવો કરવામાં આવશે. આ વિવાદને પગલે પાટીદાર, બ્રહ્મસમાજ સહિત અન્ય સમાજ અને વિવિધ સામાજિક સંગઠનો ટૂંક સમયમાં એક મહાબેઠક યોજવા જઈ રહ્યા છે. આ બેઠકમાં આગામી વ્યૂહનીતિ નક્કી કરવામાં આવશે. શંકરસિંહ વાઘેલા વિરૂદ્ધ શાતિઓ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવા બદલ કાનૂની કાર્યવાહી કરવાની પણ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. એવું પણ નક્કી કરાયુ છેકે, શંકરસિંહ વાઘેલાના જાહેર કાર્યક્રમનો વિરોધ કરવામાં આવશે, કે આ ઉપરાંત, એવુ અલ્ટીમેટમ આપ્યું છે કે જો પોતાના નિવેદન બદલ જાહેરમાં માફી નહીં માંગે, તો અનામત આંદોલનની જેમ રસ્તા પર ઉતરીશું.

# વિશ્વામિત્રીમાં પાણી લેવા ઉતરેલા પૂર્વ પોલીસ કર્મીને મહાકાય મગર ખેંચી ગયો

વડોદરા : વાઘોડિયા તાલુકામાં દેવ નદી તેમજ વિશ્વામિત્રી નદીમાં મગરો મોટી સંખ્યામાં હોવાને કારણે ઘણી વખત ગ્રામજનો ઉપર જીવલેણ હુમલાના બનાવો બનતા હોય છે. અગાઉ એક મહિલા તેમ જ એક કિશોરનો મગરે શિકાર કર્યો હોવાનો બનાવ બન્યો હતો. વાઘોડિયા તાલુકાના પાલડી ગામે આજે બપોરે આવો જ એક બનાવ બનતા ગ્રામજનોમાં શોકની લાગણી આપી છે. ફોરેસ્ટ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાલડી ગામે રહેતા ૬૧ વર્ષીય નરેશ પ્રીરુભાઈ ભાલીયા ઘડો લઈને પાણી ભરવા માટે નદી કિનારે ગયા હતા. આ વખતે અચાનક ઘડો હાથમાંથી છૂટી જતા તેઓ લેવાનો પ્રયાસ કરે ત્યાં જ એક મહાકાય મગરે તેમના પર તરાપ મારી હતી અને પાણીમાં ખેંચી ગયો હતો. આ દરમિયાન તેમનો પુત્ર તરત જ પાણીમાં કૂદી પડ્યો હતો પરંતુ પિતાને બચાવી શક્યો ન હતો.

### આડેધડ ડ્રાઈવિંગ અને ઓવરટેક કરવાની ઘેલછાને કારણે માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધ્યું

# ગુજરાતમાં રસ્તા પર ચાલવું બન્યું જોખમી : 3 વર્ષમાં 4,924 રાહદારીઓએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા!

ગુજરાતમાં આડેધડ ડ્રાઈવિંગ અને ઓવરટેક કરવાની ઘેલછાને કારણે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક હદે વધી ગયું છે. રસ્તા પર દોડતા બેફામ વાહનોના કારણે હવે નિર્દોષ રાહદારીઓ માટે રસ્તા પર ચાલવું પણ જોખમી બની ગયું છે. એક રિપોર્ટ અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં જ ગુજરાતમાં કુલ 4924 રાહદારીઓએ માર્ગ અકસ્માતમાં પોતાના જીવ ગુમાવ્યા છે. એવા તારણો બહાર આવ્યા છે કે, અકસ્માતોમાં જીવ ગુમાવનારાઓમાં 25થી 30 વર્ષના યુવા રાહદારીઓની સંખ્યા સૌથી વધુ છે. આ ઉપરાંત, 35થી 60 વર્ષની વયના પ્રૌઢ અને આધેડ વયના મૃતક રાહદારીઓની સંખ્યા પણ ચિંતાજનક રીતે વધુ નોંધાઈ છે. માર્ગ અકસ્માતમાં પરિવારના મુખ્ય કમાતા સભ્ય ગુમાવવાના કારણે ઘણાં પરિવારો નિરાધાર બન્યા છે. ગુજરાતમાં અકસ્માતોનો ગ્રાફ દર વર્ષે નવી સપાટી વટાવી રહ્યો છે. રાજ્યમાં દર વર્ષે સરેરાશ 15,000થી વધુ નાના-મોટા અકસ્માતો સર્જાય છે, જેમાં સરેરાશ 1500 જેટલા રાહદારીઓ કાળનો કોળિયો બની જાય છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને સ્પીડ કેઝ આ જીવલેણ અકસ્માતો જવાબદાર પરિબળો છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ભોગ બનનાર લોકોને હોસ્પિટલમાં તાકીદની (ઈમરજન્સી) સારવાર આપવા પાછળ સરકારી તંત્ર અને પરિવારો દ્વારા આશરે રૂપિયા 4.6 કરોડનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે.

નબળી માંગને કારણે ઓન્ટેરિયો, ક્યૂબેક અને બીસીમાં બેટરી પ્લાન્ટ્સ અને EV પ્રોજેક્ટ્સ પ્રભાવિત

# અબજોનું રોકાણ છતાં કેનેડામાં ઈલેક્ટ્રિક વાહનોના પ્રોજેક્ટ્સમાં વિલંબ અને ફેરફાર

**ક્યુબેક**

ફેડરલ અને પ્રાંતીય સરકારો ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગના ઝડપી વિકાસ પર અબજોનો દાવ લગાવે છે. પરંતુ ઓન્ટેરિયો, ક્યુબેક અને બ્રિટિશ કોલંબિયામાં મુખ્ય EV અને બેટરી પ્રોજેક્ટ્સ વિલંબિત થઈ રહ્યા છે. કેટલાક કિસ્સામાં ફેરફાર કરવાની નોબત આવી છે. કારણ કે ઓટોમેકર્સ અને સપ્લાયર્સ અપેક્ષા કરતા નબળી માંગની વાત રજૂ કરી રહ્યા છે.

સેન્ટ થોમસ, ઓન્ટેરિયોમાં ફોક્સવેગનનો વિશાળ પાવરકો બેટરી પ્લાન્ટ છે, જ્યાં "બજારની માંગમાં વધારો" થવાને કારણે ઉત્પાદન બે વર્ષ પાછળ ધકેલી દેવામાં આવ્યું છે. 2023માં જ્યારે પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી ત્યારે, પાવરકોએ કહ્યું હતું કે પ્લાન્ટ આખરે દર વર્ષે આશરે દસ લાખ ઈવી માટે પૂરતા બેટરી સેલ બનાવશે. મોર્ડ્યુ કહે છે કે તે બિનકાર્યક્ષમ લાગતું હતું. કારણ કે ફોક્સવેગનના મુખ્ય એસેમ્બલી ઓપરેશન્સ દક્ષિણ યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકોમાં છે, એટલે કે સેન્ટ થોમસમાં ઉત્પાદિત બેટરીઓને તેઓ જે વાહનોને પાવર આપવા માટે બનાવાઈ છે તે સુધી પહોંચવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડશે. VW એ કહ્યું છે કે પ્લાન્ટ તેની ઉત્તર અમેરિકન બેટરી વ્યૂહરચનાનો આધારસ્તંભ રહે છે અને ઉત્પાદન પાછળ ધકેલવા છતાં બાંધકામ ચાલુ રાખી રહ્યું છે. VW એ એમ પણ કહ્યું કે વિલંબ તેને નવી બેટરી ટેકનોલોજીનો સમાવેશ કરવાની અને માંગના વિકાસ સાથે ઉત્પાદનને સ્કેલ કરવાની મંજૂરી આપશે. ઈનોવેશન, સાયન્સ એન્ડ ઈકોનોમિક ડેવલપમેન્ટ કેનેડાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફેડરલ સરકારે સેન્ટ થોમસ બેટરી પ્લાન્ટના નિર્માણમાં અત્યાર સુધી $700 મિલિયનનું યોગદાન આપ્યું છે, અને નોંધ્યું છે કે ઉત્પાદન સબસિડીમાં $13.2 બિલિયન સરકારો દ્વારા સંમત થયેલા ત્રીજા ભાગ માટે ઓન્ટેરિયો જવાબદાર છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર, 2026 ના બીજા ક્વાર્ટરમાં બેટરી-માત્ર EVના નવા નોંધણીઓમાં 37.4 ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના સમયની તુલનામાં છે. જ્યારે હાઈબ્રિડનો સમાવેશ થાય છે, ત્યારે કેનેડિયનોએ ક્વાર્ટર દરમિયાન 58,811 નવા શૂન્ય-ઉત્સર્જન વાહનો નોંધાવ્યા, જે 26.7 ટકા વધુ છે. કાયરિયાઝીસ કહે છે કે રોકાણો કેનેડાને સુસંગત રાખવા વિશે છે કારણ કે વૈશ્વિક ઓટો ઉદ્યોગ ગેસોલિનથી ચાલતા વાહનોથી ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે.

# કેનેડામાં વિદેશી એજન્ટોની નોંધણીનો વિવાદ માત્ર ૩૦ લોકો દ્વારા પોતાની વિગતો જાહેર

## માત્ર 1 ટકા જેટલી જ નોંધણી થતાં વિપક્ષી સાંસદોનો યોજનાની અસરકારકતા પર સવાલો

**ટોરોન્ટો**

કેનેડાના નવા 'ફોરેન ઈન્ફ્લુએન્સ કમિશનર' (વિદેશી પ્રભાવ અંગેના કમિશનર) જણાવે છે કે મંગળવાર સુધીમાં માત્ર ૩૦ લોકોએ જ તેમની કચેરી સમક્ષ વિદેશી સરકારો અથવા વિદેશી સંસ્થાઓ માટે કામ કરતા હોવાની વિગતો જાહેર કરી છે. 'પબ્લિક સેફ્ટી કેનેડા'ના અંદાજ મુજબ કેનેડામાં આશરે ૨,૪૨૨ વિદેશી એજન્ટો સક્રિય છે, તેની સરખામણીએ આ સંખ્યા ઘણી ઓછી છે. આ બાબતે વિપક્ષી સાંસદોએ સવાલો ઉઠાવ્યા છે કે, લિબરલ સરકારની આ નોંધણી યોજના કેટલી અસરકારક સાબિત થશે. વિદેશી સરકારો અને સંસ્થાઓ દ્વારા સ્થાનિક રાજકારણમાં ગુપ્ત રીતે કરવામાં આવતી દખલગીરી અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને લિબરલ સરકાર દ્વારા 'વિદેશી પ્રભાવ પ્રવૃત્તિઓ' માટેની આ રજિસ્ટ્રી (નોંધણી યાદી) બનાવવામાં આવી હતી. તે કેનેડામાં રહેતા લોકો અથવા સંસ્થાઓને વિદેશી દેશો સાથેના કાયદેસરના કામકાજ અંગેની પ્રવૃત્તિઓ જાહેરમાં જાહેર કરવાની સુવિધા આપે છે. પરંતુ ૩ ઓક્ટોબરની અંતિમ તારીખ સુધીમાં, જાહેર રજિસ્ટ્રીમાં માત્ર બે જ નામ હતાં, અને અન્ય આશરે ૩૦ નામોની ચકાસણી 'ફોરેન ઈન્ફ્લુએન્સ કમિશનર' એન્ટન બોગમેનની કચેરી દ્વારા કરવામાં આવી રહી હતી. કન્ઝર્વેટિવ સાંસદ માઈકલ કૂપરે નોંધ્યું હતું કે, જો 'પબ્લિક સેફ્ટી કેનેડા'ના અંદાજો સચોટ હોય, તો તેનો અર્થ એ થાય કે માત્ર એક ટકા વિદેશી એજન્ટોએ જ કાયદાનું પાલન કર્યું છે. વિપક્ષના પ્રશ્નોના જવાબમાં, બોગમેને નોંધ્યું હતું કે તેમની કચેરીમાં નોંધણી કરાવવાની આવશ્યકતા એક નવી બાબત છે.

# ગુમ થયેલા વિમાનમાં સવાર હતા ચાર કેનેડિયન ક્રૂ સભ્યો અને બે નાગરિકો

**ઓન્ટેરિયો**

શનિવારે વહેલી સવારે બર્મુડાથી બોસ્ટન જઈ રહેલું મેડિકલ એર ટ્રાન્સપોર્ટ જેટ ગુમ થઈ ગયું હતુ. આ ઘટના અંગે યુ.એસ. કોસ્ટ ગાર્ડે ચાર કેનેડિયનોના નામ જાહેર કર્યા છે, જેઓ શનિવારે વહેલી સવારે બર્મુડાથી બોસ્ટન જઈ રહેલા મેડિકલ એર ટ્રાન્સપોર્ટ જેટમાં સવાર હતા.

સોમવારે રાત્રે, કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, કેનેડિયન ક્રૂમાં ઓકવિલે (ઓન્ટેરિયો)ના ફિલિપ ગ્રેગરી ચિલ્ડરહોઝ, બ્રાન્ટફોર્ડ (ઓન્ટેરિયો) ના થોમસ હેનરી ફાર્ક્વર, નાયગ્રાની નર્સ સારાહ જેન પેટન અને જોલીન બેથ વીયરનો સમાવેશ થતો હતો. આ ક્રૂ સભ્યો હેમિલ્ટનની 'લેટિટ્યુડ એર એમ્બ્યુલન્સ' દ્વારા સંચાલિત ગલ્ફસ્ટ્રીમ G100 જેટમાં બર્મુડાથી યુનાઈટેડ સ્ટેટ્સ જઈ રહેલા બે બર્મુડિયન નાગરિકો સાથે રવાના થયા હતા. દિવસની શરૂઆતમાં બર્મુડા સરકારે વિમાનમાં સવાર બર્મુડિયન નાગરિકોની ઓળખ ૬૬ વર્ષીય મેરિલીન લેવોન બીન અને તેમના ૪૧ વર્ષીય પુત્ર સર્જિયો વેઈન લોટિમોર તરીકે કરી હતી. કોસ્ટ ગાર્ડે પુષ્ટિ કરી હતી કે, તેઓ જ મુસાફરો હતા.

# ઈમરાન ખાનની પાર્ટીને પાક.ના PM શરીફે વાટાઘાટોનું આમંત્રણ આપ્યું

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે મંગળવારે વિપક્ષી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ને વાટાઘાટોનું આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે વિવાદાસ્પદ મુદ્દાઓનો ઉકેલ સંવાદ દ્વારા લાવવો જોઈએ. સાથે જ તેમણે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન દ્વારા સ્થાપિત પાર્ટીને ઈસ્લામાબાદ તરફની તેની લાંબી કૂચને રદ કરવા અપીલ કરી હતી. પીટીઆઈએ ખૈબર-પ પ્રૂનખ્વાના લક્કી મારવત શહેરથી બે દિવસ પહેલાં ઈસ્લામાબાદ તરફ લોંગ માર્ચ શરૂ કરી હતી. આગામી દિવસોમાં રાજધાની પ હોંચીને ધરણાં યોજવાનો અને ઈમરાન ખાનને મુક્ત કરાવવા સરકાર પર દબાણ લાવવાનો પાર્ટીનો હેતુ છે. શરીફે કહ્યું કે રાજકીય મુદ્દાઓનો વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવાના પ્રયાસો છતાં કમનસીબે ફરી એકવાર લોંગ માર્ચના "ભયાનક પડછાયા" દેખાઈ રહ્યા છે.ઈમરાન ખાનની પાર્ટીએ રાજકીય મતભેદોનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે સતત બે દિવસ સરકાર તથા તેના સહયોગી અને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરી હતી. શરીફે કહ્યું, "કમનસીબે, એવું થઈ શક્યું નહીં. તેમનો એકમાત્ર હેતુ એ હતો કે વાટાઘાટો સફળ ન થાય."

# ટોરોન્ટો મ્યુનિસિપલ ચૂંટણી : એડવાન્સ વોટિંગનો પ્રારંભ અને મેયરપદની રેસમાં મોટો ફેરફાર

## ચૂંટણીના મેદાનમાંથી હટી જવા મેયરપદના ઉમેદવાર ક્રિસ એલેક્ઝાન્ડરની જાહેરાત

**ટોરોન્ટો**

ટોરોન્ટો શહેરમાં એડવાન્સ વોટિંગ શરૂ થઈ ગયું છે, અને તે જ સમયે ક્રિસ એલેક્ઝાન્ડરે મેયરપદની રેસમાંથી ખસી જવાની જાહેરાત કરી છે. ૬ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર દરમિયાન, ટોરોન્ટોના રહેવાસીઓ મેયર, સિટી કાઉન્સિલર અને સ્કૂલ બોર્ડના ટ્રસ્ટીઓ માટે મતદાન કરવા દરરોજ સવારે ૧૦થી સાંજે ૭ વાગ્યા સુધી તેમના નિર્ધારિત મતદાન મથકો પર જઈ શકે છે. ઘણા રહેવાસીઓને ટપાલ દ્વારા તેમનું 'વોટર ઈન્ફોર્મેશન કાર્ડ' મળ્યું હશે, જેમાં એડવાન્સ વોટિંગ




અને ચૂંટણીના દિવસના મતદાન - બંને માટેના સ્થળોની વિગતો આપવામાં આવી છે. લોકો શહેરની 'MyVote' વેબસાઈટની મુલાકાત લઈને પણ મતદાર યાદીની માહિતીની પુષ્ટિ કરી શકે છે. તેમાં સુધારો કે અપડેટ કરી શકે છે, મતદાનના સ્થળો જાણી શકે છે અને તેમના ઉમેદવારો કોણ છે તે જોઈ શકે છે. જો લોકો 'MyVote'નો ઉપયોગ ન કરી શકતા હોય, તો તેઓ આ માહિતી મેળવવા માટે ૩૧૧ (311) નંબર ઉપર ફોન પણ કરી શકે છે. મતદાન કરવા માટે લોકોએ એવો ઓળખપત્ર (ID) બતાવવો જરૂરી છે. જેમાં તેમનું નામ અને ટોરોન્ટોનું સરનામું હોય.

ટોરોન્ટો શહેરમાં મતદાન માટે ઓળખપત્ર જરૂરી છે, પરંતુ મતદાન કરવા માટે તમે વિવિધ પ્રકારના ઓળખપત્રો સાથે લાવી શકો છો.

# મુસાફરોને ઝટકો : ત્રણ એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો, ટિકિટ થશે મોંઘી

## એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એરલાઈન્સે 9 ઓક્ટોબરથી ફ્યુઅલ સરચાર્જ વધારવાની જાહેરાત કરી

**નવી દિલ્હી**

હવાઈ મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે હવે ફ્લાઈટ ટિકિટ મોંઘી થવા જઈ રહી છે. એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ નવા દરો ૯ ઓક્ટોબરથી થનારી નવી બુકિંગ પર લાગુ થશે. આ ફેરફારને કારણે ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં અંતર પ્રમાણે મુસાફરોએ હવે ૪૦૦ રૂપિયાથી લઈને ૧૨૦૦ રૂપિયા સુધીનો વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. એરલાઈન્સ કંપનીઓના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તરે વધતા તણાવને કારણે એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવ સતત વધી રહ્યા છે. કોઈપણ એરલાઈન માટે ઈંધણનો ખર્ચ સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ઈંધણના વધતા ભાવને પગલે કંપનીઓ પર આર્થિક બોજ વધતાં આ સરચાર્જ વધારવાની ફરજ પડી છે.

એર ઈન્ડિયાએ એપ્રિલ ૨૦૨૬માં ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે અંતરના આધારે ફ્યુઅલ સરચાર્જ લાગુ કર્યો હતો. તે સમયે ૦ થી ૫૦૦ કિલોમીટરની ઉડાન પર ૨૯૯ રૂપિયા, ૫૦૧થી ૧૦૦૦ કિલોમીટર પર ૩૯૯ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિલોમીટર પર ૫૪૯ રૂપિયા, ૧૫૦૧ થી ૨૦૦૦ કિલોમીટર પર ૭૪૯ રૂપિયા અને ૨૦૦૦ કિલોમીટરથી વધુ અંતરની ઉડાન પર ૮૯૯ રૂપિયા સરચાર્જ વસૂલવામાં આવતો હતો.

હવે આ તમામ સ્લેબમાં વધારો કરવામાં આવ્યો છે. એર ઈન્ડિયામાં હવે ૦ થી ૫૦૦ કિમીના અંતર માટે ૪૦૦ રૂપિયા, ૫૦૧ થી ૧૦૦૦ કિમી માટે ૬૦૦ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિમી માટે ૮૫૦ રૂપિયા અને ૧૫૦૧ કિમીથી વધુના અંતર માટે ૧૨૦૦ રૂપિ યા સરચાર્જ ચૂકવવો પડશે. સૌથી ટૂંકા રૂટ પર ૧૦૧ રૂપિયા અને લાંબા રૂટ પર ૪૫૧ રૂપિયા સુધીનો વધારો થયો છે. એર ઈન્ડિયા એક્સપ્રેસમાં ૯ ઓક્ટોબર રાત્રે ૧૨:૦૦ વાગ્યાથી અને એર ઈન્ડિયામાં સવારે ૧૧:૦૦ વાગ્યાથી આ નવા દરો લાગુ થશે.

અકાસા એરે પણ ૯ ઓક્ટોબર રાત્રે ૧૨:૦૧ વાગ્યાથી નવો સરચાર્જ લાગુ કર્યો છે. સ્થાનિક ફ્લાઈટ્સમાં ૦ થી ૫૦૦ કિમી માટે ૩૭૫ રૂપિયા, ૫૦૧ થી ૧૦૦૦ કિમી માટે ૬૦૦ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિમી માટે ૯૦૦ રૂપિયા અને ૧૫૦૧ કિમીથી વધુ અંતર માટે ૧૧૫૦ રૂપિયા ચાર્જ લાગશે. આ ઉપરાંત કુવૈત, કતાર, સાઉદી અરેબિયા, યુએઈ, થાઈલેન્ડ અને વિયેતનામ જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પ્રતિ મુસાફર ૨૫૦૦ રૂપિયા નવો ફ્યુઅલ સરચાર્જ લેવામાં આવશે.

# રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી ઉપર ફરી FIR : પોલીસ સાથે ધક્કામુક્કી, ડ્યુટીમાં વિઘ્ન ઊભું કરવાનો આરોપ

## દિલ્હી પોલીસે હાલ 91 જેટલા લોકોની અટકાયત કરી કાર્યવાહી કરી, INDIA બ્લૉકનું પ્રદર્શન

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસ દ્વારા બુધવારે કોંગ્રેસના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત મારપીટ કરવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના ગંભીર આક્ષેપ હેઠળ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં પ્રદર્શન દરમિયાન બનેલી ઘટનાઓની તપાસ શરૂ કરવામાં આવી છે.



પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો. આ દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત રીતે ધક્કામુક્કી અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાની ઘટનાઓ સામે આવી હતી. હાલ પોલીસ વિરોધ પ્રદર્શન દરમિયાન વીડિયો ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે કોની કઈ ભૂમિકા રહી હતી તેની સઘન તપાસ કરી રહી છે. બુધવારે યોજાયેલા આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ રાહુલ ગાંધીએ INDIA બ્લોકના અન્ય નેતાઓ સાથે મળીને રસ્તા પર કર્યું હતું. પ્રદર્શન ઉગ્ર બનતા પોલીસે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે અને સંસદો અને નેતાઓ સહિત કુલ 91 લોકોની અટકાયત કરી હતી. હાલ દિલ્હી પોલીસ એફઆઈઆર નોંધ્યા બાદ કાયદાકીય કાર્યવાહી અને આગળની તપાસની પ્રક્રિયા હાથ ધરી રહી છે.

# પ. બંગાળમાં મિથુન ચક્રવર્તીને સરકારી સલાહકાર બનાવાયા, મળ્યો કેબિનેટ મંત્રીનો દરજ્જો

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં સીએમ સુવેન્દુ અધિકારીએ અભિનેતામાંથી રાજકારણમાં આવેલા મિથુન ચક્રવર્તીને સરકારી સલાહકાર તરીકે નિયુક્ત કરીને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. આ ભૂમિકા માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો આપે છે. અભિનેતામાંથી રાજકારણી બનેલા મિથુન ચક્રવર્તી લાંબા સમયથી બંગાળના રાજકારણમાં સક્રિય છે. હવે, રાજ્ય સરકારે તેમને માહિતી અને સાંસ્કૃતિક બાબતોને લગતા મુદ્દાઓ માટે સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આ વિભાગ સરકાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. કારણ કે તે રાજ્યની માહિતી પ્રણાલીઓ, સંસ્કૃતિ અને કળા સાથે સીધો સંબંધ ધરાવે છે. સુવેન્દુ અધિકારી આ વિભાગનો કાર્યભાર સંભાળે છે.

# પટનાથી લખનઉ આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટ પર વીજળી પડી

## પ્લેનમાં સવાર તમામ 104 મુસાફરોને બહાર કઢાયા

**પટના**

પટનાથી લખનઉ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ખરાબ હવામાન વચ્ચે આકાશી વીજળીની ઝપેટમાં આવી ગઈ હતી. લગભગ 17 હજાર ફૂટની ઊંચાઈ પર થયેલી આ ઘટના બાદ વિમાનને લખનઉ એરપોર્ટ પર સુરક્ષિત ઉતારવામાં આવ્યું છે. વીજળી પડવાને કારણે વિમાનના આગળના ભાગને નુકસાન પહોંચ્યું હતું. આ પછી પાયલોટે વિમાનને લખનઉ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યું હતું. ફ્લાઈટ નંબર 6E 925 પટનાથી લખનઉ આવી રહી હતી. વિમાનમાં કુલ 104 મુસાફરો સવાર હતા. ઘટના બાદ તમામ મુસાફરોને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કોઈપણ મુસાફર ઘાયલ થયા હોવાના સમાચાર નથી. આ ઘટના ત્યારે બની જ્યારે વિમાન ખરાબ હવામાન વચ્ચે લગભગ 17,000 ફૂટની ઊંચાઈ પર ઉડી રહ્યું હતું. અચાનક આકાશી વીજળી વિમાન સાથે અથડાઈ ગઈ, જેના કારણે તેના આગળના ભાગને નુકસાન થયું હતું.

# દિલ્હીમાં 4 માળની જર્જરિત ઈમારત તૂટી પડી મહિલા સહિત 3ના મોત, 11 લોકોનું રેસ્ક્યૂ

## રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ, 11 ઈજાગ્રસ્તોને રાજીવ ગાંધી હોસ્પિટલમાં ખસેડાયા

**નવી દિલ્હી**

દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે એક અત્યંત કરુણ હોનારત સર્જાઈ હતી. માત્ર 25 વારના પ્લોટ પર બનેલી ચાર માળની ઈમારત અચાનક પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈને રસ્તા પર ગડી પડી હતી. આ ભયાનક અકસ્માતમાં ગર્ભવતી મહિલા અને 2 બાળકો સહિત કુલ 3 લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે મલબા નીચે દબાયેલા 11 લોકોને સલામત રીતે બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઈમારત ધરાશાયી થવાની ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની 4 ગાડીઓ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ડીસીપી આર. મીણાના જણાવ્યા અનુસાર, મલબા નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે તાત્કાલિક ધોરણે મોટું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કાટમાળમાંથી ઉગારેલા 11 ઈજાગ્રસ્તોમાં 3 વર્ષના બાળકના મમ્મી-પપ્પા સહિત 56 વર્ષીય મોમિન મિર્ઝા, 28 વર્ષીય અબ્દુલ રહેમાન, 50 વર્ષીય સલમા અને અન્ય લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દુર્ઘટનામાં 3 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં 21 વર્ષીય ગુલફસા (જે ચાર મહિનાની ગર્ભવતી હતી), એક 12 વર્ષની બાળકી અને અન્ય એક બાળકનો સમાવેશ થાય છે. ઘટનાના લીધે સીમાપુરી ગોળ ચક્કર અને ડીએલએફ ભોપુરા રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

# પંજાબના CM ભગવંત માનની કેમ્પ ઑફિસ અને તેમના OSDના ઘરે સીબીઆઈએ દરોડા

## હાઈકોર્ટના આદેશ બાદ કાર્યવાહી, રાજબીર સિંહના ઘરે સાંજે 6.15 વાગ્યે દરોડા

**ચંડીગઢ**

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનની કેમ્પ ઑફિસ અને તેમના OSDના ઘરે CBIએ દરોડા પાડ્યા હતા. પંજાબ-હરિયાણા હાઈકોર્ટે ભ્રષ્ટાચારના આરોપોની તપાસ અને કેસ નોંધવાનો સીબીઆઈને આદેશ આપ્યાના એક દિવસ બાદ ચંડીગઢમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી. સોમવારે થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે CBIને આ દાવાઓની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. CBIએ ચંડીગઢમાં ભગવંત માનની કેમ્પ ઑફિસ અને તેમના ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યુટી રાજબીર સિંહ ઘુમણના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી. ઘુમણના ઘરે સાંજે 6.15 વાગ્યે દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ કેસ પંજાબ સરકારમાં હાઈ લેવલ ભ્રષ્ટાચાર વિશે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. આ મુદ્દે ભગવંત માને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર પ્રતિક્રિયા આપતા લખ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ પંજાબની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મારી કેમ્પ ઑફિસ પર CBIના દરોડા પાડવામાં આવ્યા છે. હવે પંજાબ સરકાર અને મને બદનામ કરવા માટે પંજાબમાં ED અને CBIનો દુરુપયોગ કરવામાં આવશે. મને લોકો તરફથી મળી રહેલા પ્રેમ અને સમર્થનથી BJP ગભરાઈ ગઈ છે તેમ તેમણે જણાવ્યું હતું. હાઈકોર્ટના આદેશ બાદ CBI તપાસ શરૂ થતા સમગ્ર પંજાબના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે અને ચર્ચા તેજ બની છે.

# તેલંગાણામાં બસમાં વિદ્યાર્થિનીને સ્પર્શ મામલે કોંગ્રેસ MLA વિવાદમાં

## માલેરેડ્ડી રંગા રેડ્ડીને સમન્સ પાઠવવાની ઉગ્ર માંગ કરાઈ

**હૈદરાબાદ**

તેલંગાણામાં ઈબ્રાહિમપટ્ટનમના કોંગ્રેસ ધારાસભ્ય માલેરેડ્ડી રંગા રેડ્ડી પર બીઆરએસ દ્વારા ચાલુ સરકારી બસમાં વિદ્યાર્થિનીને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો ગંભીર આરોપ લગાવાયો છે. વાયરલ થયેલા વીડિયોમાં ધારાસભ્ય બે વિદ્યાર્થિનીઓ સાથે મહાલક્ષ્મી મફત બસ યોજના વિશે વાતચીત કરી રહ્યા છે. જેમાં વિદ્યાર્થિનીઓએ એક વર્ષથી લાભ લેતા વાર્ષિક 45,000 રૂપિયાની બચત થતી હોવાનું જણાવ્યું હતું. આ ચર્ચા દરમિયાન ધારાસભ્યે એક યુવતીનો હાથ પકડતાં મોટો વિવાદ સર્જાયો છે. વીડિયો વાયરલ થયા બાદ બીઆરએસ નેતા આર. એસ. પ્રવીણ કુમારે આકરો વિરોધ નોંધાવતા સવાલ કર્યો કે સ્પર્શ કરવાની શું જરૂર હતી? તેમણે આ વર્તનને મહિલા સન્માનને ઠેસ સમાન ગણાવી આયોગ પાસે સમન્સની માંગ કરી છે. સાથે જ શી ટીમની ગેરહાજરી મુદ્દે સવાલો ઉઠાવીને બસ કંડક્ટરની ફરિયાદના આધારે ગુનો નોંધવા કહ્યું છે. જોકે, ધારાસભ્ય રંગા રેડ્ડીએ આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી બચાવ કર્યો હતો.

# આંધ્ર પ્રદેશમાં ઓપરેશન ફાયરવોલ પાકિસ્તાન જાસૂસી નેટવર્કનો પર્દાફાશ

## બે ઝડપાયા, કર્મચારીઓ સહિત 18 શંકાસ્પદો તપાસ હેઠળ

**અમરાવતી**

આંધ્ર પ્રદેશ કાઉન્ટર ઈન્ટેલિજન્સ સેલે પાકિસ્તાન-આધારિત ઓપરેટિવ્સ સાથે જોડાયેલા જાસૂસી નેટવર્ક વિરુદ્ધ ઓપરેશન ફાયરવોલ 2026 હેઠળ કાર્યવાહી કરી હતી. ગત ગુરુવારે બે શંકાસ્પદો અન્નમ સાઈ વરપ્રસાદ અને પ્રદીપ મુખર્જીની ધરપકડ કરાઈ હતી. કુલ 18 શંકાસ્પદો તપાસ હેઠળ છે જેમાં 13 નૌકાદળના કર્મચારીઓ છે. વરપ્રસાદ નૌકાદળના અધિકારીઓ માટે કોન્ટ્રાક્ટ ડ્રાઈવર હતો અને રક્ષા સંસ્થાઓની માહિતી પાકિસ્તાનને આપી નાણાં લેતો હતો, વિશાખાપટ્ટનમથી ઝડપાયો હતો. મુખર્જી નેવલ બેઝનો કર્મચારી છે, કોઈમ્બતુરથી ઝડપાયો હતો, તેણે વોટ્સએપ માટે ઓટીપી શેર કરી માહિતી આપી હતી. બંને જ્યુડિશિયલ કસ્ટડીમાં છે શંકાસ્પદો સંવેદનશીલ માહિતી એન્ક્રિપ્ટેડ ચેનલથી મોકલતા હતા. 2 સપ્ટેમ્બરે વિજયવાડામાં ગુનો નોંધાયો હતો.

# Jioએ નેટવર્ક યોજના રજૂ કરી, 1,600 લો અર્થ ઓર્બિટ ઉપગ્રહો, 23 ગ્રાઉન્ડ સ્ટેશન સ્થાપિત કરશે

**મુંબઈ**

મુંબઈથી દિલ્હીમાં યોજાયેલી IMC 2026માં Jioએ પોતાની નવી પેટન્ટેડ ટેકનોલોજી અને ભવિષ્યના ડિજિટલ વિઝનની ઝલક રજૂ કરી હતી. આકાશ અંબાણીએ કહ્યું કે Jio સમગ્ર ડિજિટલ વિઝન દુનિયા સમક્ષ રજૂ કરવા માંગે છે. તેમણે સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને જણાવ્યું કે JioAirFiber ટાવરથી લગભગ 7 કિલોમીટર સુધી કનેક્ટિવિટી આપવામાં સક્ષમ હશે, જે જાણી મંત્રી ઉત્સાહિત દેખાયા હતા. IMC 2026ની 10મી આવૃત્તિનું આયોજન ટેલિકોમ વિભાગ અને COAI દ્વારા 7થી 10 ઓક્ટોબર દરમિયાન દિલ્હીમાં થઈ રહ્યું છે. આકાશ અંબાણીએ કહ્યું કે ઉદ્દેશ્ય ભારતને ટેક્નોલોજીનો ઉપયોગકર્તા નહીં, નિર્માતા બનાવવાનો છે અને વડાપ્રધાનનું વિઝન પ્રેરણા આપે છે. Jioએ તાજેતરમાં 10 વર્ષ પૂર્ણ કર્યા છે, જે મોટી તક છે. Jioએ સેટેલાઈટ કનેક્ટિવિટી યોજના રજૂ કરી, 1,600 લો અર્થ ઓર્બિટ સેટેલાઈટ અને 23 ગ્રાઉન્ડ સ્ટેશન સ્થાપવાની યોજના છે, જ્યાં જમીન આધારિત નેટવર્ક મુશ્કેલ છે. તેને સોવરીન સેટેલાઈટ કનેક્ટિવિટી તરીકે રજૂ કરાઈ છે, જેમાં ડિઝાઈનથી પ્રક્ષેપણ સુધીની વેલ્યુ ચેઈન ભારતમાં રાખવાનો લક્ષ્ય છે. ગુરુવારે વડાપ્રધાન મોદીએ 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું, કહ્યું કે 5G દરેક જિલ્લામાં પહોંચ્યું છે, 5.5 લાખથી વધુ બેઝ સ્ટેશન છે અને ઝડપ 2022 કરતા 10 ગણી વધી છે. Jio 2030 સુધીમાં 400-450 સેટેલાઈટ મોકલશે અને IN-SPACe પાસેથી મંજૂરી મેળવી છે.

# ટેન્કમાં સફાઈ કરતી વખતે ઝેરી ગેસ લીક થતાં મથુરાના ગુરૂકુળમાં 4 વિદ્યાર્થિનીના મોત થયા

**વૃંદાવન**

વૃંદાવનના ચૈતન્ય બિહાર સ્થિત મહર્ષિ પાણિનિ સંસ્કૃત ગુરુકુલમાં મંગળવારે રાત્રે એક મોટી અને દુઃખદ દુર્ઘટના સર્જાઈ હતી. સબમર્સિબલ પાણીની ટેન્કની સફાઈ કરવા ઊતરેલી ચાર વિદ્યાર્થિઓનું ઝેરી ગેસની ઝપેટમાં આવવાથી દુઃખદ મોત થયું છે, જ્યારે એક વિદ્યાર્થી રુદ્રની હાલત ગંભીર છે. ચાર બાળકોના મોતથી અફરાતફરી મચી ગઈ. તાત્કાલિક ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ ઉપરાંત ડીએમ, એસએસપી અને મ્યુનિસિપલ કમિશનર પહોંચ્યા અને ઘાયલ બાળક તથા ગુરુકુલમાં રહી રહેલા બાળકો પાસેથી ઘટનાની માહિતી લીધી. જિલ્લા મેજિસ્ટ્રેટ સી.પી. સિંહે જણાવ્યું કે, ગુરુકુલમાં આશરે 12 ફૂટ ઊંડી સબમર્સિબલ પાણીની ટેન્કમાંથી દુર્ગંધ આવતા ગુરુકુલના વિદ્યાર્થીઓ તેની સફાઈ માટે ઊતર્યા હતા. સૌથી પહેલા એક વિદ્યાર્થી સફાઈ માટે ટાંકીની અંદર ઊતર્યો. પરંતુ અંદર હાજર ઝેરી ગેસની અસરથી તે તરત જ બેભાન થઈ ગયો. બહાર ઊભેલા સાથીઓએ તેને બોલાવ્યો પરંતુ કોઈ જવાબ ન મળતા મદદ માટે એક પછી એક કરીને 4 અન્ય વિદ્યાર્થીઓ પણ ટેન્કમાં ઊતરી ગયા. ઝેરી ગેસના કારણે તમામ વિદ્યાર્થીઓ અંદર જ અચેત થઈ ગયા, ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી તમામ વિદ્યાર્થીઓને ટેન્કમાંથી બહાર કાઢીને તરત જ હોસ્પિટલ પહોંચાડ્યા. જોકે, ડૉક્ટર્સે તપાસ બાદ 4 વિદ્યાર્થીઓને મૃત જાહેર કરી દીધા છે. મૃતક વિદ્યાર્થીઓની ઓળખ એમપીના જબલપુરના રહેવાસી 20 વર્ષીય મનુ કટારે, એમપીના 18 વર્ષીય દેવાંશ, મેરઠના રહેવાસી 17 વર્ષીય વિશુ અને પ્રયાગરાજ નિવાસી 17 વર્ષીય આર્યન પાંડે તરીકે થઈ છે. જ્યારે એક 18 વર્ષીય વિદ્યાર્થી રુદ્રાક્ષની સ્થિતિ ગંભીર છે અને સારવાર ચાલુ છે.

# 'તાનાશાહી સામે લડવા જૂના મતભેદો ભૂલો', સામના દ્વારા ઉદ્ધવ ઠાકરેની 2 પક્ષોને સલાહ

**મુંબઈ**

ઉદ્ધવ ઠાકરેએ આપ અને દ્રવિડ મુનેત્ર કઝગમ એટલે કે ડીએમકેને કોંગ્રેસ સાથેના મતભેદો ભૂલીને એકસાથે આવવાની અપીલ કરી છે. પક્ષના મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે, કથિત તાનાશાહી સામે લડવા માટે વિપક્ષી પક્ષોએ એક થવું જોઈએ. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ઈન્ડિયા ગઠબંધનના પ્રદર્શનમાં આપી અને ડીએમકે સામેલ ન થતાં આ અપીલ કરવામાં આવી છે. શિવસેના યુબીટીના મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં મતદાર યાદીઓની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા સર સામે થઈ રહેલા વિરોધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. AAP અને કોંગ્રેસ વચ્ચે મતભેદો હોવા છતાં દેશને કથિત તાનાશાહીથી મુક્ત કરાવવાના હેતુથી બંને પક્ષોએ સાથે આવવું જોઈએ.

# જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ 5 આતંકી મદદગારની ધરપકડ કરી

## સૈન્યએ આતંકવાદીઓના ષડયંત્રને નિષ્ફળ બનાવી દીધું

**કુલગામ**

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. જેમાં આતંકવાદ વિરોધી ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ કુલગામમાંથી પાંચ આતંકી મદદગારની(OGW) ધરપકડ કરી છે. તેમની પાસેથી બે પિસ્તોલ, ત્રણ મેગેઝિન, 9 એમએમ દારૂગોળાના 40 રાઉન્ડ અને ત્રણ હેન્ડ ગ્રેનેડ મળી આવ્યા હતા. ગુપ્ત માહિતીના આધારે કુલગામ પોલીસ, 9 રાષ્ટ્રીય રાઈફલ્સ અને સીઆરપીએફની 18મી બટાલિયને કુલગામ જિલ્લાના ખેરવાન ચકુર વિસ્તારમાં એક વિશેષ અભિયાન હાથ ધર્યું હતું. આ અભિયાન દરમિયાન આતંકવાદી સંગઠનોના પાંચ સહયોગીઓની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા OGWs (ઓવર-ગ્રાઉન્ડ વર્કર્સ)માં તાજમ્મુલ હુસૈન મીર રહમત અલી નાઈકુ તહરીમ અહ□દ ભટ, મંજૂર અહમદ ભટ અને કિફાયત અહમદ દારનો સમાવેશ થાય છે. સુરક્ષા દળોની સમયસરની કાર્યવાહીએ આ વિસ્તારમાં શાંતિ ડહોળવાના અને કોઈ મોટી ઘટનાને અંજામ આપવાના આતંકવાદીઓ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું.

# SIRમાં મુસ્લિમોના નામ કાઢવા બોગસ ફોર્મ-7 જમા કરાવનાર ભાજપ એજન્ટ સામે ફરિયાદ

## હૈદરાબાદના ચિક્કડપલ્લીમાં પ્રથમ FIR, મુશીરાબાદમાં પ્રી-પ્રિન્ટેડ ફોર્મ-7 લઈ પહોંચ્યો

**હૈદરાબાદ**

તેલંગાણામાં મતદાર યાદીમાંથી નામ હટાવવા બોગસ ફોર્મ-7 જમા કરાવવા મામલે પ્રથમ FIR નોંધાઈ હતી. હૈદરાબાદના ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં ભાજપના બૂથ લેવલ એજન્ટ એસ. બાલચંદર વિરુદ્ધ કાર્યવાહી કરાઈ હતી. આરોપ છે કે તેણે મુશીરાબાદ વિધાનસભા મતક્ષેત્રના 30 મુસ્લિમ મતદારોના નામ હટાવવા ફોર્મ-7 જમા કરાવવાનો પ્રયાસ કર્યો હતો. આ કાર્યવાહી SIR હેઠળ દાવા-વાંધા પ્રક્રિયા પૂરી થવાના એક દિવસ પહેલા થઈ હતી.

પોલીસે મુશીરાબાદના ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર ટી. પ્રવીણ કુમાર રેડ્ડીની ફરિયાદ પર FIR નોંધી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે બાલચંદરે જે ફોર્મ-7 જમા કરવાનો પ્રયાસ કર્યો તેમાં મતદારોના નામ પહેલાથી જ પ્રિન્ટ કરેલા હતા. વિરોધીઓએ આ પ્રી-પ્રિન્ટેડ ફોર્મને પાર્ટી કાર્યાલયમાંથી કેન્દ્રીય રીતે તૈયાર કરાયાનો પુરાવો ગણાવ્યો હતો. બહાદુરપુરા અને ગોશામહલમાંથી પણ આવી જ પ્રિન્ટેડ ફોર્મ મળ્યાની વાત કહેવાય છે. FIR મુજબ બાલચંદર 28 સપ્ટેમ્બર 2026ના રોજ મતદાન મથક નંબર 210ના BLO પાસે 30 પ્રી-પ્રિન્ટેડ ફોર્મ લઈ પહોંચ્યો હતો. BLO અને સુપરવાઈઝરે ફોર્મ લેવાનો ઈન્કાર કર્યો હતો, છતાં તેણે વારંવાર વિનંતી કરી અને છેવટે પરિસરમાં મૂકી જતો રહ્યો હતો. 1 ઓક્ટોબરે ફિલ્ડ વેરીફિકેશનમાં 30 લોકો મુશીરાબાદના નિવાસી મળ્યા હતા, જેમાં કોંગ્રેસનો એક BLA પણ હતો. બાલચંદર સામે BNSની કલમ 217, 318(2) અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1950ની કલમ 31 હેઠળ કેસ નોંધાયો છે.

# નવરાત્રીમાં ત્વચાની સંભાળ રાખવાના સરળ ઉપાયો

નવરાત્રીના પાવન તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ચણિયાચોળી, મેચિંગ જ્વેલરી અને ગરબાના સ્ટેપ્સની તૈયારીઓ તો પૂર્ણ થઈ ગઈ હશે, પરંતુ જો રોજિંદી દોડધામ, કામના ટેન્શન કે પ્રદૂષણને કારણે તમે સ્કિનકેર પર પૂરતું ધ્યાન આપી નથી શક્યા અને ચહેરો નિસ્તેજ તથા કરમાયેલો (DULL) દેખાઈ રહ્યો છે, તો ચિંતા કરવાની બિલકુલ જરૂર નથી. છેલ્લી ક્ષણોમાં પણ થોડી ખાસ અને યોગ્ય સંભાળ રાખીને તમે તમારી ત્વચાને કુદરતી રીતે ચમકદાર, સોફ્ટ અને ગ્લોઇંગ બનાવી શકો છો. નવરાત્રીના દિવસો શરૂ થાય તે પહેલાં ત્વચામાં ઈન્સ્ટન્ટ ચમક અને કુદરતી નિખાર લાવવા માટેની ખાસ એન્ડ મૂમેન્ટ ટિપ્સ છે.

## જેન્ટલી એક્સફોલિએટ કરો

છેલ્લા દિવસોમાં ત્વચાની ઉપર જમા થયેલા મૃત કોષો (Dead Cells) અને ધૂળ-માટી દૂર કરવા ખૂબ જરૂરી છે. આ માટે કોઈ કેમિકલયુક્ત સ્ક્રબના બદલે માઈલ્ડ હોમમેડ સ્ક્રબનો ઉપયોગ કરો. તમે ઘરે જ ચોખાનો ઝીણો લોટ અને દહીં અથવા મધ અને દળેલી સાકર મિક્સ કરીને નેચરલ સ્ક્રબ બનાવી શકો છો. તેનાથી ત્વચાનાં છિદ્રો ઊંડેથી સાફ થશે અને ચહેરો તરત જ સોફ્ટ, સ્મૂધ અને બ્રાઈટ દેખાશે. (ધ્યાન રાખો કે અઠવાડિયામાં માત્ર ૨ વાર જ હળવા હાથે સ્ક્રબ કરવું).

**હાઈડ્રેશન છે સૌથી મહત્ત્વનું પાસું :** ગરબા રમતી વખતે પુષ્કળ પરસેવો થાય છે, તેથી ત્વચાનું અંદરથી અને બહારથી હાઈડ્રેટેડ રહેવું ખૂબ જ જરૂરી છે.

**અંદરથી હાઈડ્રેશન :** દિવસ દરમિયાન ઓછામાં ઓછું ૩થી ૪ લિટર પાણી પીવો. આ ઉપરાંત નાળિયેર પાણી, લીંબુ શરબત, તાજાં ફળોનો જ્યૂસ કે છાશનું સેવન કરો, જે ત્વચાને અંદરથી ગ્લો આપશે.

**બહારથી હાઈડ્રેશન :** તમારી સ્કિન ટાઈપ મુજબનું લાઈટવેઈટ મોઈશ્ચરાઈઝર નિયમિત લગાવો. રાત્રે સૂતા પહેલાં હાઈડ્રેટિંગ સિરમ (જેમ કે હાઈલુરોનિક એસિડ) કે ગુલાબજળ ચોક્કસ વાપરો.

## ગ્લો માટે નેચરલ ફેસ પેક

છેલ્લી ઘડીએ પાર્લરમાં જઈને નવી કેમિકલ ટ્રીટમેન્ટ્સ કે પીલ કરવાના પ્રયોગો ટાળો. તેના બદલે આ સુરક્ષિત ઘરેલુ ફેસ પેક અપનાવો.



**બેસન, ચંદન અને હળદર પેક :** ૨ ચમચી બેસનમાં ૧ ચમચી ચંદન પાઉડર, ચપટી હળદર, થોડું દૂધ અને ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર ૧૫ મિનિટ લગાવો. આ પરંપરાગત પેક ત્વચાનો રંગ નિખારે છે અને ટેનિંગ દૂર કરે છે. પપૈયા અને મધનો પેક પાકેલા પપૈયાને મેશ કરી તેમાં ૧ ચમચી મધ ઉમેરી ચહેરા પર લગાવી ૧૦ મિનિટ રાખવાથી ત્વચાને તરત જ અદ્ભુત ઈન્સ્ટન્ટ ગ્લો મળે છે.

## આઈસ રોલિંગ અને મસાજ

ગરબા માટે મેકઅપ કરતા પહેલાં અથવા રાત્રે સૂતા પહેલાં ચહેરા પર રૂમાલમાં બરફનો ટુકડો લપેટીને હળવો મસાજ કરો. આનાથી ચહેરાનું બ્લડ સરક્યુલેશન વધશે, ઓપન પોર્સ નાના થશે, ફેસ પરનું પફીનેસ દૂર થશે અને તમારો મેકઅપ પણ લાંબા સમય સુધી ફ્રેશ ટકી રહેશે.

## પૂરતી ઊંઘ અને હેલ્ધી ડાયટ

નવરાત્રીના થોડા દિવસ પહેલાં મોડે સુધી જાગવાનું ટાળો અને ઓછામાં ઓછી ૭થી ૮ કલાકની શાંત ઊંઘ લો. વધારે તળેલું, મસાલેદાર કે જંક ફૂડ ખાવાનું ટાળો, કારણ કે તે ચહેરા પર ખીલ લાવી શકે છે. તેના બદલે સૂર્યમુખીનાં બીજ, બદામ, લીલાં શાકભાજી અને મોસમી ફળોનું સેવન કરો. આ સરળ, ઝડપી અને નેચરલ ટિપ્સ અપનાવીને તમે ખૂબ જ ઓછા સમયમાં તમારી ત્વચાને હેલ્ધી, ફ્રેશ અને ગ્લોઈંગ બનાવી શકો છો, જેથી આ નવરાત્રીએ ગરબાના સ્ટેપ્સની સાથે તમારો ચહેરો પણ ઝળકી ઊઠશે.

# ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટી-૨૦ ટીમનું એલાન, ૪ વર્ષ બાદ ભુવીની વાપસી

## ઐયરના સુકાન હેઠળ ટીમ ઇન્ડિયા ન્યૂઝીલેન્ડ સામે પાંચ ટી-૨૦ મેચ રમશે

**મુંબઇ ।** ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. પુરુષ પસંદગી સમિતિએ આગામી પ્રવાસ માટે ભારતની ટી૨૦ આંતરરાષ્ટ્રીય ટીમ અને ભારત 'એ' (A) ટીમની જાહેરાત કરી છે. ભારતે ન્યૂઝીલેન્ડ સામે પાંચ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સિરીઝ રમવાની છે, જ્યારે ભારત 'એ' (A) ની ટીમ ન્યૂઝીલેન્ડ 'એ' (A) સામે ત્રણ બહુ-દિવસીય મુકાબલાઓમાં ઉતરશે. વનડે અને ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત બાદમાં કરવામાં આવશે. ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેની ટીમમાં ચોંકાવનારી પસંદગી ટીમ ઈન્ડિયાના તેજીલા તોખાર ભુવનેશ્વર કુમારની ટીમમાં વાપસી છે. ભુવનેશ્વરને ફીવાર ટીમ ઈન્ડિયાની જરસીમાં રમતો જોઈ શકાશે. ટીમનું સુકાન શ્રૌયસ ઐય્યરને સોંપાયું છે જ્યારે વાઈસ કેપ્ટન પદે તિલક વર્માને જવાબદારી સોંપવામાં આવી છે.

**ટી-૨૦ ટીમ : શ્રોયસ ઐય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઇસ કેપ્ટન), અભિષેક શર્મા, સંજૂ સેમસન, વૈભવ સૂર્યવંશી, ઇશાન કિશન, અક્ષર પટેલ, શિવમ દુબે, નીતિશ રેડ્ડી, નમન ધીર, પ્રિન્સ યાદવ, મયંક યાદવ, અર્શદીપ સિંહ, ભુવનેશ્વર કુમાર, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ**

**ઇન્ડિયા- એ : ધ્રુવ જુરેલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, દેવદત્ત પડ્ડિક્લ, રવિચંદ્રન સ્મરણ, ઋષભ પંત (ફિટનેસને આધીન), વોશિંગ્ટન સુંદર, આકિબ નબી, આકાશ દીપ, અંશુલ કંબોજ માનવ સુથાર, મુકેશ ચૌધરી, સાઇ સુદર્શન, યશ રાઠૌડ અને મુકેશ કુમાર**

# આર્કટિક ઓપન : જાપાનની રિકોને હરાવી સિંધુ ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશી

## PV સિંધુએ જાપાનની ખેલાડીને સીધી ગેમમાં ૨૧-૧૫, ૨૧-૧૫થી હરાવી

**। વાંટા ।**

ફ્નિલેન્ડના વાંટા ખાતે રમાઈ રહેલી મ્ઉહલ આર્કટિક ઓપન ૨૦૨૬ સુપર ૫૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતની સ્ટાર શટલર પીવી સિંધુએ ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કર્યો છે. પીવી સિંધુએ વિમેન્સ સિંગલ્સની રાઉન્ડ ઓફ્ ૧૬ની મેચમાં જાપાનની રિકો ગુનજીને માત્ર ૩૪ મિનિટમાં ૨૧-૧૫, ૨૧-૧૫થી પરાજય આપ્યો હતો. આ મેચમાં કુલ રમાયેલા ૭૨ પોઈન્ટ્સમાંથી સિંધુએ ૪૨ પોઈન્ટ્સ જીત્યા હતા, જેમાં સતત આઠ પોઈન્ટ્સ જીતવાનો રેકોર્ડ



પણ સામેલ છે. અગાઉના રાઉન્ડમાં તેણે કેનેડાની વેન યુ ઝાંગને ૨૧-૮, ૨૧-૧૧થી હરાવી હતી. દરમિયાન, ભારતીય મેન્સ ડબલ્સ જોડી કૃષ્ણા પ્રસાદ ગરગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોય પ્રી-ક્વાર્ટર ફઈનલમાં ઈંગ્લેન્ડના ઓલિવર બટલર અને સેમ્યુઅલ જોન્સ સામે ટકરાશે.

યુવા ભારતીય શટલર તન્વી શર્માની ટૂર્નામેન્ટની સફ્ર રાઉન્ડ ઓફ્ ૧૬માં સમાપ્ત થઈ હતી. થાઈલેન્ડની ટોપ સીડ રચાનકો ઈન્તાનોને તેને ૨૧-૧૮, ૨૧-૭થી પરાજય આપ્યો હતો. પ્રથમ ગેમમાં તન્વીએ સારો મુકાબલો કર્યો હતો પરંતુ બીજી ગેમમાં પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ઈન્તાનોનનું પલડું ભારે રહ્યું હતું.

## ICC રેન્કિંગઃ શ્રેયસ કારકિર્દીના સર્વશ્રેષ્ઠ રેન્કિંગ પર પહોંચ્યો

# ગિલ વનડેમાં ટોચ પર યથાવત વૈભવ સૂર્યવંશીની લાંબી છલાંગ

દુબઈ: ભારતના ્૨૦ કેપ્ટન શ્રેયસ અય્યર બુધવારે T૨૦ ફોર્મેટના લેટેસ્ટ આઈસીસી રેન્કિંગમાં કારકિર્દીના સર્વશ્રેષ્ઠ સાતમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે વનડે કેપ્ટન શુભમન ગિલે ૫૦ ઓવરની બેટિંગ યાદીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. અય્યરની ૪૩ બોલમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગાથી સજ્જ અણનમ ૧૦૨ રનની ઈનિંગે ્૨૦ વિશ્વ ચેમ્પિયનને મંગળવારે લખનઉમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીની પ્રથમ મેચમાં આઠ વિકેટથી શાનદાર જીત અપાવી હતી. વિરાટ કોહલી બીજાથી ત્રીજા સ્થાને સરકી ગયો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી વનડેમાં શાનદાર સદી બાદ કેએલ રાહુલને સાત સ્થાનનો ફયદો થયો છે, જેનાથી તે ૧૦મા સ્થાનેથી ફી ટોપ ૧૦માં પાછો આવી ગયો છે.




### શ્રેયસને ૧૮ સ્થાનનો ફાયદો

**વેસ્ટઈન્ડિઝ સામે સદીથી અય્યરને ૧૮ સ્થાનનો ફયદો થયો છે, જેનાથી તે આ ફોર્મેટમાં ભારતનો ત્રીજો સર્વશ્રેષ્ઠ રેન્કિંગ ધરાવતો બેટ્સમેન બની ગયો છે. આઇસીસીના જણાવ્યા અનુસાર ઇશાન કિશન અને અભિષેક શર્મા ટોચના બે સ્થાનો પર જળવાઈ રહ્ય છે, જ્યારે તિલક વર્મા ૧૦મા સ્થાને છે, જેનાથી ભારતના ચાર બેટ્સમેન ટોપ-૧૦માં સામેલ થઈ ગયા છે. ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી આઠ સ્થાનના ફયદા સાથે ૪૬મા સ્થાને પહોંચી ગયો છે.**

# ઘૂંટણની ઇજાને લીધે યાનિક સિનરે ૨૦૨૬ની સીઝન વહેલા પૂરી કરી

બેઈજિંગ : ઈટાલીના સ્ટાર ટેનિસ ખેલાડી અને વર્લ્ડ નંબર-૧ યાનિક સિનરે ઘૂંટણની ઈજાના કારણે ૨૦૨૬ સીઝનને સમય કરતા પહેલા જ સમાપ્ત કરવાનો નિર્ણય



લીધો છે. સિનર જુલાઈથી આ ઈજા સામે ઝઝૂમી રહ્યો છે અને હવે તેણે પોતાના ઘૂંટણની સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો છે. સિનરે મંગળવારે સોશિયલ મીડિયા દ્વારા પોતાના નિર્ણયની જાણકારી આપી હતી. તેણે જણાવ્યું કે ડોક્ટરો સાથે ચર્ચા કર્યા બાદ તેણે ઘૂંટણ માટે સારવારનો એક કોર્સ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આના કારણે તેની ૨૦૨૬ની સીઝન સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગઈ છે. સિનરે કહ્યું, મેં ડોક્ટરો સાથે મળીને નિર્ણય લીધો છે કે મારે મારા ઘૂંટણની સારવાર કરાવવી જરૂરી છે. આનો અર્થ એ છે કે ૨૦૨૬ની સીઝન સત્તાવાર રીતે પૂરી થઈ ગઈ છે.'

# એશિયાડમાં ખરાબ પ્રદર્શન કરનાર દળનું ખેલ મંત્રાલય મૂલ્યાંકન કરશે

**। નવી દિલ્હી ।**

જાપાનમાં સંપન્ન થયેલી એશિયન ગેમ્સમાં ભારતીય દળના એકંદર પ્રદર્શનની પ્રશંસા કરવા છતાં, રમતગમત મંત્રાલય કેટલીક રમતોમાં ખેલાડીઓના પ્રદર્શનથી ખુશ નથી. મંત્રાલયનું સ્પષ્ટ માનવું છે કે કેટલીક રમતોમાં ખેલાડીઓએ તેમની ક્ષમતા મુજબનું પ્રદર્શન કર્યુ નથી. ખેલાડીઓના પ્રદર્શનની સઘન સમીક્ષા કરવા અને ખામીઓ શોધવા માટે ખેલ મંત્રાલય દ્વારા આગામી ૧૩ ઓક્ટોબરે નેશનલ સ્પોર્ટ્સ ફ્ડરેશન્સ સાથે એક વિશેષ બેઠક બોલાવવામાં આવી છે. મંત્રાલયના મતે, ઓવરઓલ ભારતીય ટીમનું પ્રદર્શન સરાહનીય રહ્યું છે. ખાસ કરીને તીરંદાજીમાં કુમકુમ મોહોદ, ગોલ્ફમાં પ્રણવી અને મહિલા હોકી ટીમના શાનદાર પ્રદર્શનની મંત્રાલયે વિશેષ પ્રશંસા કરી છે. રમતગમત મંત્રાલય હવે એશિયન ગેમ્સમાં ભારતીય દળના પ્રદર્શનનું સત્તાવાર મૂલ્યાંકન કરવા જઈ રહ્યું છે. આ મૂલ્યાંકનનો મુખ્ય ઉદ્દેશ્ય ૨૦૨૮માં યોજાનાર લોસ એન્જલસ ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને ખામીઓ દૂર કરવાનો અને તૈયારીઓને વધુ મજબૂત બનાવવાનો છે.

# ધનંજય ડી સિલ્વાએ ટેસ્ટના કેપ્ટનપદેથી રાજીનામું આપ્યું

**કોલંબો ।** શ્રીલંકાના ટેસ્ટ સુકાની ધનંજય ડી સિલ્વાએ ગુરુવારે કેપ્ટનશીપ છોડવાની જાહેરાત કરી છે. જાન્યુઆરી ૨૦૨૪માં કમાન સંભાળનાર ડી સિલ્વાએ પસંદગી સમિતિને પત્ર લખી જણાવ્યું કે હવે નવી પેઢીને નેતૃત્વ સોંપવાનો યોગ્ય સમય છે. જોકે, ૩૫ વર્ષીય ડી સિલ્વા સામાન્ય ખેલાડી તરીકે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. શ્રીલંકા ક્રિકેટના ઝઈર્ં એશલે ડી સિલ્વાએ તેના નેતૃત્વ અને ટેસ્ટ ક્રિકેટમાં આપેલા યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ડી સિલ્વાના રાજીનામા બાદ ગુરુવારે મળેલી પસંદગી સમિતિની બેઠકમાં કુસલ મેન્ડિસને નવો ટેસ્ટ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. મેન્ડિસ અગાઉથી જ વન-ડે અને ટી૨૦ ટીમનો કેપ્ટન હોવાથી હવે તે ત્રણેય ફોર્મેટનો સુકાની બની ગયો છે.





# મેસીની ફેરવેલ મેચમાં સ્ટેડિયમ બહાર ૧.૫ લાખ ચાહકો ઉમટ્યાં

## આર્જેન્ટિનાની જર્સીમાં છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમવા ઉતરેલા મેસીએ બે ગોલ ફટકાર્યા, રાષ્ટ્રગાન વાગતા મેસી ચોધાર આંસુએ રડી પડયો

**બ્યૂનસ આયર્સ :** ફૂટબોલ આઈકોન 'મેજિકલ મેસીક્નની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ બ્યુનોસ એરેસના એસ્ટાડિયો મોન્યુમેન્ટલ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. બેનિન સામેની આ મેચમાં મેસીના ૮૫ હજાર બાય હાર્ટ ચાહકો અંતિમ મેચના સાક્ષી બનવા ઉમટી પડયાં હતાં. સ્ટેડિયમ બહાર પણ ફ્રેન ફ્રેસ્ટમાં ૧.૫ લાખથી વધુ લોકો ઉમટયા પડયાં હતાં. આર્જેન્ટિનાની જર્સીમાં છેલ્લીવાર મેદાને ઉતરેલા 'ધ ગોટેક્ર બેનિન સામે બે શાનદાર ગોલ ફટકારીને આંતરરાષ્ટ્રીય ફૂટબોલને અલવિદા કહ્યું હતું. અત્યંત ભાવૂક આ ક્ષણમાં ચાહકો સાથે મેસી પણ પોતાની લાગણીઓ ના રોકી શકતા આર્જેન્ટિનાનું રાષ્ટ્રગાન વાગતા સમયે ચોધાર આંસુએ રડી પડયો હતો. ફ્રેન્ડલી મેચમાં આર્જેન્ટિનાએ બેનિનને ૩-૦થી પરાજય આપ્યો હતો. આર્જેન્ટિના માટે ૨૧ વર્ષની ગોલ્ડન કારકીર્દીમાં મેસીએ કુલ ૨૦૮ મેચ રમીને ૧૨૬ ગોલ ફટકારવાની સાથે ૬૮ અસિસ્ટ કર્યા છે.

# જરૂર ન હોય તો કહી દો, સ્વૈચ્છિક રીતે ટીમ છોડી દઈશ : રોનાલ્ડો

## રોનાલ્ડોએ પોર્ટુગીઝ ફૂટબોલ ફેડરેશનને જાણ કરી રોષ ઠાલવ્યો

**લિસ્બન :** પોર્ટુગલ ફૂટબોલ ટીમના દિગ્ગજ સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને ટીમના નવા કોચ જ્યોર્જ વચ્ચેનો આંતરિક વિવાદ હવે સપાટી પર આવી ગયો છે. કોચ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બાદ રોનાલ્ડોએ એક જાહેર નિવેદન બહાર પાડીને પોતાનો પક્ષ સ્પષ્ટ કર્યો છે અને જરૂર પડયે ટીમમાંથી સ્વેચ્છાએ ખસી જવાની તૈયારી દર્શાવી છે. કોચ જ્યોર્જના આક્ષેપો બાદ ફૂટબોલ જગતમાં મચેલા ખળભળાટ વચ્ચે રોનાલ્ડોએ આકરા શબ્દોમાં સ્પષ્ટતા કરી છે. રોનાલ્ડોએ પોર્ટુગીઝ ફૂટબોલ ફ્ડરેશનના પ્રમુખ પેડ્રો પ્રોએન્સાને સીધું જ જણાવી દીધું છે કે જો ટીમ મેનેજમેન્ટને તેની જરૂર ન હોય તો તેને સ્પષ્ટ કહી દેવામાં આવે, તે સ્વેચ્છાએ ટીમ છોડી દેવા તૈયાર છે. રોનાલ્ડોએ પોતાના નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈપણ સંબંધમાં સત્ય અને ભરોસો તેના માટે સર્વોપરી છે. પોતાના ૨૫ વર્ષના લાંબા કરિયરનો હવાલો આપતા રોનાલ્ડોએ કહ્યું કે તેણે ક્યારેય કોચના ટેકનિકલ કે રણનીતિક નિર્ણયોમાં દખલગીરી કરી નથી.



# વર્લ્ડ ચેમ્પિયન નેહા સાંગવાન સહિત 9 ભારતીય કુસ્તીબાજોને USAએ વિઝા નહીં આપતા બબાલ

## તમામને ઈન્ટરવ્યૂ માટે બોલાવી વિઝા નકારવાનું કારણ જણાવીને પાસપોર્ટ પરત અપાયા

**લાસવેગાસ**

અમેરિકાના લાસ વેગાસમાં 12 થી 18 ઓક્ટોબર દરમિયાન યોજાનારી U23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય કુસ્તીબાજો માટે ભાગ લેવો હવે ઘણો મુશ્કેલ જણાઈ રહ્યો છે. આ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે ભારતીય પહેલવાનોએ યુએસ એમ્બેસીમાં વિઝા માટે અરજી કરી હતી, પરંતુ 9 પહેલવાનોના વિઝા નકારી કાઢવામાં આવ્યા છે, જેમાં વર્ષ 2024માં U17 વર્લ્ડ ચેમ્પિયન રહેલી નેહા સાંગવાનનું નામ પણ સામેલ છે. વિઝા માટે અરજી કરનારા કુસ્તીબાજોને 7 ઓક્ટોબરે નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસીમાં વિઝા ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા, જે બાદ વિઝા નકારવાનું કારણ જણાવીને તેમના પાસપોર્ટ પરત કરી દેવાયા હતા.

U23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે યુએસ વિઝા અરજી કરનારા જે ભારતીય પહેલવાનોના વિઝા નકારવામાં આવ્યા છે, તેમને લઈને યુએસ એમ્બેસી તરફથી જણાવવામાં આવ્યું છે કે 20 વર્ષથી ઓછી ઉંમર અને રોજગાર ન હોવાના કારણે તેમની અરજીઓ નકારવામાં આવી છે. ભારતીય કુસ્તી મહાસંઘ (WFI) એ આ મામલે નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસીને આ કેસો પર પુનર્વિચાર કરવા અને 8 ઓક્ટોબરે વિઝા ઈન્ટરવ્યુ માટે બોલાવાયેલા પહેલવાનોને વિઝા આપવા વિનંતી કરી છે. 24 સહભાગીઓ તેમના વિઝા ઈન્ટરવ્યુ માટે એમ્બેસી ગયા હતા, જેમાં આ રમત સાથે જોડાયેલા 16 પહેલવાનો સામેલ હતા. પરંતુ કથિત રીતે નવ પહેલવાનોના વિઝા તેમની રોજગાર સ્થિતિ અને 20 વર્ષથી ઓછી ઉંમર હોવાને કારણે નકારી કાઢવામાં આવ્યા.

# ફ્રાંસમાં હજારો વિદ્યાર્થીઓ માર્ગો ઉપર ઉતરી પડ્યા : પોલીસ સાથે ગંભીર સંઘર્ષ

**પેરિસ**

ફ્રાંસમાં વિદ્યાર્થી આંદોલનની ‘સુનામી’ જાગી છે. હજારો હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સડકો ઉપર ઉતરી આવ્યા છે. તેઓ શાળાઓમાં શિક્ષકોના અભાવ કરતાં ફંડીંગ અને અનેક શાળાઓનાં મકાનોની જર્જરિત હાલત સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આંદોલનનો પ્રારંભ તો પેરિસમાંથી થયો, પરંતુ તે હવે સમગ્ર દેશમાં પ્રસરી રહ્યાં છે અને હવે તો તેમાં યુનિવર્સિટી સ્ટુડન્ટસ તથા અન્ય નાગરિકો પણ જોડાયા છે શરૂઆતમાં તો માત્ર ‘ચિનગારી’ લાગતું આંદોલન હવે ‘ભડકો’ બની ગયું છે. મંગળવાર, તા. ૭મી ઓક્ટો.ના દિને ફ્રાંસના આંતરિક બાબતો અંગેનાં મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશભરમાં આ આંદોલન વ્યાપી ગયું છે. તેમાં આશરે ૨,૬૬,૦૦૦થી વધુ આંદોલનકારીઓ જોડાયા છે. એકલાં પેરિસમાં જ ૫૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને નાગરિકો આ આંદોલનમાં જોડાયા છે.

# કાળા સમુદ્રમાં રશિયાના હુમલામાં બચેલા 3 ભારતીયની તબિયત સ્થિર

## દુતાવાસે ભારત પરત લાવવાની સંપૂર્ણ ખાતરી આપી

**લંડન**

કાળા સમુદ્રમાં રશિયાના ડ્રોન હુમલાનો ભોગ બનેલા તુર્કીયેના માલવાહક જહાજ 'એમવી રોયાદ મમાદોવ' પરથી બચાવી લેવાયેલા ત્રણ ભારતીય નાગરિકોની તબિયત હાલ સ્થિર છે. દૂતાવાસે તેમને તમામ પ્રકારની સહાય પૂરી પાડીને સુરક્ષિત રીતે ભારત પરત લાવવાની સંપૂર્ણ ખાતરી આપી છે.

કાળા સમુદ્રમાં રશિયાના ડ્રોન હુમલા બાદ તુર્કીયેના માલવાહક જહાજમાંથી બચાવવામાં આવેલા ત્રણ ભારતીય નાગરિકોની હાલત સ્થિર છે. તેમને રોમાનિયાથી સુરક્ષિત અને વહેલાસર રવાના કરવા માટે તમામ જરૂરી મદદ કરવાની ખાતરી આપવામાં આવી હોવાનું ભારતીય મિશને જણાવ્યું હતું.

રોમાનિયામાં ભારતીય દૂતાવાસના એક પ્રતિનિધિએ મંગળવારે જહાજમાંથી જીવિત બચેલા ત્રણ ભારતીય સાથે મુલાકાત કરી હતી. દૂતાવાસે જણાવ્યું કે તેમાંથી બે નાગરિકો એક હોટલમાં રોકાયા છે. જ્યારે ત્રીજા વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન પ્રાંતમાં જુદા જુદા ઓપરેશનમાં 18 આતંકવાદી ઠાર મરાયા

## સર્ચ ઓપરેશન હાથ ધરતાં આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો મળ્યો

**ઇસ્લામાબાદ**



પાકિસ્તાનમાં સુરક્ષા દળોએ અશાંત ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન પ્રાંતમાં અલગ અલગ ઓપરેશનમાં ૧૮ આતંકવાદીઓને ઠાર કર્યા હતા, એમ પાકના સરકારી મીડિયા અહેવાલમાં જણાવ્યું છે. ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં ગુપ્ત માહિતીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન ફિતના-અલ-ખ્વારીજના ૧૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. બલુચિસ્તાનના માસ્તુંગ જિલ્લામાં અલગ અલગ ઓપરેશન દરમિયાન પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા. તેમાં જણાવાયું છે કે આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. વિસ્તારમાં ક્લિયરન્સ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. તાજેતરના વર્ષોમાં ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન પ્રાંતમાં આતંકવાદી હુમલાઓમાં વૃદ્ધિ જોવા મળી છે. જેના કારણે સુરક્ષા દળોને આતંકવાદી વિરોધી અભિયાન વધુ તીવ્ર કરવાની ફરજ પડી છે.

# નેપાળમાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ

## અર્ઘાખાંચી ખાતે 84.4 મિમી વરસાદ પડ્યો, નાની નદીઓમાં જળસ્તર વધી શકે

**કાઠમંડુ**

નેપાળમાં ફરી એક વાર હવામાન પલટાયું છે. જેમાં બુધવારે અનેક વિસ્તારોમાં ભારે વરસાદ બાદ પશ્ચિમી જિલ્લાઓની નાની નદીઓમાં પાણીનું સ્તર વધવા અને અચાનક પૂર આવવાની શક્યતા અંગે ચેતવણી જાહેર કરવામાં આવી છે. તેમજ હજુ વધુ વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા દર્શાવાઈ છે.

આ અંગે નેપાળના જળવિજ્ઞાન અને હવામાન વિભાગના અહેવાલ મુજબ અર્ઘાખાંચી જિલ્લાના સિમાલપાની જળ માપન કેન્દ્ર પર ત્રણ કલાકમાં 84.4 મિમી વરસાદ નોંધાયો હતો. વિભાગે ચેતવણી આપી છે કે આ વિસ્તાર અને તેની આસપાસની નાની નદીઓમાં જળસ્તર વધી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે બાંકે અને બારદિયા જિલ્લાના વિવિધ સ્થળોએ ત્રણ કલાકના સમયગાળા દરમિયાન મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો, જેના કારણે



જળસ્તરમાં વધારો થવાની અને નાની નદીઓના પ્રવાહમાં અચાનક ઉછાળો આવવાની ચિંતા ઊભી થઈ છે. એક અલગ ચેતવણીમાં, વિભાગે જણાવ્યું હતું કે દારચુલા, બૈતાડી, બઝાંગ, ડોટી, દાદેલધુરા, બાંકે, બારદિયા, કૈલાલી અને કંચનપુરની નાની નદીઓ તેમજ આસપાસના વિસ્તારોમાં અચાનક પૂર આવવાનું મધ્યમ જોખમ રહેલું છે.

# ટ્રમ્પે નોબેલ પારિતોષિકની માગ સાથે કહ્યું કે, મેં 8 યુદ્ધમાં સમાધાન કરાવ્યું

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર દાવો કર્યો છે. વ્હાઈટ હાઉસથી આપેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, 'મેં 8 જેટલા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધી કોઈ અન્ય પ્રમુખે નથી કર્યું. આ કોઈ બડાઈ નથી પરંતુ વાસ્તવિક હકીકત છે.' તેમ જણાવી જણાવ્યું હતું. ને તેમણે ટૂંક સમયમાં જ વધુ એક મોટી સફળતા મળવાનો સંકેત પણ આપ્યો છે.

ટ્રમ્પ અગાઉ પણ ઘણી વખત નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે અને પોતાના ડિપ્લોમેટિક રેકોર્ડને આ પુરસ્કાર માટે લાયક ગણાવતા રહ્યા છે. જો કે, ફેક્ટ-ચેકર્સ દ્વારા તેમના આ દાવાઓને વારંવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા ઔપચારિક યુદ્ધો નહોતા અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને સવાલ કરવામાં આવ્યો કે શું આ કોઈ બાયોવેપન છે, ત્યારે તેમણે કહ્યું કે, અમે ટૂંક સમયમાં જ આ બાબતની સચોટ માહિતી મેળવી લઈશું. હાલ અમને એવું લાગતું નથી કે આ કોઈ બાયોવેપન છે.

# પોલેન્ડની શાળામાં વિદ્યાર્થીનો ટીચર સહિત 7 લોકો પર હુમલો

**રબાત**

પોલેન્ડની એક શાળામાં એક વિદ્યાર્થીએ છરી લઈને તેના સાથી વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં સાત લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું કે હુમલાખોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. ભયાનક હુમલામાં ઘાયલ થયેલા સાતમાંથી બેની હાલત ગંભીર છે. આ ઘટનામાં એક શિક્ષક અને છ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. ઓસ્ટ્રોલેકામાં એક શાળા સંકુલમાં ભયાનક ઘટના બની હતી. ઘટના બાદ એર એમ્બ્યુલન્સ અને હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું હતું. ખાનગી પ્રસારણકર્તાએ અહેવાલ આપ્યો કે હુમલાખોર એ જ શાળાનો 19 વર્ષનો વિદ્યાર્થી હતો અને હુમલો કર્યા બાદ ભાગી ગયો હતો. પોલીસે નારીવ નદીના કિનારે શહેરના કેન્દ્ર નજીક વિદ્યાર્થીની ધરપકડ કરી હતી.

# ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી અને જાપાનના કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલ મળ્યો

## કેમિસ્ટ્રીના 100 વર્ષ જૂના રહસ્યનું નિરાકરણ શોધ્યું

**સ્ટોકહોમ**

સ્વીડનની રોયલ એકેડમીએ વર્ષ ૨૦૨૬નો કેમિસ્ટ્રીનો નોબેલ સંયુક્ત રીતે બે વૈજ્ઞાનિકોને આપ્યો છે. ફ્રાન્સના હેનરી બી. કાગન. જાપાનના કેન્સો સોઆઈને રસાયણ વિજ્ઞાનનો નોબેલ અપાયો છે. આ વૈજ્ઞાનિકોએ કેમિકલના 100 વર્ષ જુના એક કોયડાનું સમાધાન શોધી કાઢ્યું છે. આ સંશોધને દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી બનાવવા માટે રાસાયણિક પ્રક્રિયા વિકસિત કરનારા વૈજ્ઞાનિકોના કામને નવી દિશા આપી છે. આપણા શરીરના લોહી, માંસ, પ્રોટીન એક જ પ્રકારના અણુથી બનેલા છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં હોમોચિરેલિટી કહેવામાં આવે છે. અમીનો એસિડ નામના અણુ પ્રોટીન બનાવે છે જે બે સ્વરુપમાં હોય છે. જોકે આપણા શરીરમાં માત્ર એક જ રૂપ મળે છે. બીજુ સ્વરૂપ પ્રકૃતિમાં બહુ જ ઓછુ દેખાય છે. જોકે જ્યારે વૈજ્ઞાનિક લેબમાં આ અણુ બનાવવામાં આવે તો બન્ને સ્વરૂપ બરાબર માત્રામાં બની જાય છે.

# અમેરિકામાં AI ડોક્ટરની એન્ટ્રી યુટાઉમાં પ્રિસ્ક્રિપ્શન લખી આપશે

**કાઠમંડુ**

અનેક સેક્ટર્સમાં અનેક નોકરીઓમાં સ્થાન લેનાર એઆઈની એન્ટ્રી ડોક્ટર તરીકે થઈ છે. અમેરિકાના યુટાઉમાં એઆઈ પ્રિસ્ક્રિપ્શન લખી આપશે. એઆઈ ડોક્ટરને ચોક્કસ દવાઓ લખવાની છૂટ આપવામાં આવી છે. આ સાથે જ અમેરિકામાં ચર્ચા શરૂ થઈ છે કે, એઆઈ ડોક્ટરની ભૂમિકા કેટલી આગળ જઈ શકે છે. એઆઈ ડોક્ટર હવેથી ખીલ (એકને)ની દવા લખી આપશે. આ માટે એઆઈ સિસ્ટમ દર્દી માટે સવાલો તૈયાર કરે છે ત્યારબાદ ફેશિયલ સ્કેન કરે છે. સ્કેન કર્યા બાદ તે ડોક્ટરોના લિમિટેડ લિસ્ટમાંથી ટ્રીટમેન્ટ શોધીને તેનું પ્રિસ્ક્રિપ્શન લખી આપે છે. રિપોર્ટ મુજબ, યુટાઉમાં ૧,૦૦,૦૦૦થી વધુ નાગરિકો ખીલ માટેની દવાઓ લઈ રહ્યા છે. સામાન્ય રીતે ડોક્ટરની એપોઈન્ટમેન્ટ માટેનો ૬૧ દિવસનો વેઈટિંગ ટાઈમ છે.




100થી વધુ સિનિયર્સ રંગબેરંગી પરિધાનમાં એકત્ર થયા; થેન્ક્સગિવિંગ, સિનિયર્સ ડે ની સંગીત, નૃત્ય અને મિત્રતાના ભાવ સાથે ઉજવણી

# પાનખરને આવકારવા “Happy Fall Y’all - Fall in Love” કાર્યક્રમ

## ગીતો, સોલો ડાન્સ અને જૂના પંજાબી ગીતો પર વિવિધ કૃતિઓ રજૂ થતાં જૂની યાદો તાજી થઈ, ભુપિન્દ્ર મુકર અને રેણુ કોહલીનું સન્માન

**બ્રામ્પ્ટન**

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા બ્રામ્પ્ટનના પોલ પેલેસ્કી રિક્રિએશન સેન્ટર ખાતે પાનખર ઋતુની સુંદરતાને આવકારવા માટે રંગારંગ **“Happy Fall Y’all - Fall in Love”** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લબના 100થી વધુ સિનિયર સભ્યો એકત્ર થયા અને મિત્રતા, સંગીત, નૃત્ય, હાસ્ય તથા સામુદાયિક ભાવનાથી ભરપૂર બપોરનો આનંદ માણ્યો હતો.

કેનેડાની પાનખર ઋતુની ઉષ્મા અને સુંદરતા સમગ્ર હોલમાં જોવા મળી હતી. મહિલા અને પુરુષ સભ્યો લાલ, નારંગી, પીળા, સોનેરી અને ભૂરા જેવા આકર્ષક પાનખરના રંગોના પરિધાનમાં સજ્જ થઈને આવ્યા હતા. બહાર બદલાતા પાંદડાના રંગો અને ઠંડા થતા હવામાન વચ્ચે આ ઉજવણીએ સિનિયર્સને મિત્રો સાથે ફરી મળવા અને સાથે મળીને આ સુંદર ઋતુનો આનંદ માણવાની તક આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના ચેરપર્સન જિયાન પોલે તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતુ. સાથે જ પાનખર ઋતુના વિશેષ મહત્ત્વ વિશે વાત કરી હતી. તેમણે પાનખરને સુંદર રંગો, કૃતજ્ઞતા, આત્મચિંતન અને પરિવર્તનની ઋતુ ગણાવી હતી. જિયાન પોલે જણાવ્યું કે, પાનખર આપણને યાદ અપાવે છે કે, જીવનની દરેક ઋતુની પોતાની આગવી સુંદરતા હોય છે. ખાસ કરીને સિનિયર્સ માટે આ સમય આપણી મિત્રતા, પરિવાર અને સમગ્ર જીવન દરમિયાન મળેલા આશીર્વાદોની કદર કરવાનો સુંદર અવસર છે. આ કાર્યક્રમ વિશેષ રીતે મહત્વપૂર્ણ છે. કારણ કે **FCFC** એકસાથે ત્રણ પ્રસંગો થેન્ક્સગિવિંગ, સિનિયર્સ ડે અને **‘Fall in Love’**ની ભાવનાની ઉજવણી કરી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે, થેન્ક્સગિવિંગ આપણને આભારી બનવાનું શીખવે છે. સિનિયર્સ ડે આપણને વડીલોની બુદ્ધિ, અનુભવ અને યોગદાનનું સન્માન કરવાની યાદ અપાવે છે, જ્યારે **‘Fall in Love’** આપણને યાદ અપાવે છે કે, જીવન, મિત્રતા, સંગીત, હાસ્ય અને એકબીજાના સાથને પ્રેમ કરવાની કોઈ ઉંમર હોતી નથી.

શરૂઆતના સંબોધન બાદ જ્યોતિ દડિયાલાએ માસ્ટર ઓફ સેરેમનીઝ (**MC**) તરીકે કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું અને ઉત્સાહ, રમૂજ તથા ઊર્જા સાથે સમગ્ર કાર્યક્રમને આગળ ધપાવ્યો હતો. સભ્યોનું સ્વાગત કરતાં તેમણે સૌને થોડા કલાકો માટે પોતાની ઉંમર ભૂલીને જીવનનો ભરપૂર આનંદ માણવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, **FCFC**ના કાર્યક્રમો માત્ર મનોરંજન પૂરતા મર્યાદિત નથી, પરંતુ સિનિયર્સને પોતાની પ્રતિભા રજૂ કરવા,મિત્રતા વધારવા અને સામાજિક રીતે સક્રિય રહેવા માટે એક સુંદર મંચ પણ પૂરો પાડે છે. મનોરંજન કાર્યક્રમ શરૂ થતાં સમગ્ર હોલમાં જબરદસ્ત ઉત્સાહ અને ઊર્જા છવાઈ ગઈ હતી. સભ્યોએ ઉત્સાહપૂર્વક ગીતો, સોલો ડાન્સ અને જૂના સદાબહાર પંજાબી ગીતો પર વિવિધ રજૂઆતો કરી હતી. જૂના ગીતોએ અનેક મધુર યાદોને તાજી કરી અને ઉપસ્થિત સભ્યોને પણ સાથે ગાવા અને નાચવા પ્રેરિત કર્યા હતા. કમલ બાબરા, પુષ્પિન્દર વાલિયા, હરમીત કુલાર, બલવિન્દર સંધુ, રમિન્દર ચૌહાણ, સવિન્દર કુલ તેમજ જ્યોતિ દડિયાલા અને તેમના ગ્રુપ દ્વારા વિશેષ રજૂઆતો કરાઈ હતી. જેને ઉપસ્થિત સૌએ ખૂબ જ પસંદ કરી તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

નૃત્ય અને ઊર્જાસભર ગિદ્ધાની રજૂઆતોએ ઉજવણીમાં વધુ રંગત ભરી દીધી હતી. આ રજૂઆતોએ સાબિત કર્યું કે સંગીત, સંસ્કૃતિ અને મિત્રતાનો આનંદ માણવા માટે ઉંમર ક્યારેય અવરોધ બની શકતી નથી. કાર્યક્રમની એક ખાસ અને ભાવનાત્મક ક્ષણ દરમિયાન ક્લબના વરિષ્ઠ સભ્યો ભુપિન્દ્ર મુકર અને રેણુ કોહલીને વિશેષ સન્માન આપવામાં આવ્યું. તેમની હાજરી અને સક્રિય ભાગીદારીને પ્રેમ અને આદર સાથે બિરદાવવામાં આવી હતી. જસવિન્દર દૈંદે આભારવિધિ રજૂ કરતાં મુખ્ય અતિથિ કાઉન્સિલર રોવેના સાન્તોસ, કલાકારો, સ્વયંસેવકો, એક્ઝિક્યુટિવ સભ્યો અને કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ સિનિયર સભ્યોનો કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ખાસ કરીને આયોજન, ભોજન વ્યવસ્થા, સજાવટ, હોલ સેટઅપ અને સમગ્ર કાર્યક્રમના સંકલન માટે પડદા પાછળ રહીને મહેનત કરનારા સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાપન પ્રવચનમાં જિયાન પોલે તમામ સભ્યોનો તેમના ઉત્સાહપૂર્ણ સહભાગ માટે આભાર માન્યો અને જણાવ્યું કે **FCFC**ની સફળતા તેના સભ્યોની સક્રિય ભાગીદારી અને સતત સહકારનું પરિણામ છે.

તેમણે કહ્યું, “ઉંમર વધવાનો અર્થ ખુશીઓથી દૂર થવું નથી. સક્રિય રહો, એકબીજા સાથે જોડાયેલા રહો, હસતા રહો અને જીવનને પ્રેમ કરતા રહો. આ જ ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબની સાચી ભાવના છે.”તેમણે સભ્યોને **FCFC**ના આગામી વિશેષ કાર્યક્રમ માટે 15 નવેમ્બર, 2026ની તારીખ પોતાના કેલેન્ડરમાં નોંધવા આમંત્રણ આપ્યું અને ફરી એકવાર સાથે મળીને આનંદ અને ઉજવણી કરવાની સુંદર તક મળશે તેમ જણાવ્યું હતુ.

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ સિનિયર્સ માટે સતત સામાજિક, સાંસ્કૃતિક, મનોરંજન, શૈક્ષણિક અને આરોગ્ય સંબંધિત કાર્યક્રમોનું આયોજન કરે છે. તેમાં સામુદાયિક ઉજવણીઓ, સેમિનાર, પ્રવાસો, બસ ટ્રિપ્સ અને સભ્યોને પોતાની પ્રતિભા રજૂ કરવાની વિવિધ તકોનો સમાવેશ થાય છે.ક્લબ સિનિયર્સમાં સામાજિક એકલતા ઘટાડવા માટે સતત પ્રયત્નશીલ છે અને તેમને એવું આવકારદાયક વાતાવરણ પૂરું પાડે છે જ્યાં સભ્યો નિયમિત રીતે મળી શકે, નવી મિત્રતા કરી શકે, શારીરિક અને સામાજિક રીતે સક્રિય રહી શકે તથા મહત્વપૂર્ણ સાંસ્કૃતિક અને સામુદાયિક પ્રસંગોની સાથે મળીને ઉજવણી કરી શકે.

### સિનિયર્સને આનંદ માણતા, એકબીજાને સહકાર આપતા જોવું ખરેખર આનંદદાયક : કાઉન્સિલર સાન્તોસેની કેફિયત

રિજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા અને FCFCના સભ્યોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતુ. તેમણે જણાવ્યું કે, “ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ જેવી સંસ્થાઓ સિનિયર્સને એકસાથે લાવવામાં અને મિત્રતા, મનોરંજન, સાંસ્કૃતિક ઉજવણી તથા સામુદાયિક ભાગીદારી માટે તકો ઊભી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આટલા બધા સિનિયર્સને આનંદ માણતા, એકબીજાને સહકાર આપતા જોવું ખરેખર આનંદદાયક છે. આપણા સિનિયર્સે આપણા સમાજના નિર્માણમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે અને તેઓ હંમેશાં જોડાયેલા, સન્માનિત અને ઉજવાતા રહે તે જરૂરી છે.” તેમણે બ્રામ્પ્ટનના સિનિયર્સ માટે સતત કાર્ય કરવા બદલ FCFC અને તેના સ્વયંસેવકોને અભિનંદન પાઠવ્યા હતા.

### ઓક્ટોબરમાં જન્મેલા વરિષ્ઠોના જન્મદિવસની ઉજવણી, કેક કપાઈ

કાર્યક્રમનું વધુ એક આકર્ષણ ઓક્ટોબર મહિનામાં જન્મેલા સભ્યોના જન્મદિવસની ઉજવણી હતું. FCFC પરિવારની શુભેચ્છાઓ, તાળીઓ અને આશીર્વાદ વચ્ચે આનંદમય કેક કટિંગ સેરેમની યોજાઈ હતી. આ પ્રસંગ ખાસ કરીને સુરિન્દર પનફેર માટે યાદગાર રહ્યો હતો. કારણ કે તેમણે પોતાનો 75મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ મહત્વપૂર્ણ પ્રસંગે તેમને સિટી ઓફ બ્રામ્પ્ટન તેમજ ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ તરફથી વિશેષ સન્માન આપવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સભ્યોએ સ્વાદિષ્ટ ભોજન, સંગીત, નૃત્ય, ગિદ્ધા, હાસ્ય અને મિત્રતાનો ભરપૂર આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમ FCFCની એ વિચારધારાનું સુંદર પ્રતિબિંબ હતો.




CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972
https://clubceramic.com Email : sales@clubceramic.com


HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21. Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
Free Staging
Free Professional Photography & virtual tour
Free Marketing, Flyers, Newspapers, Media Advertising
Free Comparative Market Analysis
Team of Professional for same price as hiring a single realtor
Over 15 years of combined experience
No Pressure
No Obligation
Just Answers to Your Questions..
Its that Simple!
JUST LISTED
82 Pennyhill McLevin/Neilson - Toronto
Welcome to this spacious and well-maintained 3-bedroom home, ideally located in a desirable, family-friendly neighbourhood. Offering a functional layout and generous living space, this home is perfect for growing families, first-time buyers, extended families, or investors seeking additional income potential.The inviting main floor features a family-sized eat-in kitchen with ample cabinetry and workspace, along with a walk-out to a spacious private backyard, perfect for family gatherings, outdoor entertaining, gardening, and summer enjoyment. The bright living and dining rooms provide a warm and comfortable space for everyday living and entertaining. Thefully finished basement with a separate entrance features a spacious one-bedroom apartment,offering excellent flexibility for extended family, guests, or potential rental income, along with abundant storage space. Enjoy parking for 4 cars and an excellent location close to schools, parks, shopping, TTC transit and minutes' drive to Hwy 401.A wonderful opportunity to own a spacious and versatile home in a convenient, family-friendlyneighbourhood!
JUST LISTED
Thickson Rd S and Burns St E - Oshawa
POSITIVE CASH FLOW PROPERTY, YES, YOU HEARD THAT RIGHT! Exceptional opportunity for homeowners and investors! This versatile Whitby detached bungalow on a rare 62-ft-wide lot generates $5,200/month in total rental income, including $2,800/month from the basement alone. First-time buyers can live upstairs and potentially enjoy almost mortgage-free living while benefiting from substantial rental income from the lower level. Great tenants already in place!The main level offers a spacious living room, kitchen, 4-piece bathroom and convenient powder room. The lower level provides excellent income potential and flexibility for extended family or additional living space. Step outside to a large deck and expansive backyard, perfect for entertaining, relaxing and family enjoyment. Enjoy public transit right at your doorstep, Whitby Mall and grocery stores within walking distance, and Highway 401 less than 1 minute away. Close to parks, schools, shopping, restaurants and everyday amenities. Whether you're an investor seeking strong rental income or a first-time buyer looking to reduce your housing costs, this property offers income, flexibility and an unbeatable location!
JUST LISTED
Sheppard/Morningside, Toronto
Welcome to 48 Dunthorne Crt, a well maintained freehold townhouse tucked away on a quiet cul de-sac in the heart of Malvern. This 3-bedroom, 2-bathroom home features a finished basement, offering extra living space for a growing family or an additional recreation room. Enjoy the convenience of an attached garage plus a private driveway that fits up to 3 cars with no maintenance fees. Ideally located just steps from Emily Carr Public School (French Immersion) and a nearby Catholic school, this home is perfect for families. Enjoy easy access to shopping, parks, TTC transit, and Hwy 401, making commuting and everyday errands a breeze. A fantastic opportunity in a family-friendly, sought-after neighbourhood!
You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.